
વર્ષ 2 અંક 05

1-15 સપ્ટેમ્બર, 2021

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

નિઃશુલ્ક વિતરણ




# સબકા પ્રયાસ
## નવા ભારતનો સંકલ્પ

**જનભાગીદારી દ્વારા જનકલ્યાણ અને જગકલ્યાણ માટે કર્તવ્યભાવથી પ્રેરાઈને વિકાસની નવી યાત્રાને જન આંદોલન બનાવવાનો**

**આ જ સમય છે, આ જ સમય છે, ભારતનો અણમોલ સમય છે**



# વિકાસની અમૃતગાથા

**કોરાનાના સમયમાં 75મા સ્વતંત્રતા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી તિરંગો ફરકાવીને દેશવાસીઓ સમક્ષ ભારતની વિજય યાત્રાનો સંકલ્પ કર્યો**

સ્વતંત્રતા દિવસનો સંપૂર્ણ
કાર્યક્રમ જોવા માટે ક્યુઆર
કોડ સ્કેન કરો

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર
વર્ષ 2 ,અંકઃ 05 | 1-15 સપ્ટેમ્બર, 2021

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,નવી દિલ્હી

પરામર્શ સંપાદક
**સંતોષકુમાર**

ટીમ
**વિભોર શર્મા, ચંદન કુમાર ચૌધરી, સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), કોટેરુ શ્રાવણી (તેલુગુ), નદીમ અહેમદ (ઉર્દુ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ)**

ડિઝાઈન ટીમ
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા, દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણઃ **અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020**



**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003
ઈમેલઃ response-nis@pib.gov.in



RNI No. :
DELGUJ/2020/78810


## અંદરના પાના પર....
# અમૃતકાળ બનશે નવા ભારતનો સર્જન કાળ





**કવર સ્ટોરી**
75મા સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લા પરથી ભવિષ્યના નવા ભારતના વિકાસની અમૃત યાત્રાનો શંખનાદ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પેજ 14-27



**રાજનેતા, જેમણે પોતાને શિક્ષક કહેવડાવવાનું વધુ પસંદ કર્યું**
શિક્ષક દિવસ પર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને દેશનાં નમન પેજ 6

**દીનદયાલ અંત્યોદય યોજનાઃ ગ્રામીણ ભારતને મળી નવી ઓળખ**



આત્મનિર્ભર ભારતને ગતિ આપી રહેલી નારીશક્તિ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંવાદ પેજ 10-11

**સમાચાર સાર**
પેજ 4-5

**ડિજિટલ પેમેન્ટની દુનિયામાં વધુ એક ક્રાંતિકારી પગલું**
સમાજના દરેક વર્ગને ધ્યાનમાં રાખીને ઈ-રૂપીની શરૂઆત પેજ 7-9

**પડકારો વચ્ચે આગળ વધી રહેલું ભારત**
75મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રપતિનો સંદેશ પેજ 12-13

**અન્નયોજનાએ ગરીબોને આત્મવિશ્વાસ આપ્યો**
ગરીબ કલ્યાણની દિશામાં ભારતની આગેકૂચ પેજ 28-30

**શિક્ષણ, સન્માન અને સલામતી માટે પ્રતિબધ્ધ સરકાર**
કેબિનેટની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો પેજ 31

**જનભાગીદારીથી જનઆંદોલન બન્યું પોષણ અભિયાન**
પોષણ અભિયાનની સફળતાના ચાર વર્ષ પેજ 32-34

**રાજ્યોને ઓબીસી યાદી નક્કી કરવાનો અધિકાર**
બંધારણમાં સુધારો કરીને પછાત વર્ગનું સશક્તિકરણ પેજ 35

**સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદમાં ભારતનું માન વધ્યું**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સલામતી પરિષદની અધ્યક્ષતા કરી પેજ 36-38

**દૂરદર્શનઃ પ્રસારણ સેવાનો પાયાનો પથ્થર**
15 સપ્ટેમ્બરે દૂરદર્શન દિવસ પર વિશેષ પેજ 39

**બ્રાન્ડ ઈન્ડિયાની મજબૂતીથી ભારત આત્મનિર્ભર બનશે**
સીઆઈઆઈની બેઠક અને ગુજરાત સમિટમાં પીએમનો સંવાદ પેજ 40-41

**બ્લુ રિવોલ્યુશન દ્વારા આર્થિક ક્રાંતિ**
પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજનાનું એક વર્ષ પેજ 42-44

**કર્ણાટકના ભાગીરથ** પેજ 45

**કોવિડ-19 રસીકરણઃ મજબૂત થતું સુરક્ષા ચક્ર** પેજ 51-52



**સત્યાગ્રહ**
આઝાદી કા અમૃત મહોત્સવ શ્રેણીમાં આ અંકમાં વાંચો વિનોબા ભાવે, દાદાભાઈ નવરોજી, ગોવિંદ વલ્લભ પંત અને ટી કે માધવન પેજ 46-50

# સંપાદકની કલમે.....

સાદર નમસ્કાર

જનભાગીદારી એ કોઇ પણ જીવંત લોકશાહીની ઓળખ છે. સામાન્ય નાગરિકો અને સરકાર વચ્ચે સંવાદનું અદ્ભૂત માધ્યમ છે. જનભાગીદારી દ્વારા ભારત અને વિશ્વનું કલ્યાણ કરવું એ કેન્દ્ર સરકારની નીતિઓનાં કેન્દ્રસ્થાને છે. સરકારના આ મંત્રને કારણે છેલ્લાં સાત વર્ષમાં સરકારી યોજનાઓ સરકારી કચેરીઓમાંથી નીકળીને જનભાગીદારી અને જનઆંદોલન સાથે જોડાઇ ગઈ છે.

પોતાની જરૂરિયાતો પૂરી કરવાની દિશામાં ઝડપથી આગળ વધી રહેલું ભારત હવે મહત્વાકાંક્ષાઓ પૂરી કરવા આગળ વધવા કૃતનિશ્ચયી છે. ભારત તેની આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશ કરીને આગામી 25 વર્ષોમાં સ્વર્ણિમ ભવિષ્ય બનાવવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આઠમી વાર લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધિત કરી રહ્યા હતા ત્યારે આ પ્રસંગ માત્ર એક સ્વતંત્રતા દિવસ પૂરતો સીમિત નહોતો, પણ તેમનાં મનમાં કર્તવ્ય ભાવથી પ્રેરિત થઈને 'નવા ભારત'ના નિર્માણની મજબૂત ઇચ્છાશક્તિ દેખાતી હતી. એટલાં માટે તેમણે સરકારના મૂળ મંત્ર- 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ'માં એક નવો વિચાર જોડ્યો- 'સબકા પ્રયાસ'. એટલે કે જનભાગીદારી દ્વારા નવા ભારતના નિર્માણનો સંકલ્પ. લાલ કિલ્લા પરથી વડાપ્રધાને વ્યક્ત કરેલો નિર્ધાર આ અંકની કવર સ્ટોરી છે.

આઝાદીને 75 વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે ત્યારે અમૃત મહોત્સવનું આ વર્ષ માત્ર ભારત જ નહીં, વિશ્વ માટે પણ વિશેષ છે કારણ કે ભારતને 1 ઓગસ્ટથી એક મહિના માટે સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદનું વડપણ મળ્યું અને વિશ્વની આ ટોચની સંસ્થાનું ભારત તરફથી વડપણ સંભાળનાર નરેન્દ્ર મોદી પ્રથમ  વડાપ્રધાન બન્યા. આ અંગે એક વિશેષ અહેવાલ આ અંકમાં રજૂ કરવામાં આવ્યો છે. ખેડૂત, ગરીબ, મધ્યમવર્ગ, યુવાનો, સમાજના વંચિત વર્ગોના હિતમાં લેવામાં આવેલાં પગલાં અંગે લાભાર્થીઓ સાથે સીધો સંવાદ તેમજ અમૃત મહોત્સવની શ્રેણીમાં સત્યાગ્રહની શરૂઆત કરનારા સ્વાતંત્ર્યવીરોની કહાની આ અંકની વિશેષતા છે.

પાંચ સપ્ટેમ્બરે શિક્ષક દિવસ છે ત્યારે જેમનાં જન્મદિવસને આપણે શિક્ષક દિવસ તરીકે મનાવીએ છે તે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન તથા 15 સપ્ટેમ્બરે એન્જિનિયર દિવસ પર એમ વિશ્વેશ્વરૈયાની કહાની પણ આ અંકમાં સામેલ કરવામાં આવી છે. ભારત તેની વિકાસયાત્રામાં નવા વિક્રમ રચી રહ્યું છે ત્યારે 2047માં જ્યારે આઝાદીનો શતાબ્દી સમારોહ મનાવવામા આવશે ત્યારે હવે પછીના 25 વર્ષનાં અમૃતકાળને નવા ભારતનો સર્જનકાળ બનાવવા માટે સમગ્ર દેશ કૃતનિશ્ચયી છે.

કોવિડ પ્રોટોકોલનું પાલન કરીને સલામત રહો અને તમારા સૂચનો અમને મોકલતા રહો.

**સરનામું:  રૂમ નંબર-278,**
**બીજો માળ, બ્યૂરો ઓફ આઉટરીચ**
**એન્ડ કમ્યુનિકેશન,**
**સૂચના ભવન, નવી દિલ્હી-110003**
**ઈમેલઃ response-nis@pib.gov.in**

જયદીપ ભટનાગર

**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ...

ન્યૂ ઈન્ડિયા સમાચારે તેનાં અહેવાલો દ્વારા દેશનાં લોકો સુધી સ્પષ્ટ રીતે માહિતી પહોંચાડી છે. આજે દેશ ન્યૂ ઈન્ડિયા સમાચારના માધ્યમથી જાગૃત થઈ રહ્યો છે અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા અનેક વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થઈ રહ્યો છે. તેમને સરકારી યોજનાઓ અંગે જાણવાની તક મળી રહી છે. આ મેગેઝીન દ્વારા જનકલ્યાણથી રાષ્ટ્રકલ્યાણ સુધીની ભૂમિકા ભજવવામાં આવી રહી છે. આ મેગેઝીન વડાપ્રધાનના ન્યૂ ઈન્ડિયા વિઝન પ્રત્યે દેશની દરેક વ્યક્તિને આકર્ષી રહ્યું છે. આ મેગેઝીનની મુખ્ય વાત એ છે કે તે પ્રમાણિત વિષયવસ્તુને બહુ સારી રીતે પ્રકાશિત કરે છે.

**લોકેશકુમાર બાજીયા**
**lokeshbajiya@gmail.com**

ઓગસ્ટ મહિનાના પ્રથમ પખવાડિયામાં ભારતની અવધારણા-'આઈડિયા ઓફ ઈન્ડિયા' અંતર્ગત પ્રકાશિત લેખ 'નવા ભારતના કેન્દ્રમાં નારી શક્તિને સમર્પિત નારી સશક્તિકરણ' રસપ્રદ અને માહિતીપ્રદ છે. મહિલાઓને પ્રથમ વાર નાઈટ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી આપવામાં આવી છે. 'સ્ટેન્ડ અપ ઈન્ડિયા' અંતર્ગત મહિલાઓને પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે દરેક બેન્ક શાખાને ઓછામાં ઓછી એક મહિલાને રૂ. 10 લાખથી રૂ. એક કરોડ સુધીની લોન આપવાનો નિયમ બનાવવામાં આવ્યો હોવાની માહિતી ઘણી મહત્વપૂર્ણ છે.

**અપર્ણા વિશ્વનાથ**
**vishwanathaparna123@gmail. Com**

## તમારા સૂચનો અમને મોકલો

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**

રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ,
નવી દિલ્હી-110003

**ઈમેલઃ response-nis@pib.gov.in**

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન એક મિત્રની ઓફિસમાં વાંચવાની તક મળી. મેગેઝીન વાંચ્યા બાદ હું તેનો પ્રશંસક બની ગયો છું. હું બિહાર સરકારના જિલ્લા પંચાયત સંસાધન કેન્દ્રમાં કામ કરું છું, જે પંચાયત પ્રતિનિધિઓ અને વિભાગીય કર્મચારીઓ માટે તાલીમ સંસ્થા તરીકે કામ કરે છે. મને લાગે છે કે આ મેગેઝીન તાલીમ કાર્યક્રમમાં ઘણી મદદરૂપ સાબિત થઈ શકે છે, ખાસ કરીને સરકારની યોજનાઓની માહિતી.

**રવિ શેખર આઝાદ**
**raviazad123@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચાર (1-15 ઓગસ્ટ)ના અંકમાં નવી નવી માહિતી વાંચવા મળી. અમને તેનાં દ્વારા સરકારની મહત્વાકાંક્ષી યોજનાઓની વિગતવાર માહિતી જાણવા મળે છે. નવી શિક્ષણ નીતિ પર લેખ પ્રકાશિત કરવા વિનંતી.

**alammdshahbaz852@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચારનો સ્વતંત્રતા દિવસ વિશેષાંક ખૂબ ગમ્યો. તેમાં આઝાદીના આંદોલનમાં ભાગ લેનારા ક્રાંતિકારીઓની માહિતી તથા કોરોના રસીકરણ કાર્યક્રમ અંગે સારી એવી માહિતી જાણવા મળી.

**જીતેન્દ્ર સોની**
**jitendrasoni772@gmail.com**

તમારા મેગેઝીનનો લેટેસ્ટ અંક મળ્યો, વાંચીને ખૂબ આનંદ થયો. નવી માહિતી જાણવા મળી. 16-31 જુલાઈના અંકમાં મુન્શી પ્રેમચંદ, બાળ ગંગાધર તિલક, રાષ્ટ્ર રત્ન ડો. એપીજે અબ્દુલ કલામ પરના લેખ સારા હતા. સરકારની નવી યોજનાઓ અંગે તમે સારી માહિતી આપો છો. સંપાદકીય ટીમના તમામ સભ્યોને મારા તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

**મુકેશકુમાર ઋષિવર્મા**
**mukesh123idea@gmail.com**

# સંરક્ષણ ક્ષેત્રમાં દેશની આત્મનિર્ભરતાઃ રૂ. 38,500 કરોડની નિકાસ કરી

સંરક્ષણ સામગ્રી માટે ભારતે એક સમયે વિદેશો પર અવલંબન રાખવું પડતું હતું, પણ સ્વદેશીકરણ અને આત્મનિર્ભરતાના કાર્યક્રમોને કારણે આપણે નિકાસ કરવાની સ્થિતિમાં આવી ગયા છીએ. છેલ્લાં સાત વર્ષમાં ભારતે રૂ. 38,500 કરોડની સંરક્ષણ સામગ્રીની નિકાસ કરી છે. સંસદના ચોમાસુ સત્ર દરમિયાન, લોકસભામાં રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે 2014-15માં ભારતની નિકાસ રૂ.1940 કરોડ હતી, જે 2020-21માં વધીને રૂ.8434 કરોડ થઈ હતી. આમ, છેલ્લાં સાત વર્ષમાં આ આંકડો રૂ. 38,500 કરોડને પાર કરી ગયો છે. નિકાસ કરવામાં આવતી સંરક્ષણ સામગ્રીમાં ખાસ કરીને મિલિટ્રી હાર્ડવેર અને સિસ્ટમનો સમાવેશ થાય છે. આ સાત વર્ષમાં નિકાસ થયેલી મુખ્ય ચીજોમાં બખ્તરબંદ સલામતી વાહન, વેપન ડિટેક્શન રડાર, હળવા વજનના ટોર્પિડો, તટીય રડાર પ્રણાલિ, એલાર્મ મોનિટરીંગ અને કન્ટ્રોલ નાઈટ વિઝન મોનોક્યુલર, ફાયર કન્ટ્રોલ સિસ્ટમ અને ટિયર ગેસ લોંચર જેવા ઉત્પાદનોનો સમાવેશ થાય છે. હાલમાં ભારત વિશ્વના 75 દેશોમાં સંરક્ષણ ઉત્પાદનોની નિકાસ કરી રહ્યું છે.




# વડાપ્રધાન ટ્વીટર પર સૌથી વધુ ફોલોઅર ધરાવતા રાજનેતા




વડાપ્રધાન નરેન્દ્ર મોદી માઈક્રો-બ્લોગિંગ સાઈટ ટ્વીટર પર વિશ્વમાં સૌથી વધુ ફોલો કરવામાં આવતા રાજનેતા બની ગયા છે. વડાપ્રધાન મોદીના ટ્વીટર એકાઉન્ટે 70 મિલિયન એટલે કે સાત કરોડ ફોલોઅર્સનો આંકડો વટાવી દીધો છે. આ સાથે વડાપ્રધાન મોદી અમેરિકાના ભૂતપુર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પછાડીને ટ્વીટર પર સૌથી વધુ ફોલો થતાં સક્રિય રાજનેતાઓની યાદીમાં ટોચ પર પહોંચી ગયા છે. વડાપ્રધાન મોદીએ 2009માં ટ્વીટર પર પોતાનું એકાઉન્ટ બનાવ્યું ત્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા. ટ્વીટર જોઈન કર્યાના માત્ર એક વર્ષની અંદર તેમનાં ફોલોઅર્સની સંખ્યા લાખોમાં પહોંચી ગઈ હતી. જુલાઈ, 2020માં ફોલોઅર્સની સંખ્યા છ કરોડ થઈ હતી અને તેનાં એક વર્ષમાં ફોલોઅર્સની સંખ્યામાં એક કરોડનો વધારો થયો છે.

# 14 ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે યાદ કરાશે

સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં પ્રથમ વાર 75 વર્ષ બાદ કોઇ વડાપ્રધાને દેશના ભાગલાનાં દર્દને યાદ કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક અભૂતપૂર્વ પહેલ કરીને ભારતના સ્વતંત્રતા દિવસના એક દિવસ પહેલાં એટલે કે 14 ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' મનાવવાની જાહેરાત કરી છે. વડાપ્રધાને ભાગલાના દર્દને યાદ કરતાં કહ્યું કે, દેશના ભાગલાના દર્દને ક્યારેય ભૂલાવી



નહીં શકાય. નફરત અને હિંસાને કારણે આપણા લાખો ભાઇ-બહેનોને વિસ્થાપિત થવું પડ્યું અને અનેકને જીવ પણ ગુમાવવો પડ્યો. આ લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં 14 ઓગસ્ટનાં રોજ વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ તરીકે મનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ દિવસ આપણને ભેદભાવ, વૈમનસ્ય અને દુર્ભાવનાને ખતમ કરવા પ્રેરણા આપશે એટલું જ નહીં, પણ તેનાથી એકતા, સામાજિક સદભાવ અને માનવીય સંવેદનાઓ પણ મજબૂત થશે. એક અંદાજ પ્રમાણે 75 વર્ષ પહેલાં પડેલાં ભાગલાને કારણે આશરે 20 લાખ લોકોનાં મૃત્યુ થયાં હતાં અને એટલી જ સંખ્યામાં વિસ્થાપિત થયા હતા.

# પૂર્વોત્તરને 'ઉડાન'ની વધુ એક ભેટ



ઉડાન યોજનાએ વધુ એક ઉપલબ્ધિ હાંસલ કરી છે. આ યોજના અંતર્ગત તાજેતરમાં મણીપુરની રાજધાની ઇમ્ફાલ અને મેઘાલની રાજધાની શિલોંગ વચ્ચે પ્રથમ સીધી ફ્લાઇટ શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધી પરિવહનનું કોઈ સીધું સાધન ઉપલબ્ધ ન હોવાથી લોકોએ ઇમ્ફાલથી શિલોંગ જવા રોડ દ્વારા 12 કલાકની લાંબી મુસાફરી કરવી પડતી હતી અથવા વિમાન માર્ગે ગુવાહાટી જઈને ત્યાંથી બસ દ્વારા જવું પડતું હતું. એરલાઇન્સ આ માર્ગ પર સપ્તાહમાં ચાર ફ્લાઇટ ઓપરેટ કરશે. ઉડાન યોજના અંતર્ગત અત્યાર સુધી 361 રૂટ અને 59 એરપોર્ટ (પાંચ હેલીપોર્ટ અને બે એરોડ્રામ સહિત) પર આ સેવા ચાલુ છે. આ યોજના હેઠળ 500 કિમી સુધીની મુસાફરી માટે માત્ર રૂ. 2500નું ભાડું વસુલવામાં આવે છે.

# ભારતમાં વિશ્વમાં સૌથી વધુ 19,300 ફુટની ઊંચાઇ પર રોડનું નિર્માણ

બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન (BRO)એ પૂર્વ લડાખમાં 19,300 ફુટથી વધુ ઊંચાઇ પર વાહન ચલાવવા યોગ્ય રોડનું નિર્માણ કરીને વિશ્વ વિક્રમ રચ્યો છે. ઉમલિંગ લા દર્રે થઈને પસાર થતો 52 કિલોમીટર લાંબો રોડ બનાવીને ભારતે બોલિવિયાનો સૌથી ઊંચાઇ પરના રોડનો રેકોર્ડ તોડ્યો છે. પૂર્વ લડાખમાં બનેલા આ રોડને કારણે ચુમાર સેક્ટરનાં તમામ મહત્વનાં ગામો એક બીજા સાથે જોડાઇ જશે. શિયાળાની મોસમમાં અહીંનું તાપમાન શૂન્યથી 40 ડિગ્રી નીચે જતું રહે છે અને મેદાની વિસ્તારોની સરખામણીમાં ઓક્સિજનનું સ્તર 50 ટકા થઈ જાય છે. બોલિવિયાએ જ્વાળામુખી ઉતુરુન્કુને જોડવા માટે 18,935 ફુટની ઊંચાઈ પર રસ્તાનું નિર્માણ કર્યું છે. આ રોડ કેટલી ઊંચાઇ પર હશે તેનો અંદાજ એ રીતે મૂકી શકાય કે તે માઉન્ટ એવરેસ્ટના બેઝ કેમ્પ કરતાં પણ વધુ ઊંચાઈ પર છે. તિબેટમાં ઉત્તરીય બેઝ કેમ્પ 16,900 ફુટની ઊંચાઈ પર છે, જ્યારે નેપાળમાં આવેલો દક્ષિણ દિશાનો બેઝ કેમ્પ 17,598 ફુટની ઊંચાઇ પર છે. માઉન્ટ એવરેસ્ટનું શિખર 29,000 ફુટની ઊંચાઇએ છે. જે ઊંચાઇ પર આ રોડ બન્યો છે તે સિયાચીન ગ્લેશિયર કરતાં પણ ઊંચો છે. સિયાચીન ગ્લેશિયરની ઊંચાઇ 17,700 ફુટ છે.

# ભારતના 14 વાઘ અભયારણ્યના સંરક્ષણ માટે વૈશ્વિક માન્યતા



દેશના 51 વાઘ અભયારણ્યમાંથી 14ને સંરક્ષણ અને મેઇન્ટેનન્સ માટે CATs (કન્ઝર્વેશન એશ્યોર્ડ ટાઇગર સ્ટાન્ડર્ડસ)ની માન્યતા મળી છે. CATs એ વાઘના સંરક્ષણ સાથે સંકળાયેલું વિશ્વસ્તરીય પ્રમાણપત્ર છે, જે વાઘના વધુ સારા મેનેજમેન્ટ અને શ્રેષ્ઠ કાર્યપ્રણાલિને આધારે આપવામાં આવે છે. ભારતના જે વાઘ અભયારણ્યને આ માન્યતા આપવામાં આવી છે તેમાં માનસ, કાઝીરંગા અને ઔરંગ (આસામ), સુંદરવન (પશ્ચિમ બંગાળ), પન્ના, કાન્હા, સાતપુડા, પેંચ (મધ્યપ્રદેશ), વાલ્મિકી (બિહાર), દઘવા (ઉત્તરપ્રદેશ), અન્નામલાઇ અને મુદુમલાઇ (તામિલનાડુ), પરમ્બીકુલમ (કેરળ) અને બાંદીપર (કર્ણાટક)નો સમાવેશ થાય છે. કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવના જણાવ્યા પ્રમાણે દેશનાં તમામ 51 વાઘ અભયારણ્યને CATsની માન્યતા મળે એવો સરકારનો પ્રયાસ છે.

# ડો. રાધાકૃષ્ણનઃ ખુદને શિક્ષક કહેવડાવવાનું વધુ પસંદ કરતા હતા

**ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન આદર્શ રાજનેતા, દીર્ઘદ્રષ્ટા, રાજદ્વારી, દર્શનશાસ્ત્રી અને માનવતાવાદી એમ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. પણ સૌથી મહત્વનું એ છે કે દેશ તેમને આદર્શ શિક્ષક તરીકે યાદ કરે છે. આપણાં શાસ્ત્રોમાં કહેવાયું છે કે, "આચાર્ય દેવો ભવઃ". એટલે કે શિક્ષક ઈશ્વર સમાન છે. શિક્ષક કરતાં મોટું સન્માન બીજું કંઇ ન હોઈ શકે અને ડો. રાધાકૃષ્ણનને આ સન્માન મળ્યું છે. તેથી જ 5 સપ્ટેમ્બરનાં રોજ તેમનાં જન્મદિવસને શિક્ષક દિવસ તરીકે મનાવવામાં આવે છે..**

રાધાકૃષ્ણન કહેતા હતા, "શિક્ષક એ નથી, જે બળજબરીથી વિદ્યાર્થીઓના મનમાં હકીકતને ઠોકી બેસાડે, સાચો શિક્ષક તો એ છે જે વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરે." તેઓ આજીવન આ સિધ્ધાંત પર ચાલ્યા. આજે ભારત 34 વર્ષ પછી જાહેર કરેલી નવી શિક્ષણ નીતિ દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવા પ્રતિબધ્ધ છે ત્યારે ડો. રાધાકૃષ્ણનની આ વાતો પ્રાસંગિક બની જાય છે. 1962ની વાત છે. કેટલાંક મિત્રોએ ડો. રાધાકૃષ્ણન પાસે તેમનો જન્મદિવસ ઉજવવાની ઈચ્છા વ્યક્ત કરી. ડો. રાધાકૃષ્ણને મિત્રોને કહ્યું કે, "મારાં જન્મદિવસને શિક્ષકોની યાદમાં મનાવવામાં આવે તો મને ખુશી થશે." આ રીતે, 1962થી દર વર્ષે 5 સપ્ટેમ્બરને શિક્ષક દિવસ તરીકે મનાવવામાં આવે છે.

તામિલનાડુના તિરુતિની ગામમાં 5 સપ્ટેમ્બર 1888નાં રોજ એક બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા રાધાકૃષ્ણને ક્રિશ્ચિયન મીશનરી સ્કુલમાં પ્રાથમિક શિક્ષણ લીધું હતું. મદ્રાસ કોલેજમાં પાંચ વર્ષના અભ્યાસ દરમિયાન તેઓ ભારતીય દર્શનશાસ્ત્રની સાથે સાથે પશ્ચિમી દર્શનશાસ્ત્ર પણ ભણતા રહ્યા. 1990માં 20 વર્ષની ઉંમરમાં તેમને મદ્રાસ યુનિવર્સિટીના ફિલોસોફી વિભાગમા નોકરી મળી ગઈ. 1929માં ઓક્સફોર્ડ યુનિવર્સિટીની હેરિસ માન્ચેસ્ટર કોલેજમાં પ્રિન્સિપાલ તરીકે જોડાયા. 1931માં ભારત પાછા આવીને આંધ્ર યુનિવર્સિટીમાં કુલપતિ બન્યા. 1936માં તેઓ ઓક્સફર્ડ ભણાવવા માટે ગયા. 1926ની વાત છે. એ વર્ષે સ્વામી વિવેકાનંદને અમેરિકા અને યુરોપના પ્રવાસને 33 વર્ષ થઈ ચૂક્યા હતા. હાર્વર્ડ યુનિવર્સિટીમાં 'ઈન્ટરનેશનલ કોંગ્રેસ ઓફ ફિલોસોફી'નું આયોજન કરવામાં આવ્યું હતું. રાધાકૃષ્ણનને પણ તેમાં ભાગ લેવાનું આમંત્રણ મળ્યું. રાધાકૃષ્ણને પશ્ચિમી દેશોની ફિલોસોફી સમજાવવાનું શરૂ કર્યું. પશ્ચિમના અનેક દર્શનશાસ્ત્રીઓને એ વાતની નવાઈ લાગી કે ભારતનો કોઇ દાર્શનિક પશ્ચિમી ફિલોસોફી પર આટલી પકડ રાખી શકે. તેઓ બ્રિટિશ એકેડેમીમાં પસંદ થનારા પ્રથમ ભારતીય ફેલો બન્યા અને 1948માં યુનેસ્કોના ચેરમેન પણ બન્યા. ડો. રાધાકૃષ્ણનની પસંદગી ભારતીય બંધારણ સભાના સભ્ય તરીકે થઈ. એ સમયે ભારતને રશિયામાં એવા વિદ્વાનની જરૂર હતી જે બંને દેશોના સંબંધોને વધુ મજબૂત કરે. તેથી 1949માં તેમને સોવિયેત યુનિયનમાં ભારતના રાજદૂત બનાવીને મોકલવામાં આવ્યા. 1952માં તેમને ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ બનાવવામાં આવ્યા. 1962માં ડો. રાજેન્દ્ર પ્રસાદ પછી ભારતના બીજા રાષ્ટ્રપતિ બન્યા. રાષ્ટ્રપતિ તરીકે તેમણે પોતાના પગારમાં સ્વૈચ્છિક ઘટાડો સ્વીકાર્યો હતો. તેમણે જાહેરાત કરી હતી કે સપ્તાહમાં બે વાર કોઇ પણ વ્યક્તિ તેમને પૂર્વમંજૂરી વગર મળવા આવી શકે છે. રાધાકૃષ્ણને જીવનના 40 વર્ષ શિક્ષક તરીકે ગાળ્યા હતા. શિક્ષણ જગતમાં તેમના પ્રદાનને ધ્યાનમાં રાખીને તેમને ઓર્ડર ઓફ મેરિટ, નાઈટ બેચલર, ટેમ્પ્લ્ટન પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. અંગ્રેજ સરકારે તેમને નાઈટહૂડનો ખિતાબ પણ આપ્યો હતો. 1962માં તેમને ભારતરત્નથી નવાજવામાં આવ્યા હતા. ●



"

**મનનું ઘડતર કરવામાં અને રાષ્ટ્રનું નિર્માણ કરવામાં પ્રદાન કરવા બદલ આપણે શિક્ષકોનાં આભારી છીએ. શિક્ષક દિવસે આપણે આપણા શિક્ષકોને તેમની નોંધપાત્ર કામગીરી બદલ તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ. આપણે ડો. એસ રાધાકૃષ્ણનની જન્મજયંતી પર શ્રધ્ધાંજલિ આપીએ છીએ.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**




# ડિજિટલ ચૂકવણીની દિશામાં વધુ એક ક્રાંતિકારી પગલું

**દેશમાં ડિજિટલ ચૂકવણી અને ડીબીટી (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર)ને મજબૂત બનાવવા માટે અસરકારક, પારદર્શક અને વિશ્વસનીય પ્લેટફોર્મ ઇ-રૂપીને લોંચ કરીને ભારતે ડિજિટલ ચૂકવણીની દુનિયામાં આગેકૂચ કરી છે. તેનાં માટે ઇન્ટરનેટ, એપ કે કાર્ડની પણ જરૂર નથી. એટલે કે મોબાઇલ પર ક્યુઆર કોડ કે એસએમએસ દ્વારા ઇ-વાઉચર દ્વારા જ એક વારનાં પેમેન્ટની સુવિધા આપીને કેન્દ્ર સરકારે નવી પહેલ કરી છે**

છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતમાં ડિજિટલ લેવડદેવડનું પ્રમાણ વધી રહ્યું છે, ખાસ કરીને કોરોના સમયમાં લોકોને તેની ઉપયોગિતા સમજાઈ છે અને કેશલેસ ઇકોનોમીને વેગ મળ્યો છે. કેન્દ્ર સરકારે ડિજિટલ ઇન્ડિયા મિશનને આગળ વધારતા કેશલેસ અને કોન્ટેક્ટલેસ એક નવી પહેલ શરૂ કરી છે, જેનું નામ છે ઇ-રૂપી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2 ઓગસ્ટે તેનો પ્રારંભ કર્યો હતો. કેશલેસ એટલે કે રોકડરહિત અને સંપર્કરહિત ચૂકવણીનું એવું મોડલ, જે ડીબીટી કરતાં એક પગલું આગળ છે. ડીબીટીમાં લાભાર્થીના બેન્ક ખાતામાં રકમ જાય છે, જેનો ઉપયોગ લાભાર્થી પોતાની રીતે કરે છે. પણ ઇ-રૂપીમાં એ સુનિશ્ચિત થાય છે કે સરકાર કે અન્ય કોઈ સંસ્થા જે હેતુથી લાભ આપે છે, તે જ હેતુસર તેનો ખર્ચ થશે. આને કારણે ભ્રષ્ટાચાર બંધ થશે અને સાચો હેતુ પણ સિધ્ધ થશે.

### નવું પ્લેટફોર્મ ભીમ-યુપીઆઇ પર આધારિત છે

ઇ-રૂપી ભારતના સૌથી સફળ પ્લેટફોર્મ ભીમ-યુપીઆઇ પર આધારિત છે. ઇ-રૂપી રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા માન્ય પ્રિપેઇડ વાઉચર છે, જેને એનપીસીઆઇ (નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા)એ નાણાંકીય સેવા વિભાગ અને બેન્કોના સહયોગમાં વિકસાવ્યું છે. ઇ-રૂપી વિશેષ ચૂકવણી

> **“ મને વિશ્વાસ છે કે 'ઇ-રૂપી' વાઉચર પણ સફળતાના નવા અધ્યાય લખશે. તેની પાછળ આપણી બેન્કો અને અન્ય પેમેન્ટ ગેટવેની ઘણી મોટી ભૂમિકા છે. આપણી સેંકડો ખાનગી હોસ્પિટલો, કોર્પોરેટ્સ, ઉદ્યોગજગત અને બિનસરકારી સંગઠનોએ તેમાં ઘણો રસ દર્શાવ્યો છે. રાજ્ય સરકારોને પણ મારો આગ્રહ છે કે પોતાની યોજનાઓને સચોટ અને સંપૂર્ણ લાભ સુનિશ્ચિત કરવા માટે 'ઇ-રૂપી' નો મહત્તમ ઉપયોગ કરે. મને વિશ્વાસ છે કે આપણાં બધાંની આવી જ સાર્થક ભાગીદારી એક પ્રામાણિક અને પારદર્શક તંત્રના નિર્માણને ગતિ આપશે.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**













માટે લાભાર્થીને જારી કરવામાં આવે છે. તે ક્યુઆર કોડ અને એસએમએસ સ્ટ્રિંગ આધારિત ઈ-વાઉચર છે, જેને લાભાર્થીના મોબાઈલ પર મોકલવામા આવે છે. આ કોડ દ્વારા સર્વિસ પ્રોવાઈડરના ખાતામાં ડાયરેક્ટ ફન્ડ ટ્રાન્સફર કરવામાં આવે છે. સરકારી સંસ્થાઓ, કોર્પોરેટ, કોઇ પણ સર્વિસ પ્રોવાઇડર પોતાની પાર્ટનર બેન્કની મદદથી ઈ-રૂપી વાઉચર જનરેટ કરી શકે છે. સર્વિસ પ્રોવાઈડર સેન્ટર પર લાભાર્થી ઈ-રૂપી દ્વારા ચૂકવણી કરી શકે છે. આ માટે સર્વિસ પ્રોવાઈડર સેન્ટર વાઉચર તરીકે મળેલા ક્યુઆર કોડ અથવા એસએમએસને સ્કેન કરશે. લાભાર્થીના વેરિફિકેશન માટે એક કોડ લાભાર્થીના મોબાઈલ નંબર પર મોકલવામાં આવશે. વેરિફિકેશન થયા બાદ તરત ચૂકવણીનું કન્ફર્મેશન આવશે.

### ગરીબોને પણ ટેકનોલોજીનો લાભ

એક સમય હતો જ્યારે દેશમાં ટેકનોલોજી પર ચોક્કસ વર્ગનો જ અધિકાર હોવાનું માનવામાં આવતું હતું, અને ગરીબો માટે ટેકનોલોજીની જરૂરિયાત પર સવાલ ઉઠાવવામાં આવતા હતા. પણ વર્તમાન કેન્દ્ર સરકારે ટેકનોલોજીને મિશન બનાવ્યું અને આ જ ટેકનોલોજી આજે છેવાડાના માનવીને આધુનિક યુગમાં સશક્તિકરણનો અહેસાસ કરાવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈ-રૂપી લોંચ કરતા જણાવ્યું હતું કે, "આજે દેશની વિચારધારા બદલાઈ છે. આજે આપણે ટેકનોલોજીને ગરીબોની મદદ અને તેમની પ્રગતિ માટેનાં માધ્યમ તરીકે જોઇ રહ્યા છીએ. દુનિયા જોઈ રહી છે કે કઈ રીતે ટેકનોલોજી ભારતમાં પારદર્શિતા અને પ્રામાણિકતા લાવી રહી છે." વડાપ્રધાને જનધન-આધાર-મોબાઈલ (JAM)નાં મહત્વનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમના કહેવા પ્રમાણે, JAM વ્યવસ્થાએ લોકડાઉનમાં ગરીબોને મદદ કરી હતી કારણ કે ભારત પાસે સંપૂર્ણ વ્યવસ્થા તૈયાર હતી. ડીબીટી દ્વારા આશરે 1.75 લાખ કરોડ રૂપિયા સીધા લાભાર્થીના ખાતામાં જમા થઈ ચૂક્યા છે. વડાપ્રધાને કહ્યું

## ઉદાહરણ દ્વારા સમજો ઇ-રૂપીના ફાયદા




માત્ર સરકાર જ નહીં, પણ કોઇ સામાન્ય સંસ્થા કે સંગઠન કોઈની સારવાર માટે, કોઇના અભ્યાસ માટે કે બીજા કોઇ કામ માટે કોઈની મદદ કરવા ઇચ્છે, તો તે રોકડની જગ્યાએ 'ઈ-રૂપી' આપી શકશે. આનાથી એ ખાતરી રહેશે કે જે કામ માટે નાણાં આપવામાં આવી રહ્યા છે તે કામ માટે જ તેનો ઉપયોગ થાય. પ્રારંભિક તબક્કામાં આ યોજના દેશના હેલ્થ સેક્ટર સાથે સંકળાયેલા લાભ પર લાગુ કરવામાં આવી છે. ધારો કે, કોઇ સંગઠન સેવાભાવથી ભારત સરકાર દ્વારા જે મફત રસી આપવામાં આવી રહી છે, તેનો લાભ નથી લેવા માગતું, પણ જ્યાં ચાર્જ વસૂલ કરીને રસીકરણ ચાલી રહ્યું છે તે ખાનગી હોસ્પિટલોમાં મોકલવા માગે છે. તે 100 ગરીબોને રસી અપાવવા માગે તો તે એ 100 ગરીબોને 'ઈ-રૂપી' વાઉચર આપી શકે છે. 'ઈ-રૂપી' વાઉચર એ સુનિશ્ચિત કરશે કે તેનો ઉપયોગ માત્ર રસી લગાવવા માટે જ થાય, બીજા કોઇ કામ માટે નહીં. કોઇ વ્યક્તિ બીજા કોઈની સારવાર માટે ખર્ચ કરવા માગતી હોય, ટીબીના દર્દીને દવા અને ભોજન માટે આર્થિક મદદ કરવા માગતી હોય કે પછી બાળકો અને ગર્ભવતી મહિલાઓને પૌષ્ટિક આહાર માટે મદદ કરવા માગતી હોય તો 'ઈ-રૂપી' તેનાં માટે મદદરૂપ સાબિત થશે. આમ, 'ઈ-રૂપી' દ્વારા હેતુ સિધ્ધ થાય છે. કોઈ વ્યક્તિ વૃદ્ધાશ્રમમાં 20 નવા બેડ આપવા માગતી હોય, 50 ગરીબો માટે ભોજનની વ્યવસ્થા કરવા માગતી હોય, કોઇ ગૌશાળામાં ચારાની વ્યવસ્થા કરવા માગતી હોય કે પછી સરકાર દ્વારા પુસ્તકો માટે પૈસા મોકલવામાં આવ્યા હોય, તો તેનાથી એ વાતની ખાતરી રહેશે કે એ પૈસામાંથી પુસ્તકો જ ખરીદવામાં આવે. યુનિફોર્મ માટે પૈસા મોકલવામાં આવ્યા હોય તો યુનિફોર્મ જ ખરીદવામાં આવશે. સબસિડીવાળાં ખાતર માટે મદદ કરી હોય તો તેનો ઉપયોગ ખાતર ખરીદવા માટે જ કરવામાં આવશે. ગર્ભવતી મહિલાઓને આપવામાં આવેલા વાઉચરથી માત્ર પોષક આહાર જ ખરીદી શકાશે.

**વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો**

## ઇ-રૂપી તેની આ વિશેષતાઓને કારણે સલામત છે

**આ વાઉચર કેશલેસ, કોન્ટેક્ટલેસ હશે. તેનો ઉપયોગ માત્ર એક જ વાર કરી શકાશે. ડીબીટી બાદ આ વધુ એક સલામત પગલું છે, જેનાથી એ ખાતરી રહેશે કે જે કામ માટે પૈસા આપવામાં આવી રહ્યા હોય તેનાં પર જ ખર્ચ થાય.**

- તે સંપૂર્ણ રીતે સલામત અને વિશ્વસનીય છે. વિશેષ હેતુસર પેમેન્ટ માટેનું આ યોગ્ય માધ્યમ છે.
- તે ક્યુઆર કોડ અથવા એસએમએસ સ્ટ્રિંગ આધારિત ઈ-વાઉચર છે, જેને લાભાર્થીના મોબાઇલ પર મોકલવામાં આવે છે. વપરાશકર્તા કાર્ડ, પેમેન્ટ એપ અથવા ઇન્ટરનેટ બેન્કિંગ વગર જ આ રકમ મેળવી શકશે.

### લાભાર્થીની તમામ માહિતી સંપૂર્ણ રીતે ગુપ્ત હોય છે. ઇ-રૂપીથી આ ખાતરી મળે છેઃ

- **સેવાઓને લક્ષ્ય બનાવતી સિસ્ટમ**
- **લીક પ્રૂફ ડિલિવરી**
- **વિતરણ પ્રણાલિનું સરળીકરણ**
- **લઘુતમ વહીવટી ખર્ચ**

- ઇ-રૂપીનો ઉપયોગ સરકાર દ્વારા લોક કલ્યાણ માટે ચલાવવામાં આવતી વિવિધ સ્કીમો માટે કરવામાં આવશે. ચોક્કસ હેતુ માટે તેનો ઉપયોગ થઈ શકશે.
- ખાનગી સંસ્થાઓ અથવા કોઇ પણ વ્યક્તિ દ્વારા કોઇ હેતુ માટે તેનો ઉપયોગ થઈ શકશે.
- ડિજિટલ પેમેન્ટ સોલ્યુશન ભ્રષ્ટાચાર વગર લોકો સુધી સરકારના લાભ પહોંચાડવા ક્રાંતિકારી પહેલ સાબિત થશે.



હતું, કેન્દ્ર સરકાર 300થી વધુ યોજનાઓનો લાભ ડીબીટી દ્વારા લોકો સુધી પહોંચાડી રહી છે. આશરે 90 કરોડ લોકોને કોઇને કોઇ રીતે તેનો લાભ થઈ રહ્યો છે. રેશન, એલપીજી ગેસ, મેડિકલ સારવાર, સ્કોલરશિપ, પેન્શન, મજૂરી હોય કે ઘર બનાવવા માટેની સહાય હોય, આવા અનેક લાભ ડીબીટી દ્વારા મળી રહ્યા છે. પીએમ કિસાન સન્માન નિધિ અંતર્ગત ખેડૂતોના ખાતામાં રૂ. 1,35,000 કરોડ જમા કરવામાં આવ્યા છે. આ વખતે તો ખેડૂતો પાસેથી ઘઉંની જે ખરીદી થઈ છે તેનાં આશરે રૂ. 85,000 કરોડ ખેડૂતોના બેન્ક ખાતામાં સીધા ટ્રાન્સફર કરવામાં આવ્યા. આ તમામ પ્રયોગોનો સૌથી મોટો લાભ એ થયો કે દેશના આશરે પોણા બે લાખ કરોડ રૂપિયા ખોટા હાથમાં જતા બચ્યા છે."

### પ્રામાણિકતા અને પારદર્શિતાની સંસ્કૃતિને પ્રોત્સાહન

ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે અને કેશલેસ પેમેન્ટ સિસ્ટમને પ્રોત્સાહન આપવાની દિશામાં ભારતે કરેલા પ્રયાસોની વિશ્વભરમાં પ્રશંસા થઈ રહી છે. નોટબંધી બાદ કેન્દ્ર સરકારે ડિજિટલ લેવડદેવડ માટે ભીમ એપને આધાર બનાવ્યો, જેનાં કારણે દેશમાં ડિજિટલ વ્યવહારોમાં તીવ્ર વધારો થયો છે. કોરોના સમયમાં પણ ડિજિટલ વ્યવહારોમાં વિક્રમ સર્જાયો હતો અને હવે તો દર મહિને યુપીઆઇ દ્વારા લેવડદેવડના નવા વિક્રમ બની રહ્યા છે. જુલાઇ મહિનામાં રૂ. 300 કરોડથી વધુના વ્યવહારો થયા હતા, જેને આંકડામાં ગણીએ તો આશરે રૂ. 6 લાખ કરોડનાં વ્યવહારો થયા હતા. આજે દેશમાં ચાની કિટલી વાળા, ફળો-શાકભાજી વેચનારાઓ પણ તેનો ઉપયોગ કરી રહ્યા છે. 23 લાખથી વધુ લારી-ગલ્લા અને પાથરણાવાળાઓને ડિજિટલ માધ્યમથી પીએમ-સ્વનિધિ યોજનાનો લાભ મળ્યો છે. તેઓને કોરોના સમય દરમિયાન રૂ. 2300 કરોડની આર્થિક સહાય કરવામાં આવી હતી.

ડિજિટલ ટેકનિક દ્વારા ભારતમાં છેલ્લાં સાત વર્ષમાં થયેલી પ્રગતિ કોઈ ક્રાંતિથી ઓછી નથી. 8-10 વર્ષ પહેલા કોઇએ કલ્પના પણ નહીં કરી હોય કે ટોલ બુથો પર કરોડો વાહનો પેટ્રોલ બગાડ્યા વિના ફાસ્ટટેગ દ્વારા પેમેન્ટ કરીને નીકળી શકશે. આજે, ટોલ બુથો પર ડિજિટલ પેમેન્ટ થાય છે, અંતરિયાળ વિસ્તારોમાં બેઠેલો હસ્તકલા કારીગર પોતાનાં ઉત્પાદનોને GeM પોર્ટલ દ્વારા કોઇ સરકારી ઓફિસમાં વેચી શકે છે. આજે લોકો પાસે સર્ટિફિકેટ અને દસ્તાવેજ ડિજિટલ લોકરના સ્વરૂપમાં લોકોના ખિસ્સામાં હાજર છે. સુક્ષ્મ, લઘુ અને મધ્યમ (એમએસએમઇ ) ઉદ્યોગોની લોન માત્ર 59 મિનિટમાં મંજૂર થઈ રહી છે. તેનાથી એક ડગલું આગળ વધીને કેન્દ્ર સરકારે ઇ-રૂપી લોંચ કર્યું છે, જેનાં માટે કોઇ એપ કે ઇન્ટરનેટ બેન્કિંગની જરૂર નથી. કો-વિન એપ રસીકરણની ગતિને વેગ આપવામાં મહત્વપૂર્ણ સાબિત થયું છે, જેનું અનુકરણ અન્ય દેશો પણ કરી રહ્યાં છે.●













## દીનદયાલ અંત્યોદય યોજના

# ગ્રામીણ ભારતની નવી ક્રાંતિ

**ગ્રામીણ ગરીબી નાબૂદી માટેનો મહત્વપૂર્ણ કાર્યક્રમ રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન 10 કરોડ ગ્રામીણ પરિવારો માટે આજીવિકાના મુખ્ય સ્ત્રોત તરીકે ઊભર્યું છે. આ મિશનનો હેતુ ગ્રામીણ ગરીબો માટે કાર્યક્ષમ અને અસરકારક સંસ્થાકીય મંચ પૂરો પાડવાનો અને તેમને આજીવિકા તથા નાણાંકીય સુવિધા પૂરી પાડીને ઘરની આવક વધારવાનો છે. આ યોજનાએ મહિલાઓની નવી ઓળખ આપી છે અને નાના નાના સમૂહો દ્વારા તાલીમબધ્ધ મહિલાઓને સ્વાવલંબી બનીને આત્મનિર્ભર ભારતને ગતિ આપી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 12 ઓગસ્ટનાં રોજ તેમની સાથે સંવાદ કર્યો..**

“પહેલાં મારી કોઈ ઓળખ નહોતી, હવે ‘કૃષિ સખી’ના નામની મારી અલગ ઓળખ છે. અનેક લોકો જૈવિક ખેતીમાં ખાતર અંગે પૂછે છે અને અન્ય રાજ્યોમાંથી પણ લોકો ફોન કરીને પૂછે છે.” આત્મવિશ્વાસથી ભરપૂર ચંપા સિંહનું આવુ કહેવું છે, જેણે દીનદયાલ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય આજીવિકા મિશનની મદદથી સ્વસહાય જૂથ સાથે જોડાઈને પોતાની અલગ ઓળખ ઊભી કરીને આવકમાં છ-સાત ગણો વધારો કર્યો છે. ચંપા સિંહ 11 વર્ષની હતી ત્યારે તેનાં પિતાનું અવસાન થયું હતું. નાની ઊંમરમાં તેનું લગ્ન થઈ ગયું. કમનસીબે, લગ્નનાં થોડાં સમય બાદ પતિનું પણ અવસાન થયું. આ સ્થિતિમાં ચંપા અને તેની માતા માટે ગુજરાન ચલાવવું મુશ્કેલ બની ગયું. પણ આજીવિકા મિશને તેને સહારો આપ્યો. તેણે ‘કૃષિ સખી’ની તાલીમ લીધી. આ રીતે તેની આવક વધવાની સાથે સાથે અત્યાર સુધી 5,500થી વધુ મહિલા ખેડૂતોને તાલીમ પણ આપી ચૂકી છે. આજે તે જૈવિક ખાતરની દુકાનની માલિક છે અને લોકોને ખેતરમાં જૈવિક ખાતર દ્વારા ઉત્પાદન વધારવા અંગેનું માર્ગદર્શન પણ આપે છે. તે કહે છે, “પહેલાં વર્ષમાં 40,-50,000ની પણ આવક નહોતી, પણ સારી તાલીમ અને તકો મળતાં હવે વર્ષે અઢી ત્રણ લાખ કમાઈ લઉં છું.”

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેના સંવાદ દરમિયાન તે ઉત્સાહ સાથે આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર કરવાનો ઈરાદો પણ વ્યક્ત કરે છે. ચંપાની જેમ પ્રેરણા આપનારી લાખો કહાનીઓ છે, જે એવું સાબિત કરે છે કે ભારતની નારી શક્તિ જો એક વાર નિર્ધાર કરે તો પરિવાર, સમાજ અને રાષ્ટ્રમાં પરિવર્તન લાવી શકાય છે. એટલાં માટે જ ‘આત્મનિર્ભર નારી શક્તિ’ સંવાદમાં વડાપ્રધાને જણાવ્યું કે, “જ્યારે નારી શક્તિ સશક્ત હોય છે ત્યારે એક વ્યક્તિ કે પરિવાર નહીં, પણ સમગ્ર સમાજ

## દીનદયાલ અંત્યોદય યોજના | રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન

NRLM


**તેનું લક્ષ્ય 10 કરોડ ગ્રામીણ ગરીબ પરિવારોને આજીવિકા મેળવવા અને આવકમાં વધારો કરવામાં સહાયતા પૂરી પાડવાનું છે. દેશભરમાં 6672 બ્લોકમાં તેનો અમલ કરવામાં આવી રહ્યો છે**

| | |
|---|---|
| **7.66 કરોડ** | થી વધુ મહિલાઓને 70 લાખથી વધુ સ્વસહાય જૂથો સાથે જોડવામા આવી |
| **3.3 લાખ** | કમ્યુનિટી વર્કર્સને તાલીમ આપવામાં આવી છે |
| **14,071 કરોડ રુ.** | કમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ તરીકે પૂરાં પાડવામાં આવ્યાં |
| **1.62 લાખ** | થી વધુ ઉદ્યોગસાહસિકોને મિશન અંતર્ગત મદદ મળી |

- 2013-14થી સ્વસહાય જૂથોને રૂ. 3,85 લાખ કરોડથી વધુની બેન્ક લોન આપવામાં આવી છે
- BC (બિઝનેસ કોરસપોન્ડન્ટ) સખીનાં રૂપમાં 30,000 સ્વસહાય જૂથોને કામ આપવામાં આવ્યું
- ત્રણ લાખથી વધુ કમ્યુનિટી રિસોર્સ પર્સન્સ (CRP), "પશુ સખી" અને 'કૃષિ સખી', 'બેંક સખી', 'બીમા સખી' વગેરેને જોડવામાં આવ્યા.
- લગભગ 1.9 કરોડ મહિલા ખેડૂતોને આવરી લેવામાં આવી. મિશને 60 લાખ કૃષિ પોષક બગીચાઓને પ્રોત્સાહન આપવામાં મદદ કરી
- દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ યોજના અને ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI) ગ્રામીણ યુવકો અને સ્વસહાય જૂથોને કૌશલ્ય તાલીમ પૂરી પાડે છે.

**દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ યોજના હેઠળ 11 લાખ યુવાનોને તાલીમ પૂરી પાડવામાં આવી, જેમાંથી સાત લાખથી વધુ યુવાનોને રોજગારી મળી ગઈ છે**

**દેશમાં 589 ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાઓ કામ કરી રહી છે. લગભગ 38 લાખ યુવાનોને તાલીમ આપવામાં આવી, જેમાંથી 27 લાખને રોજગારી મળી છે.**



**"આઠ કરોડથી વધુ સ્વસહાય જૂથ મહિલાઓની સામૂહિક શક્તિ અમૃત મહોત્સવને નવી ઊંચાઇઓ પર લઈ જઈ શકે છે. મહિલાઓને આગળ આવવા માટેની તકો પ્રદાન કરી રહી છે. દીનદયાલ અંત્યોદય યોજના દ્વારા ભારતમાં નવી ક્રાંતિ આવી છે** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન


અને દેશ સશક્ત થાય છે."

આ પ્રસંગે વડાપ્રધાને મહિલાઓની સફળતાની વાર્તાઓનો સંગ્રહ અને કૃષિ સાથે સંકળાયેલી આજીવિકા પર એક પુસ્તકનું પણ વિમોચન કર્યું. આ ઉપરાંત, 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં આશરે 4.07 લાખ સ્વસહાય જૂથોને રૂ. 1625 કરોડની આર્થિક સહાય આપવામાં આવી. PMFME (પીએમ ફોર્મલાઈઝેશન ઓફ માઇક્રો ફુડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઇઝ) યોજના અંતર્ગત 7500 સ્વસહાય જૂથોના સભ્યો માટે રૂ. 25 કરોડ અને 75 ખેડૂત ઉત્પાદક સંઘને રૂ. 4.13 કરોડનું ભંડોળ આપવામાં આવ્યું.

### કોવિડના સમયમાં સાવધાની

કોવિડ મહામારીએ વિશ્વની ગતિ થંભાવી દીધી હતી, ત્યારે પણ ભારતની નારી શક્તિ આ લડાઇમાં દેશની સાથે ઊભી રહી હતી. આશરે ચાર લાખ કમ્યુનિટી રિસોર્સ પર્સન્સ (CRPs)એ સ્વસહાય જૂથના 5.6 કરોડ સભ્યોને તાલીમ આપી હતી. આ જૂથોના ત્રણ લાખ સભ્યોએ 23.7 કરોડ માસ્ક, 4.79 લાખ લિટર સેનિટાઇઝર્સ અને એક લાખ લિટરથી વધુ હેન્ડ વોશનું ઉત્પાદન કર્યું હતું. કમ્યુનિટી કિચન્સ દ્વારા 5.72 કરોડથી વધુ લોકોને અનાજ પૂરું પાડવામાં આવ્યું હતું. ઉદ્યોગસાહસિકોએ 25,502 મેટ્રિક ટન ફળો અને અન્ય ડેરી પ્રોડક્ટ્સની ખરીદી કરી હતી.

એ કહેવાની જરૂર નથી કે અંતરિયાળ વિસ્તારોમાં ગરીબો અને મહિલાઓની પ્રગતિમાં સ્વસહાય જૂથોએ મહત્વની ભૂમિકા ભજવી છે. આવી તક મળવાથી મહિલાઓમાં આત્મવિશ્વાસ જાગ્યો અને તેમને સમૂહ શક્તિનું મહત્વ સમજાયું. આત્મનિર્ભરનાં માર્ગ પર આગળ વધી રહેલી મહિલાઓને કમ્યુનિટી રિસોર્સ પર્સન્સ (CRP),, 'પશુ સખી' અને 'કૃષિ સખી' જેવા નામ મળ્યાં. સ્ટાર્ટ-અપ ગ્રામ્ય ઉદ્યોગસાહસિક કાર્યક્રમે મહિલાઓ માટે નવો માર્ગ મોકળો કર્યો એટલું જ નહીં, તેમનાં સ્વપ્નોને પાંખો પણ આપી.●



# પડકારો વચ્ચે આગળ વધી રહેલો દેશ

**75મા સ્વાતંત્ર્ય દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રપતિ ડો. રામનાથ કોવિંદે નવા ભારતની રૂપરેખા રજૂ કરી હતી. દેશના ભવ્ય ઈતિહાસનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે, "ભારત હવે નવું ભારત બનવાના માર્ગે ચાલી રહ્યું છે. માળખાકીય વિકાસ, આર્થિક પ્રગતિ, દરેક વર્ગનું ધ્યાન રાખીને અને જીવનધોરણ સુધારીને ખુદનું પરિવર્તન કરી રહ્યું છે. આપણે સંરક્ષણ, આરોગ્ય, ઉડ્ડયન, ઊર્જા, કૃષિ સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. કોવિડ મહામારીના સમયમાં પણ આપણે એક થઈને લડ્યા." રાષ્ટ્રપતિના સંબોધનના અંશો પ્રસ્તુત છેઃ**

### ભારતની ગૌરવગાથાની ક્ષણ

આ વર્ષના સ્વતંત્રતા દિવસનું વિશેષ મહત્ત્વ છે, કારણ કે આ જ વર્ષથી આપણે સૌ આઝાદીની 75મી વર્ષગાંઠના ઉપલક્ષ્યમાં આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યા છીએ. અનેક પેઢીઓના જાણ્યા અને અજાણ્યા સ્વતંત્રતા સેનાનીઓએ કરેલા સંઘર્ષથી દેશની આઝાદીનું સ્વપ્ન સાકાર થયું હતું. તે બધાંએ ત્યાગ અને બલિદાનના અનોખા ઉદાહરણ પ્રસ્તુત કર્યા. તેમના શૌર્ય અને પરાક્રમના બળ પર જ આજે આપણે આઝાદીનો શ્વાસ લઈ રહ્યા છીએ. હું એ તમામ અમર સેનાનીઓની પાવન સ્મૃતિને શ્રદ્ધાપૂર્વક નમન કરું છું. રાષ્ટ્રની છેલ્લા 75 વર્ષની યાત્રા પર જ્યારે આપણે નજર નાખીએ તો આપણને ગૌરવ થાય છે કે આપણે પ્રગતિના પથ પર ઘણું લાંબુ અંતર કાપ્યું છે.

### આપણે વિશ્વને માર્ગ દર્શાવ્યો

75 વર્ષ પહેલાં જ્યારે ભારતે આઝાદી હાંસલ કરી હતી, ત્યારે અનેક લોકો શંકા કરતા હતા કે ભારતમાં લોકશાહી સફળ નહિ થાય. આવા લોકો કદાચ એ હકીકતથી અજાણ હતા કે પ્રાચીન કાળમાં, લોકશાહીનાં મૂળિયાં આ જ ભારતની ભૂમિમાં વિકસ્યાં હતાં. આધુનિક યુગમાં પણ ભારત, કોઈ પણ ભેદભાવ વિના, વયસ્કોને મતાધિકાર આપવામાં અનેક પશ્ચિમી દેશો કરતાં આગળ રહ્યું.

### લોકશાહીનું મંદિર નવા ભવનમાં સ્થપાશે

આપણી લોકશાહી સંસદીય પ્રણાલિ પર આધારિત છે, તેથી સંસદ આપણી લોકશાહીનું મંદિર છે. જ્યાં જનતાની સેવા માટે મહત્વના મુદ્દાઓ પર વાદ-વિવાદ, સંવાદ અને નિર્ણય કરવાનો સર્વોચ્ચ મંચ આપણને ઉપલબ્ધ છે. આપણા માટે આ ગૌરવની વાત છે કે આપણા લોકશાહીનું આ મંદિર નજીકના ભવિષ્યમાં જ નવા ભવનમાં સ્થાપિત થવા જઈ રહ્યું છે.

> **"સરકારે આ વર્ષને યાદગાર બનાવવા માટે અનેક યોજનાઓનો શુભારંભ કર્યો છે. ગગન યાન તેમાંનું એક છે. તેનાથી ભારત માનવસહિત અંતરિક્ષ મિશન મોકલનાર વિશ્વનો ચોથો દેશ બની જશે.**

### પર્યાવરણ પ્રત્યે આપણી પ્રતિબધ્ધતા

આધુનિક ઔદ્યોગિક સભ્યતાએ માનવ જાતિ સમક્ષ ગંભીર પડકારો ઊભા કર્યા છે. સમુદ્રોનું જળ સ્તર વધી રહ્યું છે, ગ્લેશિયર પીગળી રહ્યા છે અને પૃથ્વીના તાપમાનમાં વૃદ્ધિ થઈ રહી છે. આ રીતે જળવાયુ પરિવર્તનની સમસ્યા આપણા જીવનને અસર કરી રહી છે. આપણા માટે ગૌરવની વાત છે, કે ભારતે પેરિસ જળવાયુ સંધિનું પાલન કર્યું એટલું જ નહીં, જળવાયુના રક્ષણ માટે નિશ્ચિત કરવામાં આવેલી પ્રતિબદ્ધતા કરતાં પણ વધુ યોગદાન આપ્યું.

**આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું કદ ઊંચું થઈ રહ્યું છે. આ પરિવર્તન મહત્વના બહુપક્ષીય મંચો પર આપણી અસરકારક ભાગીદારીમાં પ્રતિબિંબિત થઈ રહ્યું છે**

### આપણે ઓલિમ્પિકમાં ઈતિહાસ રચ્યો

ભારતે ઓલિમ્પિક રમતોમાં ભાગ લીધાના 121 વર્ષોમાં સૌથી વધુ મેડલ જીતવાનો ઈતિહાસ રચ્યો છે. આપણી દીકરીઓએ અનેક મુશ્કેલીઓ પાર કરીને રમતના મેદાનોમાં વિશ્વ સ્તરની ઉત્કૃષ્ટતા હાંસલ કરી છે.

### મહિલાઓને પ્રગતિ માટે સમાન તકો પૂરી પાડી

રમત-ગમતની સાથે જીવનના દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી અને સફળતામાં યુગાંતરકારી પરિવર્તન થઈ રહ્યા છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓથી લઈને સશસ્ત્ર દળો સુધી, પ્રયોગશાળાઓથી લઈને રમતનાં મેદાનો સુધી, આપણી દીકરીઓ વિશિષ્ટ ઓળખ બનાવી રહી છે. દીકરીઓની આ સફળતામાં મને ભવિષ્યના વિકસિત ભારતની ઝલક દેખાઈ રહી છે. હું દરેક માતા-પિતાને આગ્રહ કરું છું કે તેઓ આવી આશાસ્પદ દીકરીઓના પરિવારો પાસેથી શીખ મેળવે અને પોતાની દીકરીઓને પણ આગળ વધવાની તકો પૂરી પાડે.

### આપણે કોવિડ મહામારીની ભયાનક બીજી લહેરમાંથી પસાર થયા

આપણા વૈજ્ઞાનિકોએ બહુ જ ઓછા સમયમાં રસી બનાવવામાં સફળ રહ્યા. તેમ છતાં, કોરોના વાયરસના નવા સ્વરૂપો અને અન્ય અણધાર્યા પરિબળોને કારણે આપણે ભયાનક બીજી લહેરનો ભોગ બન્યા. મને એ વાતનું ઊંડું દુઃખ છે, કે બીજી લહેરમાં ઘણાં લોકોના જીવન બચાવી ન શકાયા અને ઘણાં લોકોને ભારે કષ્ટ સહન કરવું પડ્યું. આ એક અભૂતપૂર્વ સંકટનો સમય હતો .

### ફ્રન્ટલાઈન વર્કર્સને સલામ

આપણે એ વાતનો સંતોષ લઈ શકીએ કે આ મહામારીમાં આપણે જેટલા લોકોના જીવ ગુમાવ્યા છે, તેનાથી વધુ લોકોના જીવ બચાવી શકાયા છે. ફરી એક વાર, આપણા ડોક્ટરો, નર્સો, આરોગ્ય કર્મચારીઓ, વહીવટકર્તાઓ અને અન્ય કોરોના યોદ્ધાઓના પ્રયાસો દ્વારા કોરોનાની બીજી લહેર પર કાબૂ મેળવવામાં આવી રહ્યો છે.

### રસી લેવા માટે અન્યોને પ્રેરણા આપો

દેશમાં ચાલી રહેલા વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં 50 કરોડથી વધુ લોકોને રસી અપાઈ ચૂકી છે. હું સૌ દેશવાસીઓને આગ્રહ કરું છું કે તેઓ પ્રોટોકોલને અનુરૂપ, શક્ય એટલી જલ્દી રસી મૂકાવી દે અને અન્ય લોકોને પણ પ્રેરિત કરે.

### સરકારે દરેક વર્ગનું ધ્યાન રાખ્યું..

આ મહામારીની અસર અર્થતંત્ર માટે એટલી જ વિનાશકારી છે, જેટલી લોકોના આરોગ્ય માટે. સરકાર ગરીબ અને નીચલા મધ્યમ વર્ગના લોકોની સાથે નાના અને મધ્યમ ઉદ્યોગોની સમસ્યાઓ અંગે પણ ચિંતિત છે. સરકાર, એ શ્રમિકો અને વેપારીઓની જરૂરિયાતો અંગે પણ સંવેદનશીલ છે, જેમને લોકડાઉન અને અવરજવર પરના પ્રતિબંધોને કારણે મુશ્કેલી પડી હતી. સરકારે ગયા વર્ષે તેમને રાહત આપવા માટે અનેક પગલાં લીધાં હતાં. આ વર્ષે પણ સરકારે મે અને જૂનમાં લગભગ 80 કરોડ લોકોને અનાજ ઉપલબ્ધ કરાવ્યું. હવે આ સહાય દિવાળી સુધી લંબાવવામાં આવી છે. આ ઉપરાંત, કોવિડથી અસર પામેલા અમુક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે સરકારે તાજેતરમાં જ 6 લાખ 28 હજાર કરોડ રૂપિયાનું પ્રોત્સાહન પેકેજ આપવાની જાહેરાત કરી છે.

### ગામડાંમાં વિકાસની નવી શરૂઆત..

અનેક મુશ્કેલીઓ છતાં ગ્રામીણ ક્ષેત્રોમાં, ખાસ કરીને કૃષિ ક્ષેત્રમાં, વૃદ્ધિ જળવાઈ રહી છે. હાલમાં જ, કાનપુર દેહાત જિલ્લામાં આવેલા મારા પૈતૃક ગામ પરૌંખની યાત્રા દરમ્યાન, મને એ જોઈને ઘણો આનંદ થયો કે ગ્રામીણ ક્ષેત્રોમાં લોકોના જીવનને સુગમ બનાવવા માટે વધુ સારી માળખાકીય સુવિધાઓ વિક્સાવવામાં આવી રહી છે. આ તમામ પ્રયાસ આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને અનુરુપ છે.

### ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ દ્વારા ઈઝ ઓફ લિવિંગનો માર્ગ...

આપણી અર્થવ્યવસ્થામાં સમાયેલી વિકાસની ક્ષમતા પર દ્રઢ વિશ્વાસ રાખીને સરકારે સલામતી, આરોગ્ય, નાગરિક ઉડ્ડયન, ઊર્જા તથા અન્ય ક્ષેત્રોમાં મૂડીરોકાણને વધુ સરળ બનાવ્યું છે. સરકાર દ્વારા પર્યાવરણને અનુકૂળ, ઊર્જાના પુનઃપ્રાપ્ય સ્રોતો, ખાસ કરીને સૌર ઊર્જાને પ્રોત્સાહન આપવાના નવીન પ્રયાસોની વિશ્વવ્યાપી પ્રશંસા થઈ રહી છે.
જ્યારે ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસના રેન્કિંગમાં સુધારો થાય છે, ત્યારે તેની સકારાત્મક અસર ઈઝ ઑફ લિવિંગ પર પણ પડે છે.

**મેડિકલ સુવિધાઓના વિસ્તરણ માટે એક વર્ષનાં સમયગાળામાં જ રૂ. 23,220 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે**

### જનકલ્યાણ પર વિશેષ ભાર....

જનકલ્યાણની યોજનાઓ પર ખાસ ભાર મૂકવામાં આવી રહ્યો છે. ઉદાહરણ તરીકે રૂ. 70,000 કરોડની ક્રેડિટ-લિંક્ડ સબસિડી યોજનાને કારણે, ઘરનું ઘર હોવાનું સ્વપ્ન હવે સાકાર થઈ રહ્યું છે. એગ્રિકલ્ચરલ માર્કેટિંગ માટે કરવામાં આવેલા અનેક સુધારાઓને કારણે આપણા અન્નદાતા ખેડૂતો વધુ મજબૂત થશે અને તેમને પોતાનાં ઉત્પાદનોની વધુ સારી કિંમત મળશે.

### જમ્મુ કાશ્મીરમાં નવ-જાગરણનો દોર

જમ્મુ-કાશ્મીરમાં નવ-જાગરણ દેખાઈ રહ્યું છે. સરકારે લોકતંત્ર અને કાયદાના શાસનમાં વિશ્વાસ ધરાવતા તમામ પક્ષો સાથે પરામર્શની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

### શહીદોના બલિદાનને નમન...

હું ખાસ કરીને ભારતીય સશસ્ત્ર દળોના વીર જવાનોની પ્રશંસા કરું છું, જેમણે આપણી સ્વતંત્રતાની રક્ષા કરી છે અને જરૂર પડ્યે હસતા મોંએ બલિદાન પણ આપ્યું છે. હું તમામ પ્રવાસી ભારતીયોની પણ પ્રશંસા કરું છું, જેઓ જે પણ દેશમાં વસ્યા ત્યાં પોતાની માતૃભૂમિની છબીને ઉજળી રાખી છે. ●

રાષ્ટ્રપતિનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો



# અમૃતકાળ બનશે નવા ભારતનો સર્જનકાળ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશ કરી રહેલા રાષ્ટ્રને લાલ કિલ્લા પરથી આઠમી વાર સંબોધન કર્યું હતું. તેમણે દાયકાઓથી જેની અવગણના થઈ રહી હતી, તે વિકાસનાં મુદ્દા પર ભાર મૂક્યો હતો. ભવિષ્યના નવા ભારતનું સર્જન કરવાનો તેમનો સંકલ્પ હતો. લોકોનું જીવન સરળ બનાવીને વિકાસની પ્રક્રિયા આડેના અવરોધો દૂર કરીને અને સૌનાં પ્રયાસથી આગામી 25 વર્ષનાં સમયગાળાને સર્જનકાળ બનાવીને આઝાદીની 100મી જયંતીએ નવું ભારત બનાવવાનો તેમનો સંકલ્પ છે. વડાપ્રધાને લાલ કિલ્લા પરથી જણાવ્યું કે, વિકાસની નવી યાત્રા માટે "આ જ સમય છે, આ જ સમય છે..."**



"

## અમૃતકાળનું લક્ષ્ય છે, ભારત અને ભારતના નાગરિકો માટે સમૃધ્ધિના નવા શિખરો પર આરોહણ

## અમૃતકાળનું લક્ષ્ય એવા ભારતનું નિર્માણ, જ્યાં સુવિધાઓનું સ્તર ગામડાં-શહેરોનું વિભાજન કરનારું ન હોય.

ભારતના ભાગ્યને ફરકાવી દો. આ જ સમય છે, આ જ સમય છે. ભારતનો અમૂલ્ય સમય છે. આ નવા સંકલ્પ સાથે ભારત તેની નવી વિકાસયાત્રા પર નીકળી પડ્યું છે. વડાપ્રધાન લાલ કિલ્લા પરથી આઠમી વાર દેશને સંબોધિત કરી રહ્યા હતા ત્યારે આ કાર્યક્રમ દર વર્ષે મનાવવામાં આવતી આઝાદીનો ઉત્સવ માત્ર નહોતો, પણ રાષ્ટ્રને નવેસરથી વ્યાખ્યાયિત કરવાનો પ્રસંગ હતો. જે નવા સંકલ્પો સાથે આગળ વધી રહ્યું છે. આ સંકલ્પોને સાકાર કરવાની શરૂઆત થઈ ચૂકી છે કારણ કે નવું ભારત સક્ષમ છે, સશક્ત છે અને અઘરામાં અઘરો નિર્ણય લેવામાં ખચકાતું નથી, અટકતું નથી. 'ભારત પ્રથમ, સદૈવ પ્રથમ'ની આ લાગણી ભારતને આઝાદીના શતાબ્દી સમારોહ સુધી લઈ જશે. 'સંકલ્પથી સિધ્ધિ'ના મંત્રની સાથે નવા ભારતની ગૌરવપૂર્ણ યાત્રાનો પ્રારંભ થઈ ચૂક્યો છે.


સાધનને સાધ્ય અને વચનને વાસ્તવિકતામાં બદલવાની કેન્દ્ર સરકારની નીતિના પરિણામે જ લાલ કિલ્લા પરથી થતી જાહેરાતો, કે નીતિલક્ષી નિર્ણયોનો પાયાના સ્તરે અમલ થઈ રહ્યો છે. કોવિડ મહામારીનો સામનો કરવા સાહસિક નિર્ણય લઈને વિશ્વનો સૌથી મોટી રસીકરણ કાર્યક્રમ હોય કે ગરીબોને અનાજ, રોજગાર પૂરાં પાડીને આત્મવિશ્વાસ અપાવવાનો હોય, ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપીને કનેક્ટિવિટી દ્વારા દેશના નાગરિકોનું જીવનધોરણ સુધારવાનું હોય, ગ્રામીણ ભારતની કાયાપલટ કરવાની હોય કે ખેડૂત, યુવા, મહિલા, મધ્યમવર્ગને સક્ષમ બનાવીને તેમનું સશક્તિકરણ કરવાનું હોય, સમાજનાં તમામ વર્ગોને સમાન ન્યાય અને વંચિતોને તેમનાં અધિકાર અપાવવાના હોય, સર્જીકલ સ્ટ્રાઇક અને એર સ્ટ્રાઇક કરીને દેશના દુશ્મનોને નવા ભારતની તાકાતનો સંદેશો આપવાનો હોય કે પછી જમ્મુ કાશ્મીરમાંથી 370મી કલમ નાબૂદ કરીને સામાન્ય નાગરિકોને વિકાસની મુખ્યધારામાં લાવવાના હોય કે પછી 'વોકલ ફોર લોકલ'ના મંત્ર દ્વારા આત્મનિર્ભર ભારત બનાવવાનો સંકલ્પ હોય. નવું ભારત ઉદયમાન થઈ રહ્યું છે કારણ કે 21મી સદીમાં ભારતને નવી ઊંચાઇ પર લઈ જવા માટે ભારતની તાકાતને સાચો અને સંપૂર્ણ ઉપયોગ કરવો એ સમયની માગ છે. આ સ્થિતિમાં લાલ કિલ્લા પરથી વડાપ્રધાને અમૃત મહોત્સવના આ પાવન વર્ષમાં 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ'ના મંત્રમાં 'સબકા પ્રયાસ' પણ જોડી દીધું, જે તેમની દરેક યોજના અને નીતિનો આધાર રહ્યો છે. નવા ભારતનું સપનું કઈ રીતે સાકાર થશે, એ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી જાહેર કરેલો રોડમેપ.....



# આપણે નવા યુગ પ્રમાણે ઘડાવું પડશે

**દરેક દેશની વિકાસયાત્રામાં એક સમય એવો આવે છે, જ્યારે તે ખુદને નવેસરથી વ્યાખ્યાયિત કરે છે. 75 વર્ષના અવસરને આપણે એક સમારોહ પૂરતો મર્યાદિત નથી રાખવો. આપણે નવા સંકલ્પોને આધાર બનાવવો છે.**

- નવા સંકલ્પોને લઈને ચાલી નીકળવાનું છે. અહીંથી શરૂ કરીને આગામી 25 વર્ષની યાત્રા કરવાની છે, જ્યારે આપણે આઝાદીની શતાબ્દી મનાવીશું. નવા ભારતના સર્જનનો આ અમૃતકાળ છે. આ અમૃતકાળમાં આપણા સંકલ્પોની સિધ્ધિ આપણને આઝાદીના 100 વર્ષ સુધી લઈ જશે. ગૌરવપૂર્ણ રીતે લઈ જશે.
- અમૃતકાળનું લક્ષ્ય એક એવા ભારતનું નિર્માણ, જયાં સરકાર નાગરિકોના જીવનમાં વગર કારણે દરમિયાનગીરી ન કરે. અમૃતકાળનું લક્ષ્ય છે એક એવા ભારતનું નિર્માણ, જ્યાં વિશ્વનું તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધુનિક હોય.
- આપણે કોઈનાથી ઉતરતા ન હોઈએ. કરોડો દેશવાસીઓનો આ જ સંકલ્પ છે. પણ, જ્યાં સુધી સંકલ્પની સાથે મહેનત અને પરાક્રમની પરાકાષ્ઠા ન હોય ત્યાં સુધી તે સંકલ્પ અધૂરો છે. તેથી, આપણે આપણા તમામ સંકલ્પોને પરિશ્રમ અને પરાક્રમની પરાકાષ્ઠા દ્વારા જ સાકાર કરવાના છે અને આ સપના, આ સંકલ્પ દેશની સરહદોને વટાવીને સલામત અને સમૃધ્ધ વિશ્વ માટે અસરકારક યોગદાન પણ આપશે.
- અમૃતકાળ 25 વર્ષનો છે, પણ આપણે આપણાં લક્ષ્યોને પ્રાપ્ત કરવા આટલી લાંબી રાહ નથી જોવી. આપણે અત્યારથી તેમાં લાગી જવાનું છે. આપણી પાસે ગુમાવવા માટે એક ક્ષણ પણ નથી. આ જ સમય છે, આ જ સમય છે.
- આપણા દેશે પણ બદલાવું પડશે આપણે એક નાગરિક તરીકે પોતાની જાતને પણ બદલવી પડશે. આપણે પણ આપણી જાતને બદલાઈ રહેલા જમાના પ્રમાણે ઢાળવી પડશે.



“

**21મી સદીમાં ભારતના સપનાં અને આકાંક્ષાઓને પૂરી કરતાં આપણને કોઈ વિઘ્ન રોકી નહીં શકે**

**આપણી પ્રાણશક્તિ ‘રાષ્ટ્ર પ્રથમ- સદૈવ’ પ્રથમની ભાવના છે.. અને આપણે વિજયની દિશામાં આગળ વધીએ તે માટે આ જ સમય છે.**





# નાના ખેડૂતો હવે બને દેશની શાન

**દેશના 80 ટકાથી વધુ ખેડૂતો એવા છે જેમની પાસે બે હેક્ટરથી પણ ઓછી જમીન છે. આપણે જોઇએ તો, 100માંથી 80 ખેડૂતો પાસે બે હેક્ટરથી પણ ઓછી જમીન છે.**

- પાક વીમા યોજનામાં સુધારા હોય, લઘુતમ ટેકાના ભાવને દોઢ ગણા કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય હોય, નાના ખેડૂતોને ક્રેડિટ કાર્ડ દ્વારા સસ્તા દરે બેંક પાસેથી ધિરાણ મળવાની વ્યવસ્થા હોય, સોલર પાવર સાથે જોડાયેલી યોજનાઓ ખેતી સુધી પહોંચાડવાની વાત હોય, ખેડૂત ઉત્પાદક સંગઠનો હોય.. આ બધા જ પ્રયાસ નાના ખેડૂતોની તાકાત વધારશે.
- આવનારા સમયમાં બ્લોક લેવલ સુધી વેર હાઉસની સુવિધા નિર્માણ કરવાનું અભિયાન પણ ચલાવવામાં આવશે. દરેક નાના ખેડૂતોના નાનામાં નાના ખર્ચને ધ્યાનમાં રાખીને પીએમ કિસાન સન્માન નિધિ યોજના ચલાવવામાં આવી રહી છે.
- દસ કરોડથી વધુ રકમ સીધી ખેડૂત પરિવારોના ખાતાઓમાં જમા કરાવી દેવામાં આવી છે. નાના ખેડૂતો હવે અમારા માટે અમારો મંત્ર છે, અમારો સંકલ્પ છે. 'નાનો ખેડૂત બને દેશની શાન' એ અમારું સપનું છે. આગામી વર્ષોમાં આપણે દેશના નાના ખેડૂતોની સામૂહિક શક્તિને વધારે આગળ વધારવાની છે. નવી સુવિધાઓ આપવી પડશે. આજે દેશના 70થી વધુ રેલ માર્ગો પર કિસાન રેલ ચાલી રહી છે.
- કિસાન રેલ નાના ખેડૂતોને પોતાના ઉત્પાદનોને ઓછા ખર્ચે, વાહનવ્યવહારનો ખર્ચ ઓછો થાય, એ રીતે અંતરિયાળ વિસ્તારોમાં આ આધુનિક સુવિધા સાથે પોતાના ઉત્પાદનો પહોંચાડી શકે છે. કમલમ હોય કે શાહી લીચી, ભૂત જોલોકિયા મરચું હોય કે કાળા ચોખા અથવા હળદર જેવા ઉત્પાદનો, દુનિયાના જુદા જુદા દેશોમાં તે મોકલવામાં આવી રહ્યા છે

"

**પહેલાં દેશમાં જે નીતિ બનતી હતી, તેમાં નાના ખેડૂતોને જેટલી પ્રાથમિકતા આપવી જોઈતી હતી, તેટલી નહોતી આપવામાં આવતી.**

**હવે દેશમાં આ જ નાના ખેડૂતોને ધ્યાનમાં રાખીને કૃષિ સુધારા કરવામાં આવી રહ્યા છે, નિર્ણય લેવામાં આવી રહ્યા છે.**



# રમતગમત, યુવા-મહિલા શક્તિએ દેશનું માન વધાર્યું

**આપણા યુવાનો રમી પણ રહ્યા છે, ખીલી પણ રહ્યા છે. જીવનના અન્ય મેદાનોમાં પણ આવું જ થશે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની આ વિશેષતા છે. તેમાં રમતગમતને વધારાની પ્રવૃત્તિને બદલે અભ્યાસનો મુખ્ય હિસ્સો બનાવવામાં આવ્યો છે.**

- એક સમય હતો જ્યારે રમતગમતને મુખ્યધારાનો ભાગ નહોતું ગણવામાં આવતું. મા-બાપ પણ બાળકોને કહેતા કે રમતાં જ રહેશો તો જીવન બરબાદ થઈ જશે. પણ હવે દેશમાં ફિટનેસ અને રમતગમત અંગે જાગૃતિ આવી છે. આ વખતે ઓલિમ્પિકમાં પણ આપણે જોયું, આપણે અનુભવ કર્યો. આ પરિવર્તન આપણા દેશ માટે મોટો પડાવ છે. તેથી, આજે દેશમાં રમતગમતમાં પ્રતિભા, ટેકનોલોજી અને વ્યાવસાયિકરણ લાવવા માટે જે અભિયાન ચાલી રહ્યું છે તેને આ દાયકામાં આપણે વધુ ઝડપી અને વ્યાપક કરવાનું છે.
- દેશ માટે એ ગૌરવની વાત છે કે શિક્ષણ, રમતગમત, બોર્ડના પરિણામો હોય કે ઓલિમ્પિકનું મેદાન હોય, આપણી દીકરીઓ અભૂતપૂર્વ દેખાવ કરી રહી છે. આજે ભારતની દીકરીઓ પોતાનું સ્થાન મેળવવા આતુર છે. આપણે એ સુનિશ્ચિત કરવાનું છે કે દરેક કારકિર્દી અને કાર્યક્ષેત્રમાં મહિલાઓની સમાન સહભાગિતા હોય.
- આપણે એ સુનિશ્ચિત કરવાનું છે કે રસ્તાથી લઈને કામકાજના સ્થળ સુધી દરેક જગ્યાએ મહિલાઓ સલામતીનો અનુભવ કરે, સન્માનની લાગણી અનુભવે. આ માટે દેશની સરકારો, વહીવટીતંત્ર, પોલિસ અને ન્યાયપાલિકાઓ અને નાગરિકોએ પોતાની સંપૂર્ણ જવાબદારી નિભાવવાની છે. આ સંકલ્પને આપણે આઝાદીના 75 વર્ષનો સંકલ્પ બનાવવો છે.
- ભાષાને કારણે આપણે દેશની બહુ મોટી પ્રતિભાને પાંજરામાં કેદ કરી દીધી છે. ગરીબની દીકરી-દીકરો માતૃભાષામાં ભણીને વ્યાવસાયિક બનશે તો તેના સામર્થ્ય સાથે ન્યાય થશે.



“ ગરીબી સામેની લડાઈ લડવાનો એક આધાર માતૃભાષા પણ છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આ વાતનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.

**સરકારે નક્કી કર્યું છે કે દેશની તમામ સૈનિક શાળાઓમાં દેશની દીકરીઓ પણ ભણશે**





# પર્યાવરણ સલામતી અને ઊર્જા ક્ષેત્રમાં અગ્રેસર ભારત


**જૈવ વૈવિધ્ય, લેન્ડ ન્યુટ્રાલિટી, જળવાયુ પરિવર્તન, કચરાના નિકાલની વ્યવસ્થા (વેસ્ટ મેનેજમેન્ટ), જૈવિક ખેતી, બાયો ગેસ, ઊર્જા સંરક્ષણ, સ્વચ્છ ઊર્જા ક્ષેત્રમાં પરિવર્તન જેવાં મુદ્દે પગલાં લઈને ભારત પર્યાવરણ સંરક્ષણમાં સમગ્ર વિશ્વમાં નોંધપાત્ર કામગીરી કરી રહ્યું છે.**

- ભારતની આ સફળતાઓ વચ્ચે એક હકીકત બીજી પણ સમજવાની છે. ભારત ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભર નથી. ભારત આજે ઊર્જાની આયાત માટે વર્ષે 12 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરે છે. તેથી આજે એ સંકલ્પ લેવો પડશે કે આપણે આઝાદીના 100 વર્ષ પૂરા થાય તે પહેલાં ભારતને ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવીશું.
- ગેસ આધારિત વ્યવસ્થા, દેશભરમાં સીએનજી અને પીએનજીનું નેટવર્ક, 20 ટકા ઈથેનોલનું મિશ્રણ જેવા અનેક લક્ષ્યમાં ભારત સતત આગળ વધી રહ્યું છે. ભારતે ઈલેક્ટ્રિક મોબિલિટી તરફ પણ પ્રયાણ કર્યું છે અને રેલવેના 100 ટકા વિદ્યુતિકરણ પર પણ ઝડપથી કામ ચાલી રહ્યું છે.
- ભારતીય રેલવેએ 2030 સુધી ઝીરો કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. આ તમામ પ્રયાસોની સાથે સાથે દેશ 'મિશન સર્ક્યુલર ઈકોનોમી' પર પણ ભાર આપી રહ્યો છે. વ્હિકલ સ્ક્રેપેજ નીતિ તેનું મોટું ઉદાહરણ છે. આજે જી-20 દેશોના જૂથમાં ભારત એક માત્ર એવો દેશ છે જે જળવાયુ પરિવર્તનના લક્ષ્યોને પ્રાપ્ત કરવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યો છે.
- ભારતે આ દાયકાના અંત સુધી અક્ષય ઊર્જાના 450 ગિગાવોટનું લક્ષ્ય નક્કી કર્યું છે. તેમાં 100 ગિગાવોટનું લક્ષ્ય નિશ્ચિત સમય પહેલાં હાંસલ કરવામાં આવ્યું છે. આપણા આ પ્રયાસ વિશ્વને પણ ભરોસો અપાવી રહ્યાં છે. વૈશ્વિક સ્તર 'ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ'ની રચના તેનું મોટું ઉદાહરણ છે.

“

**પર્યાવરણ ક્ષેત્રમાં ગ્રીન હાઈડ્રોજનને કારણે મોટી છલાંગ મળશે. અમૃતકાળમાં આપણે ભારતને ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન અને નિકાસને વૈશ્વિક કેન્દ્ર બનાવવાનું છે.**

**વન વિસ્તાર, નેશનલ પાર્ક, વાઘની સંખ્યા અને એશિયાઈ સિંહમાં થયેલો વધારો ખુશીની વાત છે.**



# સ્વદેશી ઉત્પાદન નવા ભારતની તાકાત

**ભારતે તેનાં ઉત્પાદન અને નિકાસ બંનેમાં વધારો કરવો પડશે. તમે જોયું હશે કે થોડાં દિવસ પહેલાં ભારતે તેનાં પ્રથમ સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રાંતને સમુદ્રમાં પરીક્ષણ માટે ઉતાર્યું છે.**

- કોવિડ પછી સર્જાયેલી નવી આર્થિક પરિસ્થિતિઓમાં મેક ઇન ઇન્ડિયાને બળ આપવા માટે સરકારે પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ (પીએલઆઇ)ની જાહેરાત કરી છે. આ યોજનાથી જે પરિવર્તન આવી રહ્યું છે તેનું ઉદાહરણ ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ સેક્ટર છે. સાત વર્ષ પહેલાં આપણે આશરે આઠ અબજ ડોલરના મોબાઇલ ફોનની આયાત કરતા હતા. હવે આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને આજે આપણે ત્રણ અબજ ડોલરના મોબાઇલ ફોનની નિકાસ પણ કરીએ છીએ.
- દેશનાં તમામ ઉત્પાદકોને હું આગ્રહપૂર્વક કહેવા માગું છું કે તેમણે એ વાત ક્યારેય ન ભૂલવી જોઇએ કે તમે જે ચીજવસ્તુઓ બહાર વેચો છો, તે તમારી કંપની દ્વારા બનાવવામાં આવેલી માત્ર એક વસ્તુ કે સામાન નથી, પણ તેની સાથે ભારતની ઓળખ જોડાયેલી હોય છે, ભારતની પ્રતિષ્ઠા જોડાયેલી હોય છે.
- આજે દેશના અલગ અલગ સેક્ટર અને નાના શહેરોમાં પણ નવા નવા સ્ટાર્ટ અપ સ્થપાઈ રહ્યા છે. ભારતીય ઉત્પાદનોને આંતરરાષ્ટ્રી બજાર સુધી લઈ જવામાં તેમની મોટી ભૂમિકા છે. સરકારનો આ સ્ટાર્ટ અપ્સને સંપૂર્ણ ટેકો છે. તેમને આર્થિક મદદ આપવા, ટેક્સમાં છૂટ આપવા અને નિયમોને સરળ બનાવવા માટે તમામ પગલાં લેવાઈ રહ્યા છે. આપણે જોયું છે કે કોરોનાના કપરાં સમયમાં હજારો સ્ટાર્ટ અપ સ્થપાયા છે અને સફળતાપૂર્વક આગળ વધી રહ્યા છે. ગઈ કાલના સ્ટાર્ટ અપ આજના યુનિકોર્ન બની રહ્યા છે. તેમનું બજાર મૂલ્ય હજારો કરોડ રૂપિયા સુધી પહોંચી રહ્યું છે.



“

**ગગનયાન પણ અવકાશમાં ભારતનો ઝંડો લહેરાવવા તૈયાર થઈ રહ્યું છે. સ્વદેશી ઉત્પાદનમાં ગગનયાન આપણી શક્તિને પ્રતિબિંબિત કરે છે.**

**સ્ટાર્ટ અપ નવા સંપત્તિસર્જક છે. આ દાયકામાં સ્ટાર્ટ અપ્સ અને તેમની ઈકો સિસ્ટમને શ્રેષ્ઠ બનાવવી છે.**





# સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ


**સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ-આ શ્રધ્ધા સાથે આપણે બધાં સંકળાયેલા છીએ. આપણા દેશે પણ બદલાવું પડશે અને એક નાગરિક તરીકે પોતાની જાતને પણ બદલી પડશે. આપણે પણ આપણી જાતને બદલાતા સમય સાથે ઢાળવી પડશે.**

- સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને હવે સબકા પ્રયાસ આપણાં તમામ લક્ષ્યોની પ્રાપ્તિ માટે બહુ મહત્વપૂર્ણ છે. વીતેલા સાત વર્ષોમાં શરૂ થયેલી અનેક યોજનાઓનો લાભ કરોડો ગરીબો સુધી તેમનાં ઘર સુધી પહોંચ્યો છે.
- ઉજ્જવલાથી માંડીને આયુષ્યમાન ભારતની તાકાત આજે દેશનો દરેક ગરીબ માણસ જાણે છે. આજે સરકારી યોજનાઓની ઝડપ વધી છે અને નક્કી કરેલાં લક્ષ્યો હાંસલ થઈ રહ્યા છે. અગાઉની સરખામણીમાં આપણે ઘણી ઝડપથી આગળ વધી રહ્યા છીએ.
- પણ અહીં વાત પૂરી નથી. હવે આપણે અંત સુધી પહોંચવાનું છે. એક એક ગામમાં રસ્તા હોય, તમામ પરિવારોનું બેન્ક એકાઉન્ટ હોય, તમામ લાભાર્થીઓને આયુષ્યમાન ભારત કાર્ડ મળે, તમામને ઉજ્જવલા અને ગેસ કનેક્શનનો લાભ મળે એ સુનિશ્ચિત કરવાનું છે. સરકારની વીમા યોજના હોય, પેન્શન યોજના, આવાસ યોજના સાથે આપણે દરેક હકદાર વ્યક્તિને જોડવાની છે. અત્યાર સુધી આપણાં દેશમાં એ સાથીઓ અંગે કોઇએ વિચાર્યું નહોતું જે લારી-ગલ્લા ચલાવે છે, ફુટપાથ પર બેસીને ધંધો ચલાવે છે. હવે આવા સાથીઓને સ્વનિધિ યોજના દ્વારા બેન્કિંગ વ્યવસ્થા સાથે જોડવામાં આવી રહ્યા છે.
- દેશ 'આજે હર ઘર જલ મિશન' પર ઝડપથી કામ કરી રહ્યો છે. મને ખુશી છે કે જલ જીવન મિશન અંતર્ગત માત્ર બે વર્ષમાં સાડા ચાર કરોડથી વધુ પરિવારોને નળનું પાણી મળવાનું શરૂ થઈ ગયું છે.

“

**હવે યોજનાઓને પૂરું કરવાનું લક્ષ્ય લઈને આગળ વધવાનું છે. તેની સમયમર્યાદા બહુ લાંબી નથી રાખવી. થોડાં જ વર્ષોમાં પોતાના સંકલ્પોને સાકર કરવાના છે.**

**આપણું લક્ષ્ય છે કે આપણે સમાજની અંતિમ હરોળમાં ઊભો છે તે માણસ સુધી પહોંચવાનું છે**



# ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન દ્વારા વિકાસને ગતિ

**ભારતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણમાં સંપૂર્ણ અભિગમ, સંપૂર્ણ દ્રષ્ટિકોણ અપનાવવાની જરૂર છે. આગામી થોડાં સમયમાં અમે એક બહુ મોટી યોજના પ્રધાનમંત્રી ગતિ શક્તિનો નેશનલ માસ્ટર પ્લાન દેશ સામે લાવી રહ્યા છીએ.**


- ગતિ શક્તિ આપણા દેશ માટે એક એવો નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માસ્ટર પ્લાન હશે, જે સર્વગ્રાહી માળખાકીય સુવિધાનો આધાર બનશે અને અર્થતંત્ર માટેનો સંકલિત અને સર્વગ્રાહી માર્ગ મોકળો કરશે. હાલમાં, વાહનવ્યવહારના માધ્યમો વચ્ચે કોઈ સંકલન નથી.
- ગતિ શક્તિ આ તમામ વિઘ્નોને દૂર કરશે. આના કારણે સામાન્ય માણસ માટે મુસાફરીનો સમય ઘટશે અને આપણા ઉદ્યોગની ઉત્પાદકતામાં પણ વધારો થશે.
- ગતિ શક્તિ આપણા સ્થાનિક ઉત્પાદકોને વૈશ્વિક સ્પર્ધામાં પણ બહુ મોટી મદદ કરશે અને તેનાથી ભવિષ્યના આર્થિક ઝોનના નિર્માણની નવી સંભાવનાઓ વિક્સિત થશે. અમૃતકાળના આ દાયકામાં ગતિની શક્તિ ભારતના કાયાકલ્પનો આધાર બનશે.
- જળ,ભૂમિ, આકાશ એમ દરેક ક્ષેત્રમાં અસાધારણ સ્પીડ અને સ્કેલ પર કામ કરી બતાવ્યું છે. નવા જળમાર્ગ, નવા-નવા સ્થળોને સી-પ્લેનથી જોડવાના છે, દેશમાં બહુ ઝડપથી કામ ચાલી રહ્યું છે.
- આજે જે ગતિથી દેશમાં નવા એરપોર્ટનું નિર્માણ થઈ રહ્યું છે અને ઉડાન યોજના દૂરના વિસ્તારોને જોડી રહી છે એ અભૂતપુર્વ છે. આજે આપણે જોઈ રહ્યા છીએ કે કઈ રીતે સારી એર કનેક્ટિવિટીથી લોકોના સપનાને નવી ઊડાન મળી રહી છે.



“

**સો લાખ કરોડથી પણ વધુના બજેટની ગતિ શક્તિ યોજના લાખો યુવકોને રોજગારીની તકો લઈને આવશે**

**અમૃત મહોત્સવના 75 સપ્તાહમાં 75 વંદે ભારત ટ્રેન દેશના દરેક ખૂણાને એકબીજાથી જોડશે.**





# આરોગ્ય સુવિધાઓમાં વધારો થયો

**સરકાર તેની વિવિધ યોજનાઓ અંતર્ગત જે ચોખા ગરીબોને આપે છે, તેમાં સુધારો કરશે. ગરીબોને પોષણયુક્ત ચોખા આપવામાં આવશે. રેશનની દુકાન હોય કે મધ્યાહન ભોજન હોય, વર્ષ 2024 સુધી દરેક યોજના અંતર્ગત પોષણયુક્ત ચોખા આપવામાં આવશે.**

- આજે દેશમા દરેક ગરીબ સુધી સારી આરોગ્ય સુવિધાઓ પહોંચાડવાનું અભિયાન ઝડપથી ચાલી રહ્યું છે. આ માટે મેડિકલ શિક્ષણમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા છે. પ્રીવેન્ટિવ હેલ્થકેર પર પણ એટલું જ ધ્યાન આપવામાં આવ્યું છે. સાથે સાથે દેશમાં મેડિકલ સીટમાં પણ ઘણો વધારો કરવામાં આવ્યો છે. આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત દેશના ગામડે ગામડે વધુ સારી આરોગ્ય સુવિધાઓ પહોંચાડવામાં આવી રહી છે.
- જનઔષધિ યોજના દ્વારા ગરીબ, મધ્યમવર્ગને સસ્તી દવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. અત્યાર સુધી 75,000થી વધુ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર બનાવવામાં આવ્યા છે. હવે બ્લોક સ્તર પર સારી હોસ્પિટલો અને આધુનિક લેબના નેટવર્ક પર કામ ચાલી રહ્યું છે. બહુ જલ્દી દેશની હજારો હોસ્પિટલો પાસે પોતાના ઓક્સિજન પ્લાન્ટ પણ હશે.
- સમગ્ર વિશ્વમાં કોવિડ જેવી મહામારી ફેલાઈ હોય ત્યારે આપણને કઈ રીતે રસી મળત. કદાચ મળત કે ના પણ મળત. અને મળત તો ક્યારે મળત? પણ આજે આપણે ગૌરવપૂર્વક કહી શકીએ કે આપણા દેશમાં વિશ્વનો સૌથી મોટો રસીકરણ કાર્યક્રમ ચાલી રહ્યો છે. 54 કરોડથી વધુ લોકો રસી લગાવી ચૂક્યા છે. કોવિન જેવી ઓનલાઈન વ્યવસ્થા, ડિજિટલ સર્ટિફિકેટ આપવાની વ્યવસ્થા આજે વિશ્વને આકર્ષિત કરી રહી છે.
- એ વાત સાચી કે અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં ઓછા લોકો સંક્રમિત થયા છે અને એ પણ સાચું છે કે વિશ્વના દેશોની વસતિની સરખામણીમાં આપણે વધુ લોકોના જીવ બચાવી શક્યા, પણ આપણા માટે આ પીઠ થપથપાવવાનો વિષય નથી.

“

**મહામારીના સમયમાં ભારતે જે રીતે 80 કરોડ દેશવાસીઓને મહિનાઓ સુધી મફત અનાજ આપ્યું, તે વિશ્વ માટે ચર્ચાનો વિષય છે.**

**ડોક્ટર નર્સ, પેરામેડિકલ સ્ટાફ, વૈજ્ઞાનિકોની સાથે સાથે જનસેવામાં જોડાયેલા દેશવાસીઓ પણ વંદનના  હકદાર છે.**



# પૂર્વોત્તર, જમ્મુ કાશ્મીર અને લડાખનો વિકાસ

**પૂર્વ ભારત, જમ્મુ-કાશ્મીર, લડાખ સહિત સમગ્ર હિમાલયનો વિસ્તાર, કોસ્ટલ બેલ્ટ અથવા આદિવાસી વિસ્તાર.. ભવિષ્યમાં ભારતના વિકાસ અને વિકાસ યાત્રામાં બહુ મોટો આધાર બનવાના છે.**


- આજે પૂર્વોત્તરમાં કનેક્ટિવિટીનો નવો ઇતિહાસ લખાઈ રહ્યો છે. આ કનેક્ટિવિટી દિલોની પણ છે અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની પણ છે. બહુ જલ્દી પૂર્વોત્તરનાં તમામ રાજ્યોની રાજધાનીઓને રેલવે સેવા દ્વારા જોડવાનું કામ પૂરું થવાનું છે. 'એક્ટ ઈસ્ટ' પોલિસી અંતર્ગત આજે દેશના પૂર્વોત્તર રાજ્યો બાંગલાદેશ. મ્યાંમાર અને દક્ષિણ-પૂર્વ એશિયા સાથે પણ જોડાઈ રહ્યા છે. વીતેલા વર્ષોમાં જે પ્રયાસ થયા છે, તેને કારણે હવે પૂર્વોત્તરમાં કાયમી શાંતિ માટે, શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટેનો ઉત્સાહ અનેક ગણો વધ્યો છે.
- પૂર્વોત્તરમાં પર્યનટ, રોમાંચક રમતો, જૈવિક ખેતી, હર્બલ ઔષધિના ઉત્પાદન માટે વ્યાપક સંભાવના રહેલી છે. આપણે આ સંભાવનાઓનો સંપૂર્ણ ઉપયોગ કરવાનો છે અને તેને દેશની વિકાસ યાત્રાનો હિસ્સો બનાવવાનો છે. આપણે આ કામ અમૃતકાળના કેટલાંક દાયકામાં જ પૂરું કરવાનું છે. બધાંની ક્ષમતાઓને પૂરતી તક આપવી એ જ સાચી ભાવના છે. જમ્મુ હોય કે કાશ્મીર, વિકાસનું સંતુલન હવે જમીન પર પણ દેખાઈ રહ્યું છે.
- જમ્મુ કાશ્મીરમાં સીમાંકન પંચની રચના થઈ ચૂકી છે અને ભવિષ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજવાની તૈયારી પણ ચાલી રહી છે. લડાખ પણ વિકાસની અસીમ સંભાવનાઓ તરફ આગળ વધી રહ્યું છે. એક બાજુ લડાખમાં આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ થઈ રહ્યું છે, તો બીજી બાજુ, સિંધુ સેન્ટ્રલ યુનિવર્સિટી લડાખને ઉચ્ચ શિક્ષણનું કેન્દ્ર બનાવી રહ્યું છે.



“

**સમાજની વિકાસ યાત્રામાં કોઈ વ્યક્તિ ન છૂટે, કોઈ વર્ગ ન છૂટે, એ રીતે દેશનો કોઈ ભૂ-ભાગ, કોઈ ખૂણો પણ પાછળ ન રહી જવો જોઈએ.**

**આવા વિસ્તારોના વિકાસ માટે છેલ્લાં સાત વર્ષમાં જે પ્રયાસ કરવામાં આવ્યા છે, હવે એ દિશામાં હજુ ઝડપથી આગળ વધી રહ્યા છીએ**





# આતંકવાદઃ ભારત મોટા નિર્ણયો લેવામાં સક્ષમ

**બીજા વિશ્વયુધ્ધ બાદ વૈશ્વિક સંબંધોનું સ્વરૂપ બદલાઈ ગયું છે. કોવિડ દરમિયાન વિશ્વએ ભારતના પ્રયાસોને જોયા પણ છે અને તેની પ્રશંસા પણ કરી છે. આજે વિશ્વ ભારતને નવાં દ્રષ્ટિકોણથી જોઈ રહ્યું છે.**

- આ દ્રષ્ટિકોણના બે મહત્વના પાસા છે- એક આતંકવાદ અને બીજો વિસ્તારવાદ. ભારત આ બંને પડકારો સામે મજબૂતાઈથી લડી રહ્યો છે અને ભારે હિંમતપૂર્વક જવાબ પણ આપી રહ્યો છે.
- ભારત તેની જવાબદારીઓને સાચી રીતે નિભાવી શકે, તે માટે સંરક્ષણ ક્ષેત્રની તૈયારીઓને પણ સુદ્રઢ રાખવી જરૂરી છે. સંરક્ષણ ક્ષેત્રમાં દેશને આત્મનિર્ભર બનાવવા, ભારતીયો અને ભારતની કંપનીઓને પ્રોત્સાહિત કરવા માટે દેશના મહેનતુ ઉદ્યોગસાહસિકોને નવી તકો પૂરી પાડવા માટે આપણા પ્રયાસ સતત ચાલુ છે. હું દેશને વિશ્વાસ અપાવવા માગુ છું કે દેશની સલામતી સાથે જોડાયેલી આપણી સેનાઓનાં હાથ મજબૂત કરવા માટે અમે કોઈ કસર નહીં છોડીએ.
- આજે દેશના મહાન વિચારક શ્રી અરવિંદોની જન્મજયંતી છે. વર્ષ 2022માં તેમની 150મી જન્મજયંતી છે. શ્રી અરવિંદો ભારતના ઉજ્જવળ ભવિષ્યના સ્વપ્નદ્રષ્ટા હતા. તેઓ કહેતા હતા, આપણે એટલાં સામર્થ્યવાન બનવાનું છે જેટલાં અગાઉ ક્યારેય નહોતા. આપણે આપણી આદત બદલવી પડશે. એક નવા હૃદય સાથે પોતાની જાતને ફરીથી જાગૃત કરવી પડશે. શ્રી અરવિંદોની આ વાત આપણને આપણી ફરજની યાદ અપાવે છે.
- એક નાગરિક તરીકે, એક સમાજ તરીકે આપણે દેશને શું આપી રહ્યાં છીએ એ પણ વિચારવું પડશે. આપણે હંમેશા અધિકારોને મહત્વ આપ્યું છે, અને એ સમયગાળામાં તેની જરૂરિયાત પણ હતી, પણ હવે આપણે ફરજોને સર્વોપરિ બનાવવાની છે, સર્વોપરિ રાખવાની છે.

“

**દેશના ભાગલા સમયે અમાનવીય સ્થિતિમાંથી પસાર થયેલા લોકોની યાદમાં દર વર્ષે 14 ઓગસ્ટે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ તરીકે મનાવવામાં આવશે**

**દેશે જે સંકલ્પોની બીડું ઝડપ્યું છે તેને પૂરાં કરવા માટે દરેક વ્યક્તિએ જોડાવું પડશે**



# ‘ઇઝ ઓફ લિવિંગ’ બન્યો સુશાસનનો મંત્ર

**ભારતે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણમાં સમગ્ર વિચાર, સમગ્ર દ્રષ્ટિકોણ અપનાવવાની જરૂર છે. આગામી થોડાં સમયમાં અમે કરોડો દેશવાસીઓના સપનાને પૂરા કરનારી બહુ મોટી યોજનાની શરૂઆત કરી રહ્યા છીએ.**

- પહેલાંના સમયમાં સરકાર પોતે જ ડ્રાઈવિંગ સીટ પર બેસી ગઈ હતી. કદાચ એ સમયની માગ હશે. પણ હવે સમય બદલાઈ ગયો છે. વીતેલાં સાત વર્ષમાં દેશમાં તેનાં માટેનાં પ્રયાસ વધ્યા છે કે દેશના લોકોને બિનજરૂરી કાયદાની જાળ, બિનજરૂરી પ્રક્રિયાઓની જાળમાંથી મુક્તિ આપવામાં આવે.
- અત્યાર સુધી દેશના સેંકડો જૂના કાયદાઓને નાબૂદ કરી દેવામાં આવ્યા છે. કોરોનાના સમયગાળામાં પણ સરકારે 15,000થી વધુ અનુપાલનને દૂર કર્યા છે.
- હું એક ઉદાહરણ આપવા માગું છું. 200 વર્ષ પહેલાંથી આપણે ત્યાં એક કાયદો ચાલી રહ્યો છે. 200 વર્ષ એટલે કે 1857થી પણ પહેલાંનાં આ કાયદાને કારણે નાગરિકને મેપિંગ એટલે કે નકશો બનાવવાની સ્વતંત્રતા નહોતી. હવે વિચાર કરો. 1857થી ચાલ્યો આવે છે. નકશો બનાવવો હોય તો સરકારને પૂછો, નકશો કોઇ પુસ્તકમાં છાપવો હોય તો સરકારને પૂછો, નકશો ખોવાઈ જાય તો ધરપકડની પણ જોગવાઈ. આજકાલ દરેક ફોનમાં નકશાની એપ છે.
- ‘ઇઝ ઓફ લિવિંગ’ની સાથે સાથે ‘ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ’ બંને હાંસલ કરવા માટે નકામા કાયદાઓની પકડમાંથી મુક્તિ જરૂરી છે. આપણા દેશમાં ઉદ્યોગ અને વેપાર પરિવર્તનને અનુભવી રહ્યા છે.
- આજે ડઝનબંધ શ્રમ કાયદાઓ માત્ર ચાર કોડમાં સમાવી લેવામાં આવ્યા છે. ટેક્સ સાથે સંકળાયેલી કામગીરીને પણ હવે સરળ અને ફેસલેસ કરવામાં આવી છે.

आज़ादी का अमृत महोत्सव

# વિકાસની નવી યાત્રા

આ જ સમય છે,
આ જ સમય છે.. યોગ્ય સમય છે,
ભારતનો અમૂલ્ય સમય છે.
આ જ સમય છે.. યોગ્ય સમય છે,
ભારતનો અમૂલ્ય સમય છે!
અસંખ્ય ભુજાઓની શક્તિ છે,
અસંખ્ય ભુજાઓની શક્તિ છે, દરેક
બાજુ દેશની ભક્તિ છે!
અસંખ્ય ભુજાઓની શક્તિ છે, દરેક
બાજુ દેશની ભક્તિ છે!
તમે ઉઠો, તિરંગો લહેરાવી દો,
તમે ઉઠો, તિરંગો લહેરાવી દો,
ભારતના ભાગ્યને ફરકાવી દો,
ભારતના ભાગ્યને ફરકાવી દો!
આ જ સમય છે, યોગ્ય સમય છે,
ભારતનો અમૂલ્ય સમય છે!
કંઈ એવું નથી..
કંઈ પણ એવું નથી, જે ના કરી શકો,
કંઈ એવું નથી, જે ના કરી શકો,
તમે ઊભા થઈ જાવ..
તમે ઊભા થઈ જાવ, તમે લાગી
જાવ,
સામર્થ્યને તમારા ઓળખો..
સામર્થ્યને તમારા ઓળખો..
પોતાના કર્તવ્યને બધા જાણો..
પોતાના કર્તવ્યને બધા જાણો..
આ જ સમય છે, યોગ્ય સમય છે!
ભારતનો અમૂલ્ય સમય છે!



### ભોજન પણ, જીવન પણ, સન્માન પણ

# અન્ન યોજનાએ ગરીબોને આપ્યો આત્મવિશ્વાસ

**અનાજનું શું મહત્વ છે તે ભૂખી વ્યક્તિથી વધારે સારી રીતે કોઈ ના સમજી શકે. સદીની સૌથી મોટી આપત્તિ કોરોના મહામારીના સમયમાં સરકારે 'દેશમાં કોઈ નાગરિક ભૂખ્યો ન રહેવો જોઈએ' એવા વિચાર સાથે રૂપિયા બે લાખ કરોડથી વધુનો ખર્ચ કરીને 80 કરોડથી વધુ લોકોને અનાજ પૂરું પાડવાનો સંકલ્પ સાકાર કરી બતાવ્યો, જેથી આપત્તિના આ સમયમાં ગરીબોનો આત્મવિશ્વાસ નબળો ન પડે અને તેમનું આત્મસન્માન જળવાઈ રહે.**

ઉત્તરપ્રદેશના વારાણસીમાં રહેતી બાદામી દેવીના પરિવારમાં પતિ અને ત્રણ બાળકો છે. મનરેગામાં મજૂરી કરીને ઘરનું ગુજરાન ચલાવે છે. તે કહે છે, કોવિડના સમયમાં દર મહિને 35 કિલો મફત રેશન મળવાથી ગુજરાન ચાલે છે. બાદામી દેવીનો આત્મવિશ્વાસ વધી ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને તેનાં બાળકો અંગે પૂછ્યું ત્યારે તેણે સરકારની યોજનાઓથી જીવનમાં આવેલા પરિવર્તનની વાત કરતાં જણાવ્યું કે તેમને પાકું મકાન, રેશન કાર્ડ, મફતમાં ગેસ સિલિન્ડર, ઘરમાં વીજળી, શૌચાલય અને હવે સ્વચ્છ પાણીની સુવિધા પણ મળવા માંડી છે.

આ માત્ર વારાણસીની તસવીર નથી. કુશીનગરની અમલાવત હોય કે મધ્યપ્રદેશમાં સુથારીકામ કરનાર ચંદ્રભાન હોય, દેશમાં અનેક ગરીબો મફતમાં રેશન, મકાન અને કિસાન સન્માન નિધિ દ્વારા મળતા રૂ. 6,000ના હપ્તાથી ચિંતામુક્ત જીવન વીતાવી રહ્યા છે. હોશંગાબાદની માયા ઉડકે અને ગુજરાતના દાહોદમાં રહેતા એક લાભાર્થી જણાવે છે, "કોવિડાના સમયમાં બહુ મુશ્કેલી પડવા માંડી હતી, પણ મફતમાં રેશન અને કિસાન સન્માન નિધિની રૂ. 2,000ની સહાયથી ઘર ચલાવ્યું. જો આ યોજના ન હોત તો ગુજરાન કરવું મુશ્કેલ થઈ જાત." સદીની સૌથી મોટી મુશ્કેલી છતાં કરોડો ચહેરા પર જોવા મળેલું હાસ્ય અને આત્મવિશ્વાસથી ભરપૂર જીવન પાછળનું કારણ છે કેન્દ્ર સરકાર દ્વારા ગરીબોને આપવામાં આવેલી સર્વોચ્ચ પ્રાથમિકતા. ઓગસ્ટ મહિનાના પ્રથમ સપ્તાહમાં વડાપ્રધાન ગુજરાત, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના લાભાર્થીઓ સાથે સંવાદ કરી રહ્યા હતા ત્યારે ગરીબ લાભાર્થીઓના શબ્દો અને ચહેરા સરકારને અને માનવતાને રાહતનો અહેસાસ કરાવતા હતા. સરકારને પહેલાં દિવસથી જ ગરીબો અને શ્રમિકોના ભોજન અને રોજગારની ચિંતા હોવાથી અન્ન યોજના અને રોજગાર યોજનાઓ ઘડવામાં આવી, જેણે ગરીબોને એ મહેસૂસ કરાવ્યું કે ગમે તેવી આપત્તિ હોય, દેશ હંમેશા એમની સાથે છે. વૈશ્વિક મહામારીથી અસરગ્રસ્ત દેશવાસીઓને ટેકો આપવા માટે વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજનાનો પ્રારંભ એપ્રિલ 2020માં કરવામાં આવ્યો, જેનાં અંતર્ગત 80 કરોડથી વધુ લોકોને મફતમાં

# સરકારનાં પગલાં, ગરીબોનું સન્માન



**80** કરોડથી વધુ લોકોને કોવિડ સમયમાં રૂ. બે લાખ કરોડનું મફત રેશન આપવામાં આવ્યું

**50** કરોડથી વધુ કોવિડ રસીના ડોઝ મૂકવામાં આવ્યા- બધાંને રસી, મફત રસી

**08** કરોડથી વધુ પરિવારોને રાંધણ ગેસ જોડાણ, બે કરોડથી વધુ પરિવારોને મકાન

**41** કરોડથી વધુ જન-ધન ખાતાથી બેન્કિંગ અને સામાજિક સલામતી

**30** હજાર કરોડ રૂપિયાથી વધુ રકમ કોવિડ સમયમાં 20 કરોડ મહિલા જન-ધન ખાતાધારકોને આપવામાં આવી

**11** કરોડથી વધુ ઘરોમાં શૌચાલયનું નિર્માણ

**11.4** કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂ. 1.5 લાખ કરોડથી વધુની સન્માન નિધિ

**50** કરોડથી વધુ લોકોને પાંચ લાખ રૂપિયાની મફત સારવાર- આયુષ્યમાન ભારત

**2300** કરોડ રૂપિયાનો લાભ 23 લાખથી વધુ લારી-ગલ્લા, ફેરિયાઓને સ્વનિધિ યોજના અંતર્ગત

## સંવાદ દરમિયાન વડાપ્રધાને કરેલા સંબોધનના મુખ્ય અંશ

- આ મફત રેશન વૈશ્વિક મહામારીના સમયમાં ગરીબોની ચિંતા ઓછી કરે છે. તેમનો વિશ્વાસ વધારે છે. ગરીબોને એ અનુભવ થવો જોઇએ કે ગમે તેવી મુશ્કેલી હોય, દેશ તેમની સાથે છે.
- પ્રવાસી લાભાર્થીઓ માટે અન્ન સલામતીને વધુ મજબૂત કરવાના હેતુથી અત્યાર સુધી 33 રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં એક રાષ્ટ્ર-એક રાશન કાર્ડ યોજના લાગુ કરવામાં આવી છે. નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને કરોડો નકલી લાભાર્થીઓને સિસ્ટમમાંથી બહાર કાઢવામાં આવ્યા છે.
- સસ્તા રેશનની યોજનાઓ વ્યાપ અને બજેટ દર વર્ષે વધતો ગયો, પણ તેટલાં પ્રમાણમાં ભૂખમરો અને કુપોષણમાં ઘટાડો ન થયો. તેનું એક મોટું કારણ અસરકારક ડિલિવરી સિસ્ટમનો અભાવ. આ સ્થિતિને બદલવા માટે 2014 પછી નવેસરથી કામ શરૂ કરવામાં આવ્યું.
- યોજના શરૂ થયા બાદ લાભાર્થીઓને પહેલાંની સરખામણીમાં બમણી માત્રામાં રેશન ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. મહામારી દરમિયાન બે લાખ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ સાથે 80 કરોડથી વધુ લોકોને રેશન પૂરું પાડવામાં આવ્યું છે.










- તાજેતરનાં વર્ષોમાં ગરીબોને મજબૂત અને સશક્ત બનાવવા માટે વાસ્તવિક અને સાર્થક પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.
- આરોગ્ય, શિક્ષણ, સુવિધાઓ અને ગરિમા સુનિશ્ચિત કરવા માટે સતત આકરી મહેનતની જરૂર છે. તેમાં આયુષ્યમાન યોજના, આર્થિક રીતે નબળાં વર્ગો માટે અનામત, રોડ, મફત ગેસ અને વીજળીનું જોડાણ, મુદ્રા યોજના, સ્વનિધિ યોજના જેવી યોજનાઓ ગરીબોને સન્માનજક જીવન આપી રહી છે અને તેમનાં સશક્તિકરણનું માધ્યમ બની રહી છે.

ઉત્તરપ્રદેશના લાભાર્થીઓ સાથે વડાપ્રધાનનો સંપૂર્ણ સંવાદ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

મધ્યપ્રદેશના લાભાર્થીઓ સાથે વડાપ્રધાનનો સંપૂર્ણ સંવાદ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## હવે ઉજ્જવલા 2.0 નો પ્રારંભ




પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના માત્ર રસોઈ બનાવવા માટેનું ઇંધણ નથી, પણ જીંદગીઓમાં ઉજાસ ફેલાવતી યોજના બની ચૂકી છે. આ બાબતને ધ્યાનમાં લઇને કેન્દ્ર સરકારે ઉજ્જવલા યોજનાના પ્રથમ તબક્કામાં રહી ગયેલા લાભાર્થીઓ સુધી તેમના અધિકાર પહોંચાડવા ઉજ્જવલા 2.0નો પ્રારંભ કર્યો છે. 99.6 ટકા વસતિ સુધી એલપીજી સુવિધા પહોંચાડ્યા બાદ સામાન્ય બજેટમાં એક કરોડ નવાં કનેક્શન્સ આપવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે, જેથી શહેરોમાં રહી ગયેલા અથવા જેમનું કોઇ કાયમી ઠેકાણું નથી એવા 0.4 ટકા લોકોને ઓળખીને તેમને રાંધણ ગેસનું કનેક્શન આપી શકાય. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 10 ઓગસ્ટનાં રોજ તેનો પ્રારંભ કર્યો. 2016માં શરૂ કરવામાં આવેલી ઉજ્જવલા યોજના 1.0 દરમિયાન ગરીબી રેખાથી નીચે રહેતાં પરિવારોની પાંચ કરોડ મહિલા સભ્યોને એલપીજી કનેક્શન પૂરાં પાડવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો હતો. તે પછી એપ્રિલ 2018માં આ યોજનાનું વિસ્તરણ કરીને તેમાં વધુ સાત શ્રેણી અનુસૂચિત જાતિ /અનુસૂચિત જનજાતિ,PMAY, AAY, અત્યંત પછાત વર્ગ, ચાના બગીચા, વનવાસી. દ્વિપ સમૂહ)ની મહિલા લાભાર્થીઓને સામેલ કરવામાં આવી. આ ઉપરાંત, તેનાં લક્ષ્યને સુધારીને 8 કરોડ એલપીજી કનેક્શન કરવામાં આવ્યા. ઉજ્જવલા 2.0માં પરપ્રાંતિયોએ રેશનકાર્ડ કે રહેણાંકનું પ્રમાણપત્ર જમા કરવાની જરૂર નથી. ઉજ્જવલા 2.0 એલપીજી દ્વારા દેશનાં તમામ જરૂરિયાતમંદો સુધી પહોંચવાની વડાપ્રધાનની યોજના સાકાર કરવામાં મદદ મળશે.

ઉજ્જવલા લાભાર્થીઓ સાથે વડાપ્રધાનનો સંવાદ સંભાળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## સન્માન નિધિને કારણે બિયારણથી બજાર સુધી આત્મનિર્ભરતા

**પ્રકૃતિની અનિશ્ચિતતા પર આધાર રાખતો ખેડૂતે હંમેશા ખેતીના ખર્ચા માટે આર્થિક મુશ્કેલી પડતી હતી. પણ હવે કિસાન સન્માન નિધિ તેમને આત્મનિર્ભર બનાવી રહી છે. 9 ઓગસ્ટનાં રોજ 9મો હપ્તો છૂટો થવાની સાથે અત્યાર સુધી આ યોજના હેઠળ દેશના 11 કરોડ ખેડૂતોના ખાતામાં રૂ. દોઢ લાખ કરોડથી વધુ રકમ જમા થઈ ચૂકી છે.**

રેશન મળી રહ્યું છે. કોવિડ અને તેના પહેલાં કરવામાં આવેલા પ્રયાસોને કારણે 'સબકો રાશન, સબકો પોષણ'નું સપનું સાકાર થઈ રહ્યું છે.

"જ્યારે કોવિડના સમયમાં બધું જ બંધ થઈ ગયું હતું ત્યારે ખેડૂતોના ખાતામાં બે-ચાર હજાર રૂપિયા આવ્યા અને એ બહુ કામમાં લાગ્યા. કોણ આવી જવાબદારી ઉઠાવે, પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર કે જેમણે આવું વિચાર્યું. આ બહુ સારી યોજના છે, જેનાથી ખેડૂત આત્મનિર્ભર બની રહ્યો છે. અમારા માટે આ ખેતીની સીઝન છે અને આ સમયમાં ખેડૂતોને પૈસાની જરૂર પણ છે," એમ ઓડિશાના કટકમાં આવેલા નિયાલીના ખેડૂત જોગેન્દ્રનાથ દાસે જણાવ્યું હતું. જયપુરના બસ્સીમાં રહેતા ખેડૂત કમલેશકુમાર માલી કહે છે, "ખેડૂતો માટે શરૂ કરવામાં આવેલી આ યોજનાથી વચેટિયાઓ નાબૂદ થઈ ગયા છે. પૈસા હવે સીધા ખાતામાં આવી જાય છે, જેનો ઉપયોગ બિયારણ અને ખાતર ખરીદવા માટે કરવામાં આવે છે. કોવિડના સમયમાં આ રકમથી ખેતીના ખર્ચની સાથે સાથે ઘર ખર્ચ કાઢવામાં પણ મદદ મળી." પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના પ્રારંભથી અત્યાર સુધી 11.41 કરોડ ખેડૂતોના ખાતામાં રૂ. 1.6 લાખ કરોડ સીધા જમા થઈ ચૂક્યા છે. આમાંથી રૂ. એક લાખ કરોડ તો કોવિડ સમય દરમિયાન આપવામાં આવ્યા છે, જેથી મુશ્કેલીના સમયમાં ખેતરમાં પાક લહેરાતો રહે. આ યોજનાનો નવમો હપ્તો જારી કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, કલ્પના કરો. જો નાના ખેડૂતોને આ મદદ ન મળી હોત તો 100 વર્ષની આ મોટી આપત્તિમાં તેમની શી સ્થિતિ થાત? તેમને નાની-નાની જરૂરિયાતો માટે ક્યાં કયાં રખડવું પડત" ? ●

ખેડૂતો સાથે વડાપ્રધાનનો સંવાદ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો



## કેબિનેટના નિર્ણયો

# શિક્ષણ, સન્માન અને સલામતી માટે પ્રતિબધ્ધ સરકાર

**તમામ વર્ગના લોકો સુધી શિક્ષણ પહોંચે અને મહિલાશક્તિનું સન્માન થાય તે કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ નિર્ધારના ભાગ રૂપે કેબિનેટે 4 ઓગસ્ટે મળેલી બેઠકમાં અનેક મહત્વના નિર્ણયો લીધા હતાઃ**

- **નિર્ણયઃ** 'સમગ્ર શિક્ષા'ના વિઝનને સાકાર કરવાની દિશામાં પહેલ કરતા સ્કુલ અભ્યાસ માટે સમગ્ર શિક્ષા યોજના ચાલુ રાખવાને મંજૂરી
- **અસરઃ** યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ હાંસલ કરવા માટે ક્લાસરૂમમાં સમાન અને સમાવેશી વાતાવરણ પૂરું પાડવામાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મદદરૂપ સાબિત થશે. આનાથી વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ પર વધુ ફોકસ કરી શકાશે. આ યોજનામાં કેન્દ્ર અને રાજ્ય સરકારોના વિવિધ મંત્રાલયો / વિકાસ એજન્સીઓ સાથે અસરકારક સંકલન થઈ શકશે. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય અને કૌશલ્ય વિકાસ માટે ભંડોળ પુરું પાડતા અન્ય મંત્રાલયોના સહયોગમાં વ્યાવસાયિક શિક્ષણનું વિસ્તરણ કરવામાં આવશે.
- આ યોજના 1 એપ્રિલ, 2021થી 31 માર્ચ, 2026 સુધી પાંચ વર્ષની મુદત માટે ચાલુ રહેશે, જેનાં પર રૂ. 2.94 લાખ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવશે.
- આ યોજના હેઠળ 1.16 લાખ શાળાઓ, 15.6 કરોડથી વધુ વિદ્યાર્થીઓ અને સરકારી અનુદાન મેળવતી શાળાઓના 57 લાખ શિક્ષકોને આવરી લેવામાં આવશે.
- વિદ્યાર્થીલક્ષી તમામ યોજનાઓના લાભ નિશ્ચિત સમય મર્યાદાની અંદર ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર (ડીબીટી) દ્વારા ઉપલબ્ધ કરવામાં આવશે.
- **નિર્ણયઃ** મહિલાશક્તિની સલામતીની પ્રતિબધ્ધતાને સમર્પિત કેન્દ્ર સરકારે ફાસ્ટટ્રેક સ્પેશ્યલ કોર્ટ માટે કેન્દ્ર સરકાર પ્રાયોજિત યોજનાને ચાલુ રાખવાની મંજૂરી આપી
- **અસરઃ** સરકારે મહિલાઓ અને બાળકોની સલામતીને હંમેશા પ્રાથમિકતા આપી છે. છોકરીઓને સશક્ત બનાવવાની દિશામાં સરકાર અગાઉ 'બેટી બચાવો, બેટી પઢાઓ' જેવા અનેક કાર્યક્રમો શરૂ કરી ચૂકી છે. 16 વર્ષથી ઓછી ઉંમરની કિશોરીઓ સાથે દુષ્કર્મની ઘટનાઓએ સમગ્ર દેશમાં ભારે રોષ ફેલાવ્યો હતો. આ પ્રકારની ઘટનાઓ અને લાંબા સમય સુધી ચાલતી અદાલતી કાર્યવાહીને જોતાં ગુનેગારો વિરુધ્ધ ખટલા માટે વિશેષ અદાલતી તંત્ર બનાવવાની જરૂર હતી, જેથી કેસની ઝડપી સુનાવણી થાય અને દુષ્કર્મ પીડિતોને તાત્કાલિક ન્યાય મળી શકે. આવા કેસોમાં વધુ કડક જોગવાઈ, ઝડપી ખટલો અને કેસના વહેલા નિકાલ માટે કેન્દ્ર સરકારે ક્રિમિનલ લૉ (એમેન્ડમેન્ટ) એક્ટ, 2018 ઘડ્યો અને બળાત્કારના ગુનામાં દોષિતોને મૃત્યુદંડ સહિતની કડક જોગવાઈ કરવામાં આવી.
- 389 વિશેષ POCSO કોર્ટ સહિત 1023 ફાસ્ટ ટ્રેક સ્પેશ્યલ કોર્ટસને બે વર્ષનું એક્સ્ટેન્શન આપવામાં આવશે અને આ સ્કીમ 31 માર્ચ, 2023 સુધી ચાલુ રહેશે.
- તેની પાછળ રૂ. 1572 કરોડનો નાણાંકીય ખર્ચ કરવામાં આવશે, જેમાં કેન્દ્ર સરકારનો હિસ્સો નિર્ભયા ફન્ડમાંથી આપવામાં આવશે.
- દુષ્કર્મનો ભોગ બનેલી મહિલાને ઝડપી ન્યાય અપાવવાની સાથે સાથે આવા ગુનેગારો વિરુધ્ધ નિવારક સંસ્થા તરીકે કામ કરશે.
- બળાત્કાર અને POCSO એક્ટ સંબંધિત પેન્ડિંગ કેસોની સંખ્યા ઘટાડવામાં મદદ મળશે અને ન્યાયિક પ્રણાલિમાં પેન્ડિંગ કેસોનો બોજ ઘટશે. ●

કેબિનેટના નિર્ણયોનો સમગ્ર વિડિયો જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# જન ભાગીદારીથી જન આંદોલન બન્યું પોષણ અભિયાન



**કોઈ પણ રાષ્ટ્ર તેનાં લોકોને કારણે સમૃધ્ધ બને છે અને લોકોની સમૃધ્ધિનો આધાર તેમનાં યોગ્ય પોષણ પર રહેલો છે. જો ભારતને કુપોષણમાંથી મુક્ત કરવો હોય તો લોકોની ભાગીદારી અને કુપોષણ અંગે વ્યાપક ઝૂંબેશ જરૂરી છે. 2018થી દર સપ્ટેમ્બર મહિનામાં રાષ્ટ્રીય પોષણ માટેનું જન અભિયાન ચલાવવામાં આવે છે, જેથી 2022 સુધીમાં ભારત કુપોષણ મુક્ત બને...**

"આંગણવાડી દીદીએ કહ્યું કે દવાખાનામાં જઈને દવા લઈ લો, તમે ઠીક થઈ જશો. બાળક પણ સારું થઈ જશે. મને અહીં સુધી મોકલનાર એ દીદીની હું આભારી છું." આવું કહેતા દિલ્હીની રહેવાસી બીન્નોદેવીની આંખો ભરાઈ જાય છે કારણ કે પહેલાં તે આ પ્રકારની સુવિધાથી અજાણ હતી. લાભાર્થી શબનમ કહે છે, તે આંગણવાડી ગઈ અને ત્યાં રજીસ્ટ્રેશન થયા બાદ દવા અને પૌષ્ટીક આહારની માહિતી પણ મળી. અનુપમા કહે છે કે ત્યાં ગયા પછી ખબર પડી કે તેણે અને તેના બાળકે શું ખાવાનું છે અને શું નહીં. અન્ય લાભાર્થી કુસમ કહે છે, "આંગણવાડી દીદીના કહેવાથી હું સેન્ટરમાં ગઈ તો દવા લેવા અંગેની તમામ પ્રકારની માહિતી મળી." આવા લાભાર્થીઓની યાદી ઘણી લાંબી છે, કારણ કે જનભાગીદારી દ્વારા શરૂ થયેલું રાષ્ટ્રીય પોષણ અભિયાન હવે જન આંદોલનનું રૂપ લઈ ચૂક્યું છે, જેનો હેતુ નાના બાળકો અને મહિલાઓમાં કુપોષણ દૂર કરવા જાગૃતિ ફેલાવવાનો છે.

કેન્દ્ર સરકાર દ્વારા 2018માં આ પોષણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને 2022 સુધી દેશને કુપોષણમુક્ત બનાવવાનો લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યો હતો. આ લક્ષ્યને હાંસલ કરવા માટે ભારત સરકારના 18 મંત્રાલય / વિભાગ મળીને તેના પર અમલ કરી રહ્યા છે. દર વર્ષે સપ્ટેમ્બર મહિનામાં પોષણ અભિયાન ચલાવવામાં આવે છે. આ વર્ષે 1-7 સપ્ટેમ્બર દરમિયાન પોષણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. છેલ્લાં ચાર વર્ષથી આ અભિયાનનાં સકારાત્મક પરિણામ મળી રહ્યા છે અને દેશના અંતરિયાળ વિસ્તારોમાં આ નારો ગુંજી રહ્યો છે- 'હર જીવન હો પોષણ સે રોશન'

### બૌધ્ધિક વિકાસ માટે પોષણ જરૂરી છે

2015-16માં થયેલા રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ-4 પ્રમાણે ભારતના 38 ટકા બાળકોની ઊંચાઈમાં વૃધ્ધિ અટકી જાય છે. 21 ટકા બાળકોનું વજન તેમની ઊંચાઈના પ્રમાણમાં ઘણું ઓછું છે, જ્યારે 35 ટકાથી વધુ બાળકોનું વજન ઓછું છે. 50 ટકાથી વધુ ગર્ભવતી અને બિનગર્ભવતી મહિલાઓમાં એનિમીયા જોવા મળ્યો. આ તમામ સમસ્યાઓનો ઉકેલ લાવવા નીતિ આયોગે 2017માં આ સેક્ટરમાં નવા લક્ષ્ય સાથે રાષ્ટ્રીય પોષણ નીતિની

રૂપરેખા તૈયાર કરી. 8 માર્ચ, 2021નાં રોજ રાજસ્થાનના ઝુંઝુનુ ખાતેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2018માં પોષણ અભિયાન શરૂ કર્યું હતું. સંપૂર્ણ પોષણ અભિયાન પાછળનો વિચાર એ હતો કે દેશના બાળકો અને વિદ્યાર્થીઓ તંદુરસ્ત હશે તો જ પોતાની સંપૂર્ણ ક્ષમતાથી કામ કરી શકશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, નેશન અને ન્યુટ્રીશન વચ્ચે ગાઢ સંબંધ હોય છે. આપણે ત્યાં કહેવત છે, **'યથા અન્નમ તથા મન્નમ '** એટલે કે, "આપણે જેવું અન્ન ખાઇએ છીએ તેવો આપણો માનસિક અને બૌધ્ધિક વિકાસ થાય છે." નિષ્ણાંતો એમ પણ માને છે કે બાળકને ગર્ભમાં અને બાળપણમાં જેટલું સારું પોષણ મળે એટલો સારો માનસિક વિકાસ થાય છે અને તે સ્વસ્થ રહે છે. બાળકોના પોષણ માટે માતાને પણ પૂરતું પોષણ મળવું જરૂરી છે. પોષણનો મતલબ માત્ર એવો નથી કે વ્યક્તિ શું, કેટલું અને કેટલી વાર ખાય છે. તેનો અર્થ એ છે કે શરીરને સંપૂર્ણ પોષક તત્વો મળી રહ્યા છે કે નહીં.

2022 સુધીના લક્ષ્ય સાથે શરૂ કરવામાં આવેલા પોષણ અભિયાનમાં ઠીંગણાપણું, અલ્પપોષણ, એનિમીયા (નાના બાળકો, મહિલાઓ અને કિશોરીઓમાં)ની સમસ્યા દૂર કરવાનો તથા દર વર્ષે ઓછું વજન ધરાવતા નવજાત બાળકોની સંખ્યામાં ક્રમશઃ 2 ટકા, 3 ટકા અને 2 ટકા ઘટાડો કરવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું. બાળકોમાં ઠીંગણાપણાનું પ્રમાણ ઘટાડીને 22 ટકા કરવાનું લક્ષ્ય પણ નક્કી કરવામાં આવ્યું હતું. 10 કરોડ બાળકો, મહિલાઓને લાભ આપવાના હેતુથી રૂ. 9,000 કરોડથી વધુનું બજેટ નક્કી કરવામાં આવ્યું. પાયાના સ્તરે અમલ કરવા માટે આંગણવાડી કેન્દ્રોની મદદ લેવામાં આવી. સાથે સાથે, દરેક જિલ્લામાં પોષણ સંસાધન કેન્દ્રો ખોલવાની શરૂઆત કરવામાં આવી. સાપ્તાહિક પોષણ પંચાયતના અભિયાનની સાથે પૌષ્ટિક ભોજનની માહિતી આપવાનું પણ શરૂ કરવામાં આવ્યું. કુપોષણની સમસ્યાને ખતમ કરવા પ્રથમ વાર મિશન મોડમાં પ્રયાસ શરૂ થયા. પોષણ અભિયાનમાં 18 મંત્રાલયો / વિભાગોને એક સાથે જોડીને નવી શરૂઆત કરવામાં આવી.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રથમ વાર પોષણને મહત્વ

કેન્દ્ર સરકારે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ બાળકોના માનસિક આરોગ્યને પ્રાથમિકતા આપી છે. આ નીતિ તૈયાર કરનારી કમિટીના સભ્ય ડો. રામ શંકર કુરીલ કહે છે, બાળકોનાં મગજનો 85-90 ટકા વિકાસ છ વર્ષની ઉંમરમાં થઈ જાય છે, તેથી તેમને પોષક આહાર આપવો જરૂરી છે. એટલા માટે હવે શાળાઓમાં બ્રેકફાસ્ટને પણ સામેલ કરવામાં આવ્યો છે, જેમાં ઇંડા, ડ્રાય ફ્રુટ્સ, ફળ વગેરે ફરજિયાત કરવામાં આવ્યા છે.

## પ્રધાનમંત્રી માતૃવંદના યોજના

**ભારત સરકારે પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાને શરૂ કરી હતી. આ યોજના અંતર્ગત ગર્ભવતી અને સ્તનપાન કરાવતી માતાઓનાં પોષણની જરૂરિયાત પૂરી કરવા પ્રથમ બાળકના જન્મ વખતે રૂ. 6,000ની આર્થિક મદદ પૂરી પાડવામાં આવે છે.**



## 2900 કરોડ રૂપિયા

**30 જૂન સુધી 84 લાખથી વધુ લાભાર્થીઓને ચૂકવવામાં આવ્યા છે**

## અન્ન સલામતી

**તેનો હેતુ લોકોને સસ્તા દરે પૂરતી માત્રામાં સારું અનાજ પૂરું પાડવાનો છે, જેથી તેમને ખાદ્ય અને પોષણ સલામતી મળે. ખાસ કરીને ગરીબમાં ગરીબ વ્યક્તિ, મહિલાઓ અને બાળકોની જરૂરિયાત પૂરી કરવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. 2020માં વિશ્વ ખાદ્ય દિવસ પ્રસંગે વડાપ્રધાને બીજની 17 બાયો-કલ્ચર્ડ વેરાઇટી રાષ્ટ્રને સમર્પિત કરી હતી.**



## 80 કરોડ

**ગરીબોને કોવિડ સમયમાં રૂ. બે લાખ કરોડથી વધુનું અનાજ મફતમાં વહેંચવામાં આવ્યું હતું.**

## જલજીવન અને સ્વચ્છતા મિશન

**જલજીવન મિશન અંતર્ગત ઘર ઘરમાં પીવાનું શુધ્ધ પાણી પહોંચાડવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે, તો સ્વચ્છતા મિશન અંતર્ગત શૌચાલય નિર્માણના કામને યુધ્ધ સ્તરે પૂરું કરવામાં આવ્યું.**

## મધ્યાહન ભોજન યોજના

**બાળકોમાં પોષણના સ્તરમાં સુધારો કરવાના હેતુથી મધ્યાહન ભોજન યોજનાનો પ્રારંભ કરવામા આવ્યો. આ અંતર્ગત દરેક સરકારી અને સરકારી મદદ મેળવતી પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકોને ઓછામાં ઓછા 200 દિવસ માટે દરરોજ 8-12 ગ્રામ પ્રોટીન અને ઓછામાં ઓછી 300 કેલરી ધરાવતું ભોજન પીરસવામાં આવે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની સાથે આમાં પણ નવી શરૂઆત કરવામાં આવી છે.**

> "
> બાળકો, ગર્ભવતી મહિલાઓ અને સ્તનપાન કરાવતી મહિલાઓને પૂરતું પોષણ મળે એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉચ્ચ પ્રાથમિકતા રહી છે. 2018માં વડાપ્રધાન મોદી દ્વારા શરૂ કરવામાં આવેલું અભિયાન કુપોષણને નાબૂદ કરવા માટે અભૂતપુર્વ ભૂમિકા નિભાવી રહ્યું છે.
>
> **-અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી**

# પોષણ અભિયાનની પ્રગતિ પર એક નજર

**2015-16ના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સર્વેક્ષણ પ્રમાણે પાંચ વર્ષથી નીચેની ઉંમરના બાળકોમાં દુબળાપણાનું પ્રમાણ 21 ટકા હતું, જે 2019-20માં ઘટીને 17 % પર આવી ગયું છે.  આ જ રીતે, ગંભીર કુપોષણનું પ્રમાણ પણ આ સમયગાળામાં 7.4 ટકાથી ઘટીને 4.9 ટકા પર આવી ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2018માં શરૂ કરેલા પ્રયાસોનું આ પરિણામ છે.**

- આ કાર્યક્રમમાં તમામ રાજ્યો અને જિલ્લાઓને તબક્કાવાર રીતે સામેલ કરવામાં આવ્યા, જેમ કે 2017-18માં 315 જિલ્લા, 2018-19માં 235 જિલ્લા અને 2019-20માં બાકીના જિલ્લાઓ.
- સપ્ટેમ્બર 2018માં પોષણ માસમાં 25 કરોડથી વધુ લોકોએ ભાગ લીધો અને 22 લાખથી વધુ પ્રવૃત્તિઓ થઈ
- માર્ચ 2019માં યોજવામાં આવેલા પોષણ પખવાડિયામાં 82.75 લાખ પ્રવૃત્તિઓ થઈ અને તેમાં 44.8 કરોડ લોકોએ ભાગ લીધો. સપ્ટેમ્બર 2019માં પોષણ માસમાં જન આંદોલન સાથે સંકળાયેલી 3.6 કરોડથી વધુ પ્રવૃત્તિઓ થઈ.
- કુપોષણ નાબૂદી માટે કેટલાંક મંત્રાલયો સાથે મળીને કામ કરે છે. જિલ્લા અધિકારી અને રાજ્યના મુખ્ય સચિવ દ્વારા ત્રિમાસિક ધોરણે પોષણની વિશિષ્ટ સમીક્ષા થાય છે.
- કુલ 22 રાજ્યોમાં 50થી વધુ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા. પ્રવૃત્તિઓ વધે તે માટે રાજ્યોને ઈનોવેશનની મુક્તિ. દરેક જિલ્લા માટે રૂ. 27.85 લાખની ફાળવણી

## 1 ઓક્ટોબર 2020-15 માર્ચ 2021

**10.9 લાખ**
પ્રવૃત્તિઓ



**51.7 લાખ**
પુખ્ત પુરુષ



**75.5 લાખ**
પુખ્ત મહિલા



## મિશન પોષણ 2.0: કુપોષણની સમસ્યા નાબૂદ કરવામાં આવશે

કોવિડના સમયમાં સમગ્ર વિશ્વ થંભી ગયું હતું ત્યારે પોષણ અભિયાનના કામકાજ પર પણ અસર પડી હતી. તેમ છતાં પોષણ અભિયાન સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવા માટે પોષણ ટ્રેકર એપ દ્વારા દેશભરમાં પોષણ સંલગ્ન રેસિપી માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સ્થાનિક ભોજન અને ત્યાં ઉગાડવામાં આવતાં અનાજ, ફળ, શાકભાજી પ્રમાણેનું પોષક ડાયેટ પ્લાન તૈયાર થઈ શકે તે માટે 'ભારતીય કૃષિ કોષ' બનાવવાની પહેલ કરવામાં આવી. કુપોષણની સમસ્યા નાબૂદ કરવા કેન્દ્ર સરકારે  મિશન પોષણ 2.0ની શરૂઆત કરીને નવી પહેલ કરી છે. નાણાંકીય વર્ષ 2021-22નાં કેન્દ્રીય બજેટમાં નાણાં મંત્રી નિર્મલા સીતારામને તેની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, "પોષક તત્વો ઉપરાંત પુરવઠો, પહોંચ, વધારવા અને સારું પરિણામ મેળવવા માટે સરકાર પૂરક પોષણ કાર્યક્રમ અને પોષણ અભિયાનનું જોડાણ કરીને મિશન પોષણ 2.0 લોંચ કરશે."

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલયને ફાળવવામાં આવેલા રૂ. 24,435 કરોડમાંથી રૂ. 20,105 કરોડ સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 માટે ફાળવવામાં આવ્યા હતા. આ યોજના દેશના 112 મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં શરૂ કરવામાં આવી હતી.**

### વૃધ્ધોનું પણ ધ્યાન..

એક અહેવાલ પ્રમાણે વર્ષ 2036 સુધી ભારતમાં આશરે 22.74 કરોડ વૃધ્ધો હશે, જે કુલ વસતિના 14.9 ટકા છે. મંત્રાલયે દેશના કુપોષિત વૃધ્ધોની મદદ માટે મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ યોજના અંતર્ગત જે વૃધ્ધો કુપોષણથી પિડીત છે તેમને ભોજન ઉપલબ્ધ કરવામાં આવશે. યોજના પ્રમાણે પ્રારંભમાં 55,000 કેન્દ્રોની પસંદગી કરવામાં આવી છે. આ કેન્દ્રો પર લાખો વૃધ્ધોને ગરમ ભોજન પીરસવામાં આવશે. યોજના પ્રમાણે આગામી ત્રણથી ચાર વર્ષોમાં 10,000 ગ્રામ પંચાયતો અને 1,000 નગરપાલિકાઓ દ્વારા દેશનાં લાખો વૃધ્ધો સુધી પોષક આહાર પહોંચાડવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે. પોષણ અભિયાનના પ્રારંભિક તબક્કામાં રૂ. 39.60 કરોડની ફાળવણી કરવામાં આવી છે. કુપોષણ ભારત જ નહીં, વિશ્વના અનેક દેશોમાં ગંભીર સમસ્યા છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG)ના 17 લક્ષ્યોમાં બે લક્ષ્ય ભૂખમરાનો અંત અને તંદુરસ્ત જીવનશૈલી અને સુખાકારીનો પ્રોત્સાહન આપવાનો છે. SDG લક્ષ્ય 2.2 અનુસાર તમામ પ્રકારના કુપોષણને 2030 સુધી નાબૂદ કરવાનો છે. તેમાં, 2025 સુધી આંતરરાષ્ટ્રીય સંમતિ દ્વારા પાંચ વર્ષના બાળકોમાં 'સ્ટેટિંગ' (ઉંમરનાં પ્રમાણમાં ઓછી ઊંચાઈ) અને 'વેસ્ટિંગ' (ઊંચાઈના પ્રમાણમાં ઓછું વજન) ના લક્ષ્યની સાથે સાથે કિશોરીઓ, ગર્ભવતી મહિલાઓ અને સ્તનપાન કરાવતી મહિલાઓ અને વૃધ્ધોનાં પોષણની જરૂરિયાતો પૂરી કરવાનો સમાવેશ થાય છે.  2018માં રાષ્ટ્રીય પોષણ મિશનનો પ્રારંભ થયો હતો અને હવે પોષણ મિશન 2.0 દ્વારા એ જ લક્ષ્યની દિશામાં આગેકૂચ કરી છે. ●

# રાજ્યોને ઓબીસી યાદી નક્કી કરવાનો અધિકાર આપવામાં આવ્યો

**સમાજના તમામ વર્ગોને સાથે રાખીને તેમને મુખ્યધારાથી જોડવાનો અભિગ ધરાવતી કેન્દ્ર સરકારે અન્ય પછાત વર્ગો (ઓબીસી)ને તેમનો અધિકાર આપીને તેમનું સશક્તિકરણ કરવાની નવી પહેલ કરી છે. સમવાયી માળખાનાં મજબૂતીકરણની દિશામાં નવું પગલું ભરતા કેન્દ્ર સરકારે સંસદના બંને સત્રોમાં બંધારણીય સુધારા ખરડાને પસાર કરીને રાજ્યોને ઓબીસીની યાદી નક્કી કરવાનો અધિકાર આપ્યો છે.**

સંસદનું ચોમાસુ સત્ર સામાજિક ન્યાયના સંદર્ભમાં ઐતિહાસિક રહ્યું. ચોમાસુ સત્રના અંતિમ દિવસે રાજ્યસભાએ ઓબીસી (127મો બંધારણીય સુધારો) પસાર કર્યો. આ ખરડો પસાર થવાથી હવે રાજ્ય સરકારો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદી પોતાની રીતે તૈયાર કરી શકશે. આ ખરડો કાયદો બની જાય પછી રાજ્ય સરકારોને ઓબીસી એટલે કે અન્ય પછાત જ્ઞાતિઓની યાદી પોતાની રીતે તૈયાર કરવાનો અધિકાર મળી ગયો છે. 127માં બંધારણીય સુધારા ખરડાની જરૂર એટલાં માટે પડી કે 2018 પહેલાં રાજ્ય અને કેન્દ્ર સરકારો પોતપોતાની રીતે ઓબીસી યાદી તૈયાર કરતા હતા.  તેથી, અન્ય પછાત વર્ગના હિતોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે બંધારણમાં સુધારો કરવાનો નિર્ણય લીધો



### સામાજિક ન્યાય સર્વોચ્ચ પ્રાથમિકતા

કેન્દ્રીય મંત્રીમંડળમાં તાજેતરમાં કરવામાં આવેલા વિસ્તરણ બાદ ઓબીસી મંત્રીની સંખ્યા 27 થઈ છે. એટલે કે,  દેશના વર્તમાન મંત્રીમંડળમાં 35 ટકા મંત્રી ઓબીસી વર્ગના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના નવા મંત્રીમંડળમાં તમામ જાતિઓને પ્રતિનિધિત્વ આપવાનો પ્રયાસ કરીને પ્રાદેશિક અને સામાજિક સંતુલન બનાવ્યું છે. આ પહેલાં, પણ કેન્દ્ર સરકારે ઓબીસી પંચને બંધારણીય દરજ્જો અપાવ્યો હતો. આ ઉપરાંત, ક્રિમિલેયરની આવક મર્યાદા પણ રૂ. 6 લાખથી વધારીને રૂ. 8 લાખ કરી હતી.

**“**

**બંધારણ (127માં સુધારો) ખરડો સંસદના બંને ગૃહોમાં પસાર થવો એ દેશ માટે ઐતિહાસિક ક્ષણ છે. આ ખરડાથી સામાજિક અધિકારિતાને વધુ તાકાત મળશે. આ ખરડો પસાર થતાં સીમાંત વર્ગોને સન્માન, તક અને ન્યાય સુનિશ્ચિત કરવાની સરકારની પ્રતિબધ્ધતા પણ જાહેર થાય છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

### 22 ખરડા પસાર થયા

સંસદના ચોમાસુ સત્રમાં કામગીરીમાં ભારે વિક્ષેપ છતાં રાજ્યસભામાં 19 ખરડા (ઓબીસી અનામત અંગેના બંધારણીય ખરડા સહિત) પસાર થયા. સત્રની શરૂઆત 19 જુલાઈનાં રોજ થઈ હતી અને 11 ઓગસ્ટે તેને અનિશ્ચિત મુદત માટે સ્થગિત કરવામાં આવ્યું. આ સત્રમાં 24 દિવસમાં 17 બેઠકો યોજવામાં આવી. સત્ર દરમિયાન, સંસદના બંને ગૃહમાં 22 ખરડા પસાર કરવામાં આવ્યા, જેમાં કેન્દ્રશાસિત પ્રદેશ લડાખમાં પ્રથમ સેન્ટ્રલ યુનિવર્સિટીની સ્થાપના અંગેના ખરડાનો પણ સમાવેશ થાય છે. દેશમાં પ્રથમ વાર કોઈ સેન્ટ્રલ યુનિવર્સિટીનું નામ નદીનાં નામ પર રાખવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે લડાખ સેન્ટ્રલ યુનિવર્સિટીનું નામ સિંધુ સેન્ટ્રલ યુનિવર્સિટી રાખવામાં આવ્યું છે.

UN Security Council






# સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદમાં ભારતનું માન વધ્યું

**ભારતને 1 ઓગસ્ટનાં રોજ એક મહિના માટે સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદનું વડપણ મળ્યું તો વિશ્વની આ ટોચની સંસ્થાનું ભારત તરફથી વડપણ સંભાળનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના પ્રથમ વડાપ્રધાન બન્યા. ગયા વર્ષે વિશ્વના 184 દેશોના અભૂતપુર્વ સમર્થનથી ભારતે કામચલાઉ સભ્ય તરીકે આ સંસ્થામાં પોતાની જગ્યા બનાવી હતી અને હવે ભારત તેની અધ્યક્ષતા કરીને વિશ્વને પોતાની મહત્વપૂર્ણ ભૂમિકાનો અહેસાસ કરાવી રહ્યો છે.**

9 ઓગસ્ટનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંયુક્ત રાષ્ટ્રની શક્તિશાળી સંસ્થા સલામતી પરિષદની મહત્વપૂર્ણ બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા હતા ત્યારે નવા ભારતનો એક નવો ઈતિહાસ રચાવા જઈ રહ્યો હતો. સામાન્ય રીતે, આ તારીખને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસના એવા પાના તરીકે યાદ રાખવામાં આવે છે, જેણે આઝાદીની પટકથા લખી હતી. પણ હવે આ તારીખ 'ન્યૂ ઈન્ડિયા'નું સુવર્ણ પૃષ્ઠ બની ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદની બેઠકનું વડપણ સંભાળનાર દેશના પ્રથમ વડાપ્રધાન બની ગયા છે. ભારત તેની આઝાદીનો અમૃત મહોત્સવ સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદનાં અધ્યક્ષપદની શોભા વધારીને મનાવી રહ્યો છે. 'વસુધૈવ કુટુમ્બકમ'ના વિચાર સાથે આંતરરાષ્ટ્રીય સ્તર પર નવી મજબૂત ભૂમિકા આ ગૌરવના ક્ષણને યાદગાર બનાવનારી છે.

વડાપ્રધાને વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'દરિયાઇ સલામતીને પ્રોત્સાહનઃ આંતરરાષ્ટ્રીય સહયોગની જરૂર' વિષય પર સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદ (યુએનએસસી)ની ઉચ્ચ સ્તરીય ખુલી ચર્ચાની અધ્યક્ષતા કરી. બેઠકમાં સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદના સભ્ય દેશોના રાષ્ટ્ર પ્રમુખો અને સરકારના પ્રમુખો તથા સંયુક્ત રાષ્ટ્ર પ્રણાલિ અને મુખ્ય પ્રાદેશિક સંગઠનોના ઉચ્ચ સ્તરીય નિષ્ણાતોએ ભાગ લીધો. આ બેઠકમાં વડાપ્રધાને ખાસ કરીને એ વાત પર ભાર મૂક્યો કે સમુદ્ર આપણી સહિયારી ધરોહર અને દરિયાઇ માર્ગે આંતરરાષ્ટ્રીય વેપારની જીવનરેખા છે. આજે આ ક્ષેત્ર અનેક પ્રકારના પડકારોનો સામનો કરી રહ્યું છે. ચાંચિયાગીરી અને આતંકવાદ માટે દરિયાઇ માર્ગોનો દુરુપયોગ થઈ રહ્યો છે, તો અનેક દેશો વચ્ચે જળસીમાના વિવાદ છે. જળવાયુ પરિવર્તન અને કુદરતી આપત્તિઓ પણ તેની સાથે સંકળાયેલા વિષય છે. આ વ્યાપક સંદર્ભમાં આપણી સહિયારી દરિયાઇ ધરોહરના સંરક્ષણ અને ઉપયોગ માટે આપણે પરસ્પર સમજ અને સહયોગનું એક માળખું બનાવવું જોઈએ.

**"અમે ઓગસ્ટ માટે યુએનએસસીનું અધ્યક્ષપદ સંભાળી રહ્યા છીએ અને અન્ય સભ્યો સાથે કામ કરવા તત્પર છીએ. ભારત હંમેશા સંયમનો અવાજ, સંવાદનું હિમાયતી અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સમર્થક બની રહેશે**

**-એસ જયશંકર, વિદેશ મંત્રી**

### સલામતી માટે હંમેશા કૃતનિશ્ચયી

ભારતની સર્વોચ્ચ પ્રાથમિકતામાં દરિયાઇ સલામતી પણ સામેલ છે. ભારત શાંતિરક્ષકોની સલામતી પર ધ્યાન કેન્દ્રીત કરતો રહ્યો છે અને આતંકવાદને રોકવાના પ્રયાસો પર સતત ભાર મૂકતો રહ્યો છે. વિશ્વને આભાસ થઈ ચૂક્યો છે કે નવા ભારતનું નવું નેતૃત્વ માત્ર દેશ જ નહીં, દુનિયાનું નેતૃત્વ કરવા માટે 130 કરોડ દેશવાસીઓના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે. ભારતને અધ્યક્ષતા મળી ત્યારે વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું હતું, "અમે ઓગસ્ટ મહિના માટે યુએનએસસીની અધ્યક્ષતા સંભાળી રહ્યા છીએ અને અન્ય સભ્યો સાથે કામ કરવા તત્પર છીએ. ભારત હંમેશા સંયમનો અવાજ, સંવાદનો હિમાયતી અને આંતરરાષ્ટ્રીય કાયદાનો સમર્થક બની રહેશે." સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ ટી એસ તિરૂમૂર્તિનું કહેવું છે, "ભારત દરેક પ્રકારના આતંકવાદનો વિરોધ કરતો રહ્યો છે. અમારો વિશ્વાસ છે કે આતંકવાદને કોઈ પણ રીતે વાજબી ન ઠરાવી શકાય. અમે પહેલાંની જેમ જ કાઉન્સિલની અંદર અને બહાર આ મુદ્દા પર સ્પોટલાઇટ જાળવી રાખીશું." ભારતે વિશ્વને એ અહેસાસ પણ કરાવી દીધો છે કે રાષ્ટ્રીય હિતો સાથે ક્યારેય કોઇ સમજૂતિ નહીં થાય, કારણ કે આજે ભારતની યુવા ક્ષમતા, ટેકનિકલ કૌશલ્ય, નિપુણતા અને દ્રઢ સંકલ્પથી સભર છે અને તે તે જે નિર્ધાર કરે છે તેને પૂરો કરીને જ બેસે છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વને પાંચ 'S' અભિગમ આપ્યો




વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.

# દરિયાઇ સહયોગ અંગે સલામતી પરિષદ સમક્ષ વડાપ્રધાન મોદીના પાંચ મંત્ર

**1** આપણે કાનૂની દરિયાઇ વેપાર આડેનાં અવરોધો દૂર કરવા જોઇએ. આ અડચણ સમગ્ર વૈશ્વિક અર્થતંત્ર માટે પડકાર બની શકે છે. મુક્ત દરિયાઇ વેપાર ભારતની સભ્યતા સાથે અનાદિકાળથી જોડાયેલો છે. હજારો વર્ષ પહેલાં સિંધુ ખીણની સભ્યતાનું લોથલ બંદર દરિયાઇ વેપાર સાથે સંકળાયેલું હતું. પ્રાચીન સમયમાં સ્વતંત્ર દરિયાઇ માર્ગો દ્વારા જ ભગવાન બુધ્ધનો શાંતિ સંદેશ વિશ્વમાં ફેલાયો. મુક્ત દરિયાઇ વેપાર માટે એ પણ જરૂરી છે કે આપણે એક બીજાના નાવિકોના અધિકારોનું સંપૂર્ણ સન્માન કરીએ.

**2** દરિયાઇ વિવાદોનો ઉકેલ શાંતિપૂર્ણ રીતે અને આંતરરાષ્ટ્રીય કાયદાને આધારે જ આવવો જોઇએ. પરસ્પર વિશ્વાસ અને ભરોસા માટે એ અત્યંત જરૂરી છે. આ માધ્યમથી જ આપણે વૈશ્વિક શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરી શકીએ છીએ. ભારતે આ સમજ અને પરિપક્વતા સાથે પડોશી દેશ બાંગલાદેશ સાથે પોતાના દરિયાઇ વિવાદ ઉકેલ્યા છે.

**3** આપણે કુદરતી આપત્તિઓ અને નોન-સ્ટેટ એક્ટર્સ દ્વારા ઊભા કરવામાં આવેલા દરિયાઇ જોખમોનો મળીને સામનો કરવો જોઇએ. ભારતે તેમાં પ્રાદેશિક સહયોગ વધારવા માટે અનેક પગલાં લીધાં છે.

**4** આપણે સમુદ્રી વાતાવરણ અને સંસાધનોને જાળવી રાખવાં પડશે. આપણે બધાં જાણીએ છીએ તેમ જળવાયુ પર મહાસાગરની સીધી અસર થાય છે. તેથી, આપણે આપણાં દરિયાઇ વાતાવરણને પ્લાસ્ટિક, તેલ ગળતર જેવા પ્રદૂષણથી મુક્ત રાખવું પડશે. ભારતે એક મહત્વાકાંક્ષી 'ઊંડો દરિયો અભિયાન' (ડીપ સી મિશન) લોંચ કર્યું છે.

**5** આપણે જવાબદાર દરિયાઈ સંપર્કને પ્રોત્સાહન આપવું જોઇએ. એ તો સ્પષ્ટ છે કે દરિયાઇ વેપાર વધારવા માટે માળખાકીય સુવિધાઓનું નિર્માણ જરૂરી છે.

### ભારતને મળેલી અધ્યક્ષતા મહત્વપૂર્ણ છે

સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદમાં ભારતને ભલે કાયમી સભ્યપદ ન મળ્યું હોય, છતાં કામચલાઉ સભ્ય તરીકે પણ વિશ્વ ભારતનું પ્રભુત્વ અનુભવી રહી છે. આ સંસ્થાની રચનાનો હેતુ બીજા વિશ્વયુધ્ધ પછી દેશો વચ્ચે શાંતિ, સલામતી અને મૈત્રીપૂર્ણ સંબંધોને પ્રોત્સાહન આપવાનો હતો. સંયુક્ત રાષ્ટ્રના 6 મુખ્ય અંગોમાં સલામતી પરિષદ પણ એક છે. વિશ્વભરમાં શાંતિ સ્થાપવામાં આ સંસ્થાની ભૂમિકા મહત્વની હોય છે. આ સંસ્થામાં કુલ 15 સભ્યો હોય છે, જેમાંથી પાંચ કાયમી સભ્યોમાં અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, રશિયા અને ચીનનો સમાવેશ થાય છે, જેમની પાસે વિશિષ્ટ વીટો પાવર છે. બાકીના 10 સભ્યોની પસંદગી પ્રાદેશિક રીતે કરવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રમાં સૌથી વધુ મહત્વ ધરાવતી સલામતિ પરિષદના બે વર્ષ માટે ભારત કામચલાઉ સભ્ય તરીકે આઠમી વાર પસંદ થઈ ચૂક્યું છે. આ માટે ભારતે રાજદ્વારી સ્તરે મજબૂત પ્રચાર અભિયાન ચલાવ્યું હતું, જેનાં પરિણામે 192 દેશોમાંથી 184 દેશોએ ભારતની તરફેણમાં મતદાન કરીને તેને સભ્ય તરીકે પસંદ કર્યું. ટેકનિકલ રીતે, ભારતને પોતાના વર્તમાન કાર્યકાળમાં બે વાર આ મહત્વપૂર્ણ સંસ્થાની અધ્યક્ષતાની તક મળશે. ●

# દૂરદર્શન પ્રસારણસેવાનો પાયાનો પથ્થર

**સ્વચ્છ, નિર્ભેળ મનોરંજન અને સચોટ સમાચારો માટે આજે પણ દૂરદર્શન જોવાય છે. ટેલિવિઝનની દુનિયાની શરૂઆત જ દૂરદર્શન (ડીડી)થી થાય છે. પોતાની 62 વર્ષની ગૌરવવંતી સફરમાં સમાચાર, કળા, સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યોને સ્થાપિત કર્યા છે, તો અનેક પેઢીઓ અને રાષ્ટ્રને એક તાંતણે બાંધીને દેશની 90 ટકા વસતિ સુધી પહોંચીને દૂરદર્શન 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'નું પ્રતીક બની ગયું છે.**

ગયા વર્ષે કોવિડ મહામારીને પગલે લોકડાઉન લગાવવામાં આવ્યું ત્યારે દેશભરમાંથી એવી માંગ ઉઠી કે દૂરદર્શન પર રામાયણ-મહાભારત જેવી ધારાવાહિકોનું પુનઃ પ્રસારણ કરવામાં આવે. કેન્દ્ર સરકારે લોકોની માગણી સ્વીકારીને તેનું પ્રસારણ પણ કર્યું. જો કે આ માત્ર 'ટાઇમ પાસ' કરવાની વાત નહોતી. આ ધારાવાહિકોના પુનઃપ્રસારણે દૂરદર્શનના એ જમાનાની પણ યાદ અપાવી જ્યારે ઘરોમાં ટીવી તેની પકડ બનાવી રહ્યું હતું અને આ ધારાવાહિકો એવી લોકપ્રિય હતી કે જાણે કરફ્યુ જેવી સ્થિતિ હોય તેમ લાગતું હતું. અત્યાર સુધી દૂરદર્શને પોતાની વિશ્વસનીયતા જાળવી રાખી છે અને તે રાષ્ટ્રની પ્રસારણ સેવાનું મુખ્ય અંગ જ નહીં, આધારસ્તંભ પણ છે. 15 સપ્ટેમ્બર, 1959નાં રોજ દિલ્હીમાં એક નાના ટ્રાન્સમીટર દ્વારા નાનકડી શરૂઆત થઈ. એ સમયે નિયમિત પ્રસારણ નહોતું થતું, પણ 15 ઓગસ્ટ, 1965થી પાંચ મિનિટનાં નિયમિત સમાચાર બુલેટીનનો પ્રારંભ થયો. પ્રતિમા પુરી દૂરદર્શનનાં પ્રથમ ન્યૂઝ રીડર હતા. સ્થાપના થઈ ત્યારથી જ દૂરદર્શનનો લોગો તેની વિશેષ ઓળખ માટે દર્શકોમાં લોકપ્રિય છે. દાયકાઓથી સમાજમાં પોતાની ભૂમિકા ભજવતું રહેલું દૂરદર્શન આજે સેંકડો ચેનલોની ભીડમાં સચોટ અને વિશ્વસનીય પ્રસારણને કારણે વિશિષ્ટ ઓળખ ધરાવે છે. આજે દેશના અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચનાર દૂરદર્શન રાષ્ટ્રીય અને પ્રાદેશિક ચેનલો દ્વારા દેશનું સૌથી મોટું બ્રોડકાસ્ટર (પ્રસારણકર્તા) છે. દેશની 90 ટકા વસતિ સુધી દૂરદર્શન પહોંચી ગયું છે અને ભવિષ્યમાં પણ સામાન્ય માણસો સુધી તેની સેવા આપતું રહેશે. ●

## દૂરદર્શન દિવસઃ કેટલીક રસપ્રદ માહિતી

- ભારતીય પ્રસારણ સેવાના મુખ્ય અંગ દૂરદર્શનનો પ્રારંભ 15 સપ્ટેમ્બર, 1959નાં રોજ થયો હતો.
- 15 ઓગસ્ટ, 1965થી પાંચ મિનિટના નિયમિત સમાચાર બુલેટિનનો પ્રારંભ થયો.
- 1967થી કૃષિ દર્શન નામના કાર્યક્રમનો પ્રારંભ થયો, જેને દર્શકોની સારી એવી લોકપ્રિયતા મળી.
- 1972માં દૂરદર્શનનું પ્રસારણ મુંબઇ અને અમૃતસરમાં પણ શરૂ કરવામાં આવ્યું.
- 1975 સુધી દૂરદર્શન માત્ર સાત શહેરો પૂરતું જ મર્યાદિત હતું. 1 એપ્રિલ, 1976નાં રોજ દૂરદર્શનને ઓલ ઇન્ડિયા રેડિયોથી અલગ કરવામાં આવ્યું.
- 1982માં ભારતમાં રંગીન ટેલિવિઝનનો પ્રારંભ થયો. હમ લોગ, બુનિયાદ, માલગુડી ડેઝ, રજની, નુક્કડ, ચિત્રહાર જેવી ધારાવાહિકો ઘરઘરમાં લોકપ્રિય હતી.
- 1987માં પ્રસારિત રામાયણ અને 1989માં પ્રસારિત મહાભારતે દૂરદર્શનની લોકપ્રિયતાને નવી ઊંચાઈઓ પર પહોંચાડી. 23 નવેમ્બર, 1997નાં રોજ પ્રસારભારતીની રચના કરવામાં આવી અને ત્યારથી પ્રસારભારતી અંતર્ગત દૂરદર્શનનું પ્રસારણ કરવામાં આવી રહ્યું છે.
- 2003માં 24 કલાકની સમાચાર ચેનલ ડીડી-ન્યૂઝની શરૂઆત કરવામાં આવી. 2004માં મફત ડીટીએચ સેવા ડીડી ડાયરેક્ટ પણ શરૂ કરવામાં આવી.

**26 મે 2015નાં રોજ ખેડૂતો માટે ખેતીવાડી સહિતની જરૂરી માહિતી પૂરી પાડવા માટે ડીડી કિસાન ચેનલનો પ્રારંભ કરવામાં આવ્યો. 13 એપ્રિલ, 2020નાં રોજ શરૂ કરવામાં આવેલી ડીડી રેટ્રો પર ડીડીની જૂની ક્લાસિક ધારાવાહિકો પ્રસારિત કરવામાં આવે છે.**

**દૂરદર્શન હવે 34 સેટેલાઇટ ચેનલોનું સંચાલન કરતું મોટું નેટવર્ક બની ગયું છે. તે 104 ફ્રી-ટુ-એર ડીટીએચ સેવા પૂરી પાડે છે. એક નાના રૂમમાં શરૂઆત કરનાર દૂરદર્શન દેશભરમાં 66 સ્ટુડીઓ ધરાવે છે.**







# બ્રાન્ડ ઈન્ડિયાને મજબૂત કરવાથી આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન પૂરું થશે

**વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર ભારત હવે કોવિડ મહામારીના દુઃસ્વપ્નને પાછળ છોડીને આત્મનિર્ભરતાના પથ પર અગ્રેસર રહ્યું છે, તો તેમાં સૌથી મોટો ફાળો ઉદ્યોગ જગતનો પણ છે. કોવિડ જેવી મહામારી વચ્ચે ભારતના ઉદ્યોગ જગતે દેશની પ્રગતિમાં મોટું યોગદાન આપ્યું છે, તો તેનું કારણ કદાચ એ પણ છે કે પહેલી વાર દેશવાસીઓ વિદેશને બદલે સ્વદેશી ઉત્પાદનને વધુ મહત્વ આપી રહ્યા છે. કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ)ની વાર્ષિક બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનો ઉલ્લેખ કર્યો હતો.**

**વડાપ્રધાને આત્મનિર્ભર ભારતની સફળતામાં ઉદ્યોગ જગતની મહત્વની ભૂમિકાથી માંડીને કેન્દ્ર સરકારના પ્રયાસો સહિત અનેક બાબતોનો ઉલ્લેખ કર્યો. કયા મુદ્દે વડાપ્રધાન શું બોલ્યા તે વાંચો..**

**આત્મનિર્ભર ભારત પર...**

આ વખતે સીઆઈઆઈની બેઠક 75મા સ્વતંત્રતા દિવસના માહોલમાં, આઝાદીના અમૃત મહોત્સવ વચ્ચે યોજાઈ રહી છે. ભારતીય ઉદ્યોગ જગતના નવા સંકલ્પો, નવા લક્ષ્યો માટે આ મોટો પ્રસંગ છે. આત્મનિર્ભર ભારત અભિયાનની સફળતા માટે ભારતીય ઉદ્યોગો પર બહુ મોટી જવાબદારી છે.

**સરકારના પ્રયાસો અંગે...**

આજે દેશમાં વિકાસ પ્રત્યે જે વાતાવરણ બન્યું છે, તેનો ભારતીય ઉદ્યોગ જગતે પૂરો લાભ ઉઠાવવો જોઈએ. વીતેલા વર્ષોમાં ભારતમાં જે પરિવર્તન આવ્યું છે, તે સરકારની વિચારધારા, વલણ અને સરકારી વ્યવસ્થાઓની કામ કરવાની પ્રક્રિયામાં તમે સૌ અનુભવી રહ્યા છો, જોઈ રહ્યા છો અને અનુભવી રહ્યા છે. આજનું નવું ભારત, નવી દુનિયાની સાથે ચાલવા માટે તૈયાર છે, આતુર છે. જે ભારત એક સમયે વિદેશી રોકાણ પર આશંકા સેવતું હતું, તે આજે તમામ પ્રકારના રોકાણનું સ્વાગત કરે છે.

**નવા ભારતની વિચારધારા અંગે**

ભારત નવી દુનિયા સાથે ચાલવા માટે તૈયાર છે, તત્પર છે. જે ભારતની ટેક્સને લગતી નીતિઓને કારણે ક્યારેક રોકાણકારોમાં નિરાશા વ્યાપી જતી હતી આજે એ જ ભારતમાં વિશ્વમાં સૌથી સ્પર્ધાત્મક કોર્પોરેટ ટેક્સ છે અને ફેસલેસ ટેક્સ સિસ્ટમ પણ છે. એક સમયે આપણને લાગતું હતું કે

## મેક ઇન ઇન્ડિયા..

ઉદ્યોગો પર દેશના વિશ્વાસનાં પરિણામે આજે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અને ઇઝ ઓફ લિવિંગમાં વધારો થઈ રહ્યો છે. કંપનીઝ એક્ટમાં કરવામાં આવેલો ફેરફાર તેનું મોટું ઉદાહરણ છે. એમએસએમઈ સેક્ટરને પ્રોત્સાહિત કરવા માટે પણ ઘણાં પગલાં લેવામાં આવ્યા છે. રાજ્યોને પણ ભાગીદાર બનાવવામાં આવ્યાં છે. મેક ઈન ઇન્ડિયાની સાથે સાથે રોજગાર અને નિકાસને વેગ આપવા માટે પર્ફોમન્સ લિન્ક્ડ ઈન્સેન્ટિવ યોજના પણ શરૂ કરી છે. તાજતરમાં જ, અમે ભૂલોને સુધારીને રેટ્રોસ્પેક્ટિવ ટેક્સને રદ કરવાનો નિર્ણય લીધો છે.

# સ્ક્રેપ પોલિસી મહત્વનું સીમાચિહ્ન: વડાપ્રધાન

**પ્રદૂષણને અંકુશમાં લેવા માટે પર્યાવરણીય હિતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલી પ્રથમ સ્ક્રેપ પોલિસી જાહેર કરવામાં આવી છે. 13 ઓગસ્ટનાં રોજ આયોજિત ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટને સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પોલિસી જાહેર કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "ભારતની વિકાસ યાત્રામાં આ પોલિસીને મહત્વપૂર્ણ સીમાચિહ્ન કરી શકાય."**



## નવી સ્ક્રેપ પોલિસીના ફાયદા

**01** **કરોડ જૂના વાહનો રસ્તા પરથી હટી જશે**

જૂના વાહનો ફરતા બંધ થવાથી પ્રદૂષણમાં ઘટાડો થશે. ઈંધણનો વપરાશ ઓછો થશે અને વાહનોનું મેઈન્ટેનન્સ સસ્તું થશે.

કાર માલિકને ગાડીની સ્ક્રેપ વેલ્યુ મળશે. નવી ગાડી ખરીદતી વખતે ડિસ્કાઉન્ટની સાથે સાથે રોડ ટેક્સ અને રજીસ્ટ્રેશન ચાર્જમાં ભારે છૂટ આપવામાં આવશે.

**10** **હજાર કરોડનું નવું રોકાણ આવશે. 50,000 લોકોને રોજગારી મળશે**

## 1 ઓક્ટોબરથી નવો નિયમ

ફિટનેસ ટેસ્ટ અને સ્ક્રેપિંગ સેન્ટર સાથે સંકળાયેલા નિયમો 1 ઓક્ટોબર, 2021થી લાગુ પડશે. સરકારી અને પીએસયુ (જાહેર એકમો) સાથે સંકળાયેલા 15 વર્ષ જૂના વાહનોના સ્ક્રેપ અંગેના નિયમો 1 એપ્રિલ, 2022થી લાગુ થશે. કોમર્શિયલ વાહનો માટે જરૂરી ફિટનેસ ટેસ્ટિંગ અંગેના નિયમ 1 એપ્રિલ 2023થી લાગુ થશે, તો અન્ય વાહનો માટે જરૂરી ફિટનેસ ટેસ્ટિંગના નિયમો 1 જૂન, 2024થી તબક્કાવાર રીતે લાગુ પડશે.

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## વડાપ્રધાન મોદીનું સંબોધન: ઊડતી નજરે

- નવી સ્ક્રેપિંગ પોલિસી 'વેસ્ટ ટુ વેલ્થ'નો મંત્ર આગળ વધારશે. દેશ માટે આગામી 25 વર્ષ ઘણાં મહત્વના છે. જે રીતે ટેકનોલોજી બદલાઈ રહ છે, તે પ્રમાણે આપણે પણ બદલાવાનું છે. આપણે ક્લાઈમેટ ચેન્જના પડકારનો પણ સામનો કરી રહ્યા છીએ, તેથી પોતાના હિતમાં મોટાં પગલાં લેવાની જરૂર છે.
- આ પોલિસીથી સામાન્ય પરિવારોને દરેક રીતે ઘણો લાભ થશે. સૌથી મોટો લાભ એ થશે કે જૂની ગાડી સ્ક્રેપ કરવાથી એક સર્ટિફિકેટ મળશે. આ સર્ટિફિકેટ જેની પાસે હશે તેને નવી ગાડીની ખરીદી પર રજીસ્ટ્રેશનન કોઈ ચાર્જ ભરવો નહીં પડે.
- આ સાથે સર્ટિફિકેટધારકને રોડ ટેક્સમાં પણ થોડી રાહત આપવામાં આવશે. બીજો લાભ એ થશે કે જૂની ગાડીનો મેઈન્ટેનન્સ ખર્ચ, રિપેરિંગ ખર્ચ, ઓછી એવરેજ વગેરે બંધ થતાં પૈસા બચશે.

જે કંઈ પણ વિદેશી છે, તે સારું છે. આપણી પોતાની બ્રાન્ડ, જે આપણે વર્ષોની મહેનત બાદ ઊભી કરી હતી તેને વિદેશી નામો દ્વારા જ પ્રચારિત કરવામાં આવતી હતી. આજે સ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. આજે દેશવાસીઓની ભાવના ભારતમાં બનતી પ્રોડક્ટ્સ સાથે છે. કંપની ભારતીય હોય એ જરૂરી નથી પણ આજે દરેક ભારતીય ભારતમાં બનેલી પ્રોડક્ટ્સને અપનાવવા માગે છે. એટલે કે દેશ હવે માની ચૂક્યો છે કે હવે ઉદ્યોગ જગતે આ મત પ્રમાણે તેની નીતિ બનાવવાની છે.

### યુવાનોમાં વધતા આત્મવિશ્વાસ અંગે...

તાજેતરમાં જ તમે ઓલિમ્પિકના મેદાનમાં ભારતના વધતા આત્મવિશ્વાસનો અનુભવ કર્યો છે. આજે ભારતનો યુવાન મેદાનમાં ઉતરે છે તેનાં મનમાં કોઈ ખચકાટ નથી હોતો. તે મહેનત કરવા માગે છે, તે જોખમ ઉઠાવવા માગે છે, તે પરિણામ લાવવા માગે છે.

### ભારતમાં સુધારા અંગે..

ટેકનોલોજી અંગે આજે દેશમાં જે ઉત્સાહ છે, તે સરકારને ઝડપથી સુધારાઓ માટે પ્રેરિત કરતા રહ્યા છે. જે સુધારા અમે કર્યા તે કોઈ સરળ નિર્ણય નહોતા, કોઈ સાધારણ પરિવર્તન નહોતું. દાયકાઓથી તેની માગ થઈ રહી હતી. આ અંગે વાતો તો ઘણ થતી હતી, પણ કોઈ નિર્ણય નહોતા લેવામાં આવતા. કારણ કે એવું માની લેવામાં આવતું હતું કે આ બહુ અઘરું કામ છે. પણ અમે એ જ નિર્ણયો મક્કમતાપૂર્વક લીધા. ત્યાં સુધી કે મહામારી દરમિયાન પણ સુધારાની પ્રક્રિયા ચાલુ રાખી. જેમ કે કમર્શિયલ કોલ માઈનિંગનો પ્રારંભ કરવામાં આવ્યો, ખાનગી ક્ષેત્રની સહભાગિતાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સંરક્ષણ, અવકાશ, અણુ જેવા ક્ષેત્રો ખાનગી ક્ષેત્ર માટે ખોલવામાં આવ્યા છે.

### અવરોધો દૂર કરવા અંગે...

આજે દેશમાં એવી સરકાર છે, જે રાષ્ટ્ર હિતમાં સૌથી મોટા જોખમો ઉઠાવવા માટે તૈયાર છે. જીએસટી તેનું ઉદાહરણ છે. અમે જીએસટી લાગુ કર્યો એટલું જ નહીં, પણ જીએસટી વસૂલાતમાં વિક્રમ સર્જાતો જોવા મળી રહ્યો છે.

### બ્રાન્ડ ઈન્ડિયાની મજબૂતી પર...

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા દેશે બહુ મોટું પગલું ભર્યું છે. તેમાં શાળાઓ, કૌશલ્યથી માંડીને રિસર્ચ સુધીની એક નવી ઈકો સિસ્ટમ તૈયાર કરવાનો ભરપૂર રોડમેપ છે. તેમાં ઉદ્યોગોની સક્રિય ભૂમિકા બહુ જરૂરી છે. ખાસ કરીને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પર રોકાણ અંગે આપણે બહુ ગંભીરતાથી કામ કરવાનું છે. આત્મનિર્ભર ભારત માટે અનેક ગણું રોકાણ વધારવાની જરૂર છે અને માત્ર સરકારી પ્રયાસો દ્વારા તે શક્ય નથી. તેમાં ઉદ્યોગોની મોટી ભાગીદારીની જરૂર છે. અમારું લક્ષ્ય બ્રાન્ડ ઈન્ડિયાને મજબૂત કરવાનું છે. અમારું લક્ષ્ય દેશને સમૃદ્ધિ અને સન્માન આપવાનું છે. ●

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો





# બ્લુ રીવોલ્યુશન દ્વારા આર્થિક ક્રાંતિ

**ભારતમાં એવા અનેક સેક્ટર છે, જેનાં પર પૂરતું ધ્યાન નહોતું આપવામાં આવ્યું. આવું એક સેક્ટર છે મત્સ્ય ક્ષેત્ર. (મરીન સેક્ટર). 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2022 સુધી ખેડૂતોની આવક બમણી કરવાનો સંકલ્પ કર્યો ત્યારે તેમાં હરિતક્રાંતિ, શ્વેતક્રાંતિ પછી ભૂરીક્રાંતિ (બ્લુ રીવોલ્યુશન)ને પણ સામેલ કરવામાં આવી. 10 સપ્ટેમ્બર 2020નાં રોજ પ્રથમ વાર મત્સ્યપાલન સેક્ટર માટે સ્વતંત્ર ભારતની સૌથી મોટી યોજના શરૂ કરવામાં આવી. પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના (PMMSY)દ્વારા તેની શરૂઆત થઈ. પાંચ વર્ષમાં રૂ. 20,000 કરોડથી વધુનું રોકાણ કરીને આ સેક્ટરની કાયાપલટ કરવાની યોજના છે...**

ગયા વર્ષે સમગ્ર વિશ્વએ કોવિડ મહામારીનો સામનો કર્યો ત્યારે લોકડાઉનને પગલે અનેક દેશોનાં અર્થતંત્ર ખોરવાઈ ગયા. ભારતે પણ આ સમસ્યાનો સામનો કર્યો, પણ આ સંકટકાળણાં એક સંકલ્પ લીધો. એ સંકલ્પ હતો આત્મનિર્ભર ભારતનો. લોકડાઉનથી નબળા પડેલા અર્થતંત્રને બેઠું કરવા તેની સાથે સંકળાયેલા તમામ સેક્ટરનું દ્રઢીકરણ કરવામાં આવ્યું. આ અભિયાન અંતર્ગત એ દરેક સેક્ટર પર ધ્યાન આપવામાં આવ્યું જે વિકાસની મુખ્ય ધારા એટલે કે જીડીપીમાં વધુ પ્રદાન કરી શકે છે. એવા સેક્ટર જેમાં વિકાસની અપાર સંભાવના હતી, પણ કોઈ કારણસર તેનાં પર એટલું ધ્યાન નહોતું આપવામાં આવ્યું. આવું જ એક સેક્ટર હતું, મત્સ્યપાલન. આઝાદીથી 2014 સુધી આ સેક્ટરમાં માત્ર રૂ. 3682 કરોડનું રોકાણ જ કરવામાં આવ્યું હતું. પણ


> **"**
> **આઝાદી પછી મત્સ્ય ઉત્પાદન ક્ષેત્રમાં જેટલું રોકાણ થયું તેનાથી અનેક ગણું રોકાણ પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનામાં થઈ રહ્યું છે. કદાચ આ આંકડો સાંભળીને અનેક લોકોને નવાઇ લાગશે કે ખરેખર આવું હતું. પણ તમે હકીકત જાણશો તો તમને લાગશે કે આ સરકાર કેટલાં કેટલાં વિસ્તારોમાં લોકોની ભલાઈ માટે કેવા કેવા મોટાં કામોની યોજનાને આગળ વધારી રહી છે**
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## આવી રીતે થઈ શરૂઆત..

**ભારતમાં મત્સ્યપાલન સેક્ટર સાથે આશરે 2.5 કરોડ માછીમારો અને ખેડૂતો સંકળાયેલા છે. 2018-19 દરમિયાન અર્થતંત્રમાં મત્સ્ય ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો 1.24 ટકા હતો, જ્યારે કુલ કૃષિ ઉત્પાદનમાં તેનો હિસ્સો આશરે 7.28 ટકા હતો. વિશ્વનાં કુલ મત્સ્ય ઉત્પાદનમાં ભારતનો હિસ્સો આશરે 7.58 ટકા છે. પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજનાનો આધાર બનેલી બ્લુ રીવોલ્યુશન સ્કીમની શરૂઆત નાણાંકીય વર્ષ 2015-16માં કરવામાં આવી હતી. 2004થી 2014 સુધી ભારતના મત્સ્ય ક્ષેત્રની વૃધ્ધિ માત્ર 5.27 ટકા હતી, જે બ્લુ રીવોલ્યુશન બાદ 2015થી 2019 દરમિયાન વધીને 10.87 ટકા થઈ હતી.**

**બ્લુ રીવોલ્યુશનને પગલે મત્સ્ય ક્ષેત્રમાં અપાર સંભાવના હોવાનું જણાતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 10 સપ્ટેમ્બર, 2020નાં રોજ બિહારથી મત્સ્ય સંપદા યોજનાનો પ્રારંભ કર્યો. આ યોજનામાં પાંચ લક્ષ્ય નક્કી કરવામાં આવ્યા-**

**1**



**દેશમાં માછીમારો અને મત્સ્ય ખેડૂતોની આવક વધારીને બમણી કરવી**

**2**



**પાંચ વર્ષમાં માછલી ઉત્પાદન વધારીને પ્રતિ વર્ષ 220 લાખ ટન કરવું**

**3**



**માછલી નિકાસને આગામી પાંચ વર્ષમાં એક લાખ કરોડે પહોંચાડવી**

**4**





**માછલી ઉત્પાદનમાં નુકસાનનું પ્રમાણ 20 ટકાથી ઘટાડીને 10 ટકા કરવું**

**5**



**મત્સ્ય ક્ષેત્રમાં 55 લાખ નવી રોજગારીનું સર્જન કરવું**






પહેલી વાર રૂ. 20,050 કરોડનાં રોકાણથી પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજનાની શરૂઆત કરવામાં આવી. આ યોજના અંતર્ગત 2021થી 2024-25 સુધી પાંચ વર્ષમાં આ સેક્ટર સાથે સંકળાયેલા લોકોની આવકમાં વધારો કરવાની સાથે સાથે 55 લાખ લોકો માટે રોજગારી ઊભી કરવામાં આવશે.

### ટેકનોલોજીના ઉપયોગ પર ભાર

2015-16માં શરૂ કરવામાં આવેલા બ્લુ રીવોલ્યુશનની જૂની જોગવાઈઓની સાથે પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજનાની નવી જોગવાઈઓને જોડવામાં આવી. આ સેક્ટરમાં પ્રથમ વાર ટેકનિકલ કુશળતા વધારવા પર ભાર મૂકવામાં આવ્યો. તેમાં માછલી પકડવા જહાજો / હોડીઓનાં અપગ્રેડેશનમાં મદદ, બાયોટોયલેટ, સાગર મિત્ર, બ્રિડિંગ સેન્ટર, મત્સ્યપાલન અને કૃષિ સ્ટાર્ટ-અપને પ્રોત્સાહન, એક્વાપાર્ક, કોસ્ટલ ફિશિંગ વિલેજ ડેવલપમેન્ટ, એક્વાટિક પ્રયોગશાળાઓનું નેટવર્ક, મત્સ્યપાલનની ટેકનિક, બાયોફ્લોક અને કેજ કલ્ચર, ઇ-ટ્રેડિંગ અને મત્સ્યપ્રબંધન પર ખાસ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે. ટૂંકમાં, ટેકનોલોજીકલ કૌશલ્યને પ્રોત્સાહન

ફ્લેગશિપ યોજના
પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના

# માળખાકીય મજબૂતી

**આ અંતર્ગત મત્સ્યપાલન, ઉત્પાદન અને તેનાં વેપાર સાથે સંકળાયેલું ઇન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. જેમ કે કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ, સારી પરિવહન સુવિધા, વેલ્યુ ચેઇનનું આધુનિકીકરણ, ફિશિંગ પોર્ટસ, ફિશ લેન્ડિંગ સેન્ટર્સ, માર્કેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું મજબૂતીકરણ વગેરે. ગયા વર્ષમાં 85 કોલ્ડ સ્ટોરેજ અને 31 ફિશ સર્વિસ સેન્ટર સ્થપાયા છે. ફીશ ફીડ માટે 248 નવા પ્લાન્ટ્સ શરૂ કરવામાં આવ્યા હતા. ફીશ અને સીફુડ ટ્રેડને પ્રોત્સાહન આપવા માટે પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના હેઠળ 720 ફીશ ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન (FPO) સ્થાપવામાં આવ્યા છે.**




## 626
**રિટેલ ફીશ માર્કેટ અને કિયોસ્કની શરૂઆત કરવામાં આવી**

## 200
**સ્થળોએ માછલી અને ઝીંગા ઉત્પાદનની પ્રથમવાર શરૂઆત કરવામાં આવી**

### તમામ રાજ્યો સુધી લાભ પહોંચ્યા

- 34 રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોને પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- 3,000 કરોડ રૂપિયાથી વધુની દરખાસ્તોને પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના અંતર્ગત 5 ઓગસ્ટ, 2021 સુધી મંજૂરી આપવામાં આવી છે
- 8,00,000 લોકો જેઓ મત્સ્યપાલન સાથે સંકળાયેલા છે તેમને અત્યાર સુધી લાભ થઈ ચૂક્યો છે




### આવી રીતે લાભ મળશે

- પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાનો લાભ લેવા માટે કેટલાંક દસ્તાવેજો હોવા અત્યંત જરૂરી છે. તેમાં મત્સ્યપાલન ઉત્પાદન ક્ષેત્રનું પ્રમાણપત્ર અને મત્સ્યપાલન જળસ્ત્રોત પ્રમાણપત્રનો સમાવેશ થાય છે.
- એ પછી પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનનો લાભ લેવા મત્સ્યપાલન વિભાગની અરજી ફોર્મમાં સાચી અને સ્પષ્ટ માહિતી ભરો. આ ફોર્મને મત્સ્યપાલન વિભાગ અથવા તમારા નજીકના સંબંધિત વિભાગને મોકલી આપો. વધુ માહિતી મત્સ્ય સેતુ એપ અને વેબસાઇટ **dof.gov.in/pmmsy** પર પણ ઉપલબ્ધ છે.

આપીને મત્સ્ય સેક્ટરમાં નવી સંભાવનાઓ ચકાસવામાં આવી રહી છે. 122 નવા ડીપ-સી ફિશિંગ જહાજો માટે અને 267 જહાજોના અપગ્રેડેશન માટે ભંડોળ ઉપલબ્ધ કરવામાં આવ્યું છે. 2,755 જહાજોમાં બાયો-ટોયલેટ સ્થાપવામાં આવ્યા છે. માછીમારોને 1956 નવી બોટ અને આધુનિક ફિશિંગ નેટ આપવામાં આવી છે. 1033 બાયોફ્લોક્સ અને 4000થી વધુ ફિશ કેજીસ માટે પણ મદદ કરવામાં આવી છે. સીવુડ (સમુદ્રી શેવાળ) કલ્ટીવેશન માટે 53,000થી વધુ રાફ્ટ અને મોનોલાઇન્સ આપવામાં આવી છે. માછીમારીમાં ઉત્પાદન વધારવું એ આ યોજનાનો મુખ્ય હેતુ છે, પણ તેની સાથે સાથે, સરકાર આ સેક્ટર સાથે સંકળાયેલા લોકોના કલ્યાણ માટે પણ પ્રતિબદ્ધ છે. 2018-19માં માછીમારો અને મત્સ્યખેડૂતોને કિસાન ક્રેડિટકાર્ડ સુવિધા આપવામાં આવી. આ ઉપરાંત PMMSY અંતર્ગત રૂ. પાંચ લાખ સુધીનાં ગ્રુપ એક્સિડન્ટ ઇન્શ્યોરન્સનો પ્રારંભ કરવામાં આવ્યો છે. બ્લુ રીવોલ્યુશને મત્સ્ય ઉત્પાદન સેક્ટરમાં વિકાસને વેગ આપ્યો હતો, તો PMMSY દ્વારા ઝડપથી આગળ વધવાનો માર્ગ બનાવવામાં આવી રહ્યો છે જેથી આ સેક્ટર સાથે સંકળાયેલા લોકોની આવક 2025 સુધી બમણી થાય અને વૈશ્વિક બજારમાં ભારતના હિસ્સામાં વધારો થાય.

# કર્ણાટકના ભાગીરથ

**ઈંટ, રેતી અને લોખંડનો ઉપયોગ કરીને ટેકનોલોજીની મદદથી માત્ર બિલ્ડીંગો જ નથી બનતી, તેમાં સમાજનાં હિતને પણ જોડીએ તો દેશની પ્રગતિનો નવો રસ્તો પણ તૈયાર થાય છે. આ એ સમયની વાત છે જ્યારે ભારત પર અંગ્રેજોનું શાસન હતું. આ સમયે મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાએ પોતાની એન્જિનયિરીંગ કુશળતા દ્વારા એવા ડેમ અને બ્રિજ બનાવ્યા કે અંગ્રેજ સરકાર પણ તેમની પ્રશંસક બની ગઈ. આ મહાન વ્યક્તિના જન્મદિવસ 15 સપ્ટેમ્બરને એન્જિનિયર દિવસ તરીકે મનાવવામાં આવે છે....**



**જન્મઃ 15 સપ્ટેમ્બર, 1861 | મૃત્યુઃ 14 એપ્રિલ 1962**

બ્રિટિશ ભારતના જમાનાની વાત છે. એક ટ્રેન જઈ રહી હતી, જેમાં મોટા ભાગના મુસાફરો અંગ્રેજ હતા. એક ડબ્બામાં એક ભારતીય મુસાફર ગંભીર મુદ્રામાં બેઠો હતો. ગોરો રંગ અને મધ્યમ બાંધાનો આ મુસાફર સાદા કપડાંમાં બેઠો હતો અને આજુબાજુમાં બેસેલા અંગ્રેજો તેને અભણ સમજીને તેની મજાક ઉડાવતા હતા. અચાનક આ મુસાફરે ઉભા થઈને ટ્રેનની ચેઈન ખેંચી. ટ્રેન થોડી મિનિટોમાં ઊભી રહી ગઈ. બધાં મુસાફરો ચેન ખેંચનાર મુસાફર પર ગુસ્સે થઈ ગયા. થોડી વારમાં ગાર્ડ આવ્યો અને પૂછ્યું કે, "ચેઈન કોણે ખેંચી". પેલા મુસાફરે જવાબ આપ્યો, "મેં ખેંચી." કારણ પૂછ્યું તો કહ્યું, "મને શંકા છે કે થોડાક અંતરે રેલવેનો પાટો ઉખડી ગયો છે." ગાર્ડે પૂછ્યું, "તમને કઈ રીતે ખબર પડી. તેણે કહ્યું, ટ્રેનની ગતિમાં ફેરફાર થયો છે. હું એન્જિનીયર છું અને અવાજ પરથી મને આગળ જોખમ હોવાનો આભાસ થઈ રહ્યો છે." ગાર્ડ એ મુસાફરને નીચે ઉતારીને થોડો આગળ લઈ ગયો તો જોઇને આશ્ચર્યમાં મૂકાઇ ગયો. એક જગ્યાએ પાટાના સાંધા ખૂલી ગયા હતા.

આ મુસાફર હતા મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા. 15 સપ્ટેમ્બર, 1861નાં રોજ મૈસુરના ચિકલાપુર જિલ્લામાં જન્મેલા વિશ્વેશ્વરૈયાના પિતા સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા. વિશ્વેશ્વરૈયા 12 વર્ષના હતા ત્યારે પિતાનું અવસાન થયું. પરિવાર આર્થિક મુશ્કેલીમાં હોવાથી વિશ્વેશ્વરૈયા ગામની સરકારી શાળામાં જ ભણવા માંડ્યા. બેંગલુરુની સેન્ટ્રલ કોલેજમાંથી બીએ કર્યા પછી તેમણે થોડો સમય શિક્ષક તરીકે કામ કર્યું. તેમની યોગ્યતા જોઇને મૈસુર સરકારે તેમને પૂણેની સાયન્સ કોલેજમાં સિવિલ એન્જિનિયરના કોર્સમાં ભણવા સ્કોલરશીપ આપી. 1983માં તેઓ એલસીઈ અને એફસીઈની પરીક્ષામાં પ્રથમ સ્થાને આવ્યા, જે અત્યારની બીઈ ડિગ્રીની સમકક્ષ કહી શકાય. એન્જિનિયર બનતાં જ તેમની યોગ્યતા જોઇને મહારાષ્ટ્ર સરકારે તેમને નાસિક જિલ્લાના આસિસ્ટન્ટ એન્જિનિયરના હોદ્દા પર નિયુક્ત કર્યા. પૂણે પાસેના ખડકવાસલા બંધની ઊંચાઇ વધાર્યા વિના સંગ્રહ ક્ષમતા વધારવા બદલ એન્જિનિયર તરીકે તેમની ભારે પ્રશંસા થઈ. બંધોમાં જળસંગ્રહના સ્તરમાં વધારો કરવા માટે તેમણે ઓટોમેટિક જળ દ્વારોનો ઉપયોગ કર્યો હતો. 1909માં તેમને મૈસુર રાજ્યના ચીફ એન્જિનિયર નિયુક્ત કરવામાં આવ્યા. કૃષ્ણરાજ સાગર બંધનું નિર્માણ કરવાથી તેમનું નામ વિશ્વ સ્તરે ચર્ચાયું. આઝાદીના લગભગ 40 વર્ષ પહેલાં આ બંધનું નિર્માણ થયું હતું. 1912માં તેમને મૈસુર રાજ્યના દિવાન બનાવવામાં આવ્યા. તેમણે ચંદન તેલ ફેક્ટરી, સાબુ ફેક્ટરી, ધાતુ ફેક્ટરી, ક્રોમ ટેનિંગ ફેક્ટરી બનાવી. આમ, બંધના નિર્માણની સાથે સાથે ઔદ્યોગિક વિકાસમાં પણ તેમનું પ્રદાન રહ્યું છે. તેઓ ઔદ્યોગિક વિકાસના સમર્થક હતા. તેમણે બેંગલુરુ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં મેટલર્જી, એરોનોટિક્સ, ઈન્ડસ્ટ્રીયલ કમ્બશન અને એન્જિનિયરીંગ જેવા અનેક વિભાગો શરૂ કરવાનું સ્વપ્ન જોયું હતું. રાજ્યમાં તેમણે કરેલાં કામો બદલ તેમને કર્ણાટકના ભાગીરથ કહેવામાં આવે છે. 1918માં તેઓ મૈસુરના દિવાન તરીકે નિવૃત્ત થયા. 1995માં તેમને 'ભારત રત્ન'થી નવાજવામાં આવ્યા. 101 વર્ષની ઉંમરમાં પણ સક્રિય રહેલા વિશ્વેશ્વરૈયા કહેતા કે, "કટાઇ જવા કરતાં કામ કરતાં રહેવું સારું." તેમણે દર્શાવેલા માર્ગ પર દેશ આજે આગળ વધી રહ્યો છે અને ચિનાબ નદી પર વિશ્વનો સૌથી ઊંચો બ્રિજ, અટલ ટનલ, સરહદ નજીકનાં વિસ્તારો અને ધોરીમાર્ગો સહિતની માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. ●

> **"મહેનત અને દ્રઢ સંકલ્પનું બીજું સ્વરૂપ એન્જિનિયર છે. તેમનાં અનોખા ઉત્સાહ વગર માનવીય પ્રગતિ અધૂરી છે. એન્જિનિયર્સ ડે પર દેશનાં તમામ મહેનતુ એન્જિનિયર્સને હાર્દિક શુભકામના. ડો. એમ વિશ્વેશ્વરૈયાને તેમની જયંતી પર હાર્દિક શ્રધ્ધાંજલિ."**
>
> **નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# સત્યાગ્રહ

સત્યાગ્રહ એટલે સત્યનો આગ્રહ. દક્ષિણ આફ્રીકામાં રંગભેદ વિરુધ્ધ મહાત્મા ગાંધીએ પ્રથમ વાર આ શબ્દનો પ્રયોગ કર્યો હતો. સત્યાગ્રહના આ બળને કારણે જ ગાંધીજીના એક અવાજ પર સમગ્ર દેશ આઝાદી માટે રસ્તાઓ પર આવી ગયો હતો. ગાંધીજીએ સત્યાગ્રહના માર્ગ પર ચાલીને એક સપનું જોયું હતું- સ્વસ્થ ભારત, સ્વચ્છ ભારત અને સ્વાવલંબી ભારત. ભારત હવે એ જ માર્ગ પર આગળ વધી રહ્યું છે. સ્વચ્છ ભારતના બાપુના સપનાને સ્વચ્છતા મિશન દ્વારા પૂરું કરવામાં આવ્યું, તો ગરીબમાં ગરીબને સારી સારવાર આપવાનું આયુષ્યમાન ભારત દ્વારા શક્ય બની શક્યું. જલ જીવન મિશન, ગરીબ કલ્યાણ અભિયાન, પોષણ અભિયાન જેવી યોજનાઓએ વિકાસની યાત્રામાં પાછળ રહી ગયેલા લોકોને આશરો આપ્યો, તો વોકલ ફોર લોકલના દ્રઢ નિશ્ચય સાથે ભારત હવે આત્મનિર્ભરતા તરફ આગળ ચાલી રહ્યું છે. તેથી જ, જ્યારે આપણે આઝાદીના 75માં વર્ષમાં પ્રવેશી ચૂક્યા છીએ ત્યારે સત્યાગ્રહ અંગે જાણવાનું મહત્વ વધી જાય છે...

બાપુ માટે સત્યાગ્રહ એ અહિંસા કે શાંત વિરોધ પૂરતો મર્યાદિત નહોતો. 1906માં દક્ષિણ આફ્રિકાની સરકારે ત્યાં રહેતા ભારતીય લોકો માટે વિશેષ વટહુકમ બહાર પાડ્યો, જે વાંધાજનક હતો. આ વટહુકમનાં વિરોધમાં ભારતીયોએ ગાંધીજીના નેતૃત્વમાં જ્હોનિસબર્ગમાં વિશેષ જાહેર સભાનું આયોજન કર્યું અને વટહુકમના ઉલ્લંઘન બદલ થનારી સજા સ્વીકારવાની પ્રતિજ્ઞા લીધી. આ રીતે 'સત્યાગ્રહ' શબ્દનો જન્મ થયો. લડવાની આ નવી રીતથી દક્ષિણ આફ્રિકામાં સાત વર્ષ સુધી સંઘર્ષ ચાલ્યો. તેમાં ઉતાર-ચડાવ આવતા રહ્યા, પણ ગાંધીજીના નેતૃત્વમાં ભારતીય લઘુમતીઓના નાનકડાં સમુદાયે શક્તિશાળી સત્તાવાળાઓ સમક્ષ સંઘર્ષ ચાલુ રાખ્યો. સેંકડો ભારતીયોએ પોતાની આત્મા અને સ્વાભિમાનને ફટકો મારનાર કાયદા સામે ઝૂકી જવાને બદલે આર્થિક તકલીફ ભોગવવાનું વધુ પસંદ કર્યું. દક્ષિણ આફ્રિકા સરકાર માટે આ પગલું બુમરેંગ સાબિત થયું અને તેણે ભારત તથા બ્રિટિશ સરકારના દબાણ હેઠળ સમાધાન કરવું પડ્યું. ગાંધીજીની આગેવાનીમાં લડાયેલા આંદોલનને કારણે ભારતની સ્વતંત્રતા માટેનું વાતાવરણ ઊભું થયું, જે માત્ર ભારત જ નહીં, દક્ષિણ આફ્રિકાની આઝાદી માટે પણ સફળ સાબિત થયું. ગાંધીજીએ અહીંથી સત્યાગ્રહના આ મૂળ મંત્ર દ્વારા ભારતીય સ્વતંત્રતા સંગ્રામને નવો માર્ગ ચીંધ્યો અને રાષ્ટ્રપિતા બાપુએ સવિનય કાનૂન ભંગ, દાંડી સત્યાગ્રહ અને ભારત છોડો આંદોલન જેવા મુખ્ય આંદોલનોનો દોરીસંચાર કર્યો. મહાત્મા ગાંધીનું કહેવું હતું કે, સત્યાગ્રહને કોઇ પણ અપનાવી શકે છે. તેમનાં માનવા પ્રમાણે સત્યાગ્રહ વડનાં ઝાડ સમાન છે, જેની અસંખ્યા શાખાઓ હોય છે. ગાંધીજીના સત્યાગ્રહીઓએ તેમણે દર્શાવેલા માર્ગ પર ચાલીને એક નવો ઇતિહાસ રચ્યો અને દેશને ગુલામીની બેડીઓમાંથી મુક્તિ અપાવવાની સાથે સાથે સામાજિક ક્રાંતિ સાથે સંકળાયેલા કાર્યોમાં પણ ઉત્સાહભેર ભાગ લીધો અને સફળતા મેળવી. ચંપારણ્ય સત્યાગ્રહના શતાબ્દિ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, "ચંપારણ્યની પાવન ધરતી પરથી બાપુએ સત્યાગ્રહના આંદોલનની શરૂઆત કરી હતી. અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ માટે આપણને સત્યાગ્રહના રૂપમાં એક મજબૂત અહિંસક શસ્ત્ર મળ્યું હતું. 100 વર્ષ વીત્યા પછી પણ સત્યાગ્રહ અસરકારક છે અને આગામી સમયમાં પણ અસરકારક રહેશે. સત્યાગ્રહથી સ્વચ્છાગ્રહ આજના સમયની માગ છે. આજે અમે આપની સમક્ષ સત્યાગ્રહથી સ્વચ્છાગ્રહના માધ્યમથી બાપુના

> **મહાત્મા ગાંધીજીએ સત્ય, અહિંસા, સત્યાગ્રહ, સ્વાવલંબનના વિચારો દ્વારા દેશને માર્ગ બતાવ્યો હતો. આજે આપણે બધાં આ જ માર્ગ પર ચાલીને સ્વચ્છ, સ્વસ્થ, સમૃધ્ધ અને સશક્ત ન્યૂ ઇન્ડિયાના નિર્માણમાં જોડાયેલા છીએ.**
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

સ્વચ્છતા અભિયાનને આગળ વધારી રહ્યા છીએ." ગાંધીજીએ સત્યાગ્રહનું આહવાન કર્યું અને સત્યના માર્ગે ચાલીને આઝાદી મેળવવા માટે રોપાયેલું બીજ વર્ષો પછી વૃક્ષ બન્યું. ગાંધીજીના આ એક વિચાર સાથે આખો દેશ જોડાઈ ગયો. નવ નિર્માણ માટે દેશની જનતાની આવી ભાવના જરૂરી છે. લોકોની સહભાગિતા દ્વારા જ નવા ભારત, આત્મનિર્ભર ભારતનું નિર્માણ થઈ શકે છે અને દેશ આ રસ્તા પર ચાલી નીકળ્યો છે. સ્વચ્છતા આંદોલન તેની સાબિતી છે. સમગ્ર દેશે નક્કી કર્યું હતું કે 2019માં ગાંધીજીની 150મી જન્મજયંતીએ તેમને સ્વચ્છ ભારતની ભેટ આપવાની છે. બ્લેકમની અને ભ્રષ્ટાચાર વિરુધ્ધની લડાઇ હોય કે પછી સામાન્ય લોકો સાથે સંકળાયેલી સુવિધાઓ વિક્સાવવાનો સંકલ્પ હોય, સહભાગિતા સાથે ભારત આ રસ્તા પર આગળ વધી રહ્યું છે. ભારત તેની આઝાદીના 75 વર્ષ પૂરાં કરવા જઈ રહ્યું છે ત્યારે વધુ એક સંકલ્પ છે-આત્મનિર્ભર ભારતનો, લોકલ માટે વોકલ થવાનો. 'આઝાદી કા અમૃત મહોત્સવ' શ્રૃંખલામાં આ વખતે કેટલાંક વ્યક્તિત્વોની કહાની...જેમનાં આહવાનથી લાખો લોકો એક થઈ ગયા...

# વિનોબા ભાવે: મહાત્મા ગાંધીના પ્રથમ સત્યાગ્રહી અને ભૂદાન આંદોલનના પ્રણેતા



વિનોબા ભાવે

જન્મ- 11 સપ્ટેમ્બર, 1895


મૃત્યુ- 15 નવેમ્બર, 1982

**વિનોબા ભાવેને કમ્યુનિટી લીડરશીપ માટે રેમન મેગ્સેસે પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ શ્રેણીમાં આ પુરસ્કાર જીતનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા.**

મહાત્મા ગાંધીના જીવનમાં આધ્યાત્મનું ઘણું મહત્વ હતું. આ જ આધ્યાત્મમાંથી સત્યાગ્રહનો મહાન વિચાર આવ્યો હતો. કહેવાય છે કે મહાત્મા ગાંધીના આધ્યાત્મિક વારસાના કોઇ સાચા વારસદાર હતા તો તે વિનાબા ભાવે હતા. 11 સપ્ટેમ્બર, 1895નાં રોજ મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશના ગાગોદા ગામમાં તેમનો જન્મ થયો હતો. તેમનું નામ વિનાયક નરહરિ ભાવે હતું. વિનોબા ભાવે સ્વતંત્રતા સેનાની હોવાની સાથે સાથે સામાજિક કાર્યકર્તા અને જાણીતા ગાંધીવાદી પણ હતા, જેમણે દેશમાં ભૂદાન આંદોલનનો પાયો નાખ્યો હતો. ગાંધીજીએ તેમની ધગશ જોઈને જ તેમને વર્ધા આશ્રમની જવાબદારી સોંપી હતી. 1940 સુધી વિનોબા ભાવેને બહુ ઓછા લોકો જાણતા હતા, પણ 5 ઓક્ટોબર, 1940નાં રોજ મહાત્મા ગાંધીએ દેશ સાથે તેમનો પરિચય કરાવ્યો. ગાંધીજીએ એક નિવેદન પ્રસિધ્ધ કર્યું અને તેમને પ્રથમ સત્યાગ્રહી ગણાવ્યા. ભાવે એ પ્રથમ વ્યક્તિ હતા જેમને મહાત્મા ગાંધીએ સત્યાગ્રહ આંદોલન માટે પસંદ કર્યા હતા. ગાંધીજીના પ્રભાવને કારણે જ વિનોબા ભાવેએ ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને અસહકારની ચળવળમાં જોડાયા. સ્વતંત્રતા સંગ્રામમાં વિનોભા ભાવેની સક્રિય ભાગીદારીથી બ્રિટિશ સરકાર ધુંઆપુંઆ થઈ ગઈ અને તેમનાં પર બ્રિટિશ સરકારની સામે પડવાનો આરોપ લગાવ્યો.

સરકારે તેમને છ મહિના માટે જેલમાં પૂર્યા હતા. તેમને ધુલિયા (મહારાષ્ટ્ર) સ્થિત જેલમાં મોકલવામાં આવ્યા, જ્યાં તેમણે કેદીઓને મરાઠી ભાષામાં ભગવદ ગીતાના વિવિધ પાઠ ભણાવ્યા હતા. તેઓ જાતે જ ચરખો કાંતતા હતા અને બીજાઓને પણ એમ કરવાની અપીલ કરતા હતા. કમ્યુનિટી લીડરશીપ માટે તેમને રેમન મેગ્સેસે પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પુરસ્કાર જીતનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા. તેમને સંસ્કૃત, કન્નડ, ઉર્દુ, મરાઠી સહિત સાત ભાષાઓનું જ્ઞાન હતું. તેમણે કહ્યું હતું કે, જેઓ પોતાનાં પર અંકુશ મેળવી લે છે તેઓ દુનિયા પર અંકુશ મેળવી શકે છે. આચાર્ય વિનોબા ભાવે ગાંધીજીના એવા આદર્શ શિષ્ય હતા, જેમનાંમાં પોતાની વાણી, વર્તન અને સેવા-ત્યાગની ભાવના જેવા ગુણોને કારણે ભારતીયતાનો સાર હતો. ગાંધીજીની જેમ જ આચાર્ય વિનોબા ભાવે પણ હિંસા કે બળજબરી વિના ભૂદાન આંદોલન દ્વારા પરિવર્તન લાવવામાં સફળ રહ્યા અને એવું સાબિત કર્યું કે લોકોની સક્રિય ભાગીદારીથી સકારાત્મક, કાયમી પરિવર્તન લાવી શકાય છે. વિનોબાએ 14 વર્ષમાં 70,000 કિલોમીટર લાંબી યાત્રા કરી અને આ દરમિયાન લોકોએ જમીનવિહોણા ખેડૂતો માટે 42 લાખ એકર જમીન દાનમાં આપી દીધી. પોચમપલ્લીના શ્રી વેદિરેરામ ચંદ્ર રેડ્ડી એ પહેલી વ્યક્તિ હતી જેણે વિનાબાના આહવાનથી પોતાની 100 એકર જમીન દાનમાં આપી હતી. વિનોબાનું સર્વોદય આંદોલન અને ગ્રામદાન જેવા વિચારો ગ્રામ પુનર્નિમાણ અને ગ્રામીણ ઉત્થાન તથા ગાંધીવાદી આદર્શનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ગામડાંના સામાજિક અને આર્થિક ઉત્થાન માટેની આ સહકારિતા પ્રણાલિ હતી. આવનારી પેઢીઓને સારું જીવન જીવવા પ્રેરણા મળે તે માટે તેમણે પુસ્તકો લખ્યા, આશ્રમો ખોલ્યા અને મૂલ્યો આધારિત જીવન જીવ્યા. લોકો ગાંધીજીના અવસાનના 37 વર્ષ સુધી વિનોબામાં તેમનો ચહેરો જોતા રહ્યા. વિનોબા ભાવે પ્રત્યે ગાંધીજીના જોડાણનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, "1918માં વિનોબા ભાવેને યાદ કરતા મહાત્મા ગાંધીએ લખ્યું કે મને નથી ખબર કે તમારી પ્રશંસા કઈ રીતે કરું. તમારો પ્રેમ અને તમારું ચરિત્ર મને આકર્ષિત કરે છે અને તમારું આત્મ મૂલ્યાંકન પણ. તેથી, હું આપના મૂલ્યને માપવા માટે લાયક નથી."

# દાદાભાઈ નવરોજી: બ્રિટનની સંસદમાં ચૂંટાયેલા પ્રથમ ભારતીય



દાદાભાઇ નવરોજી

જન્મ: 4 સપ્ટેમ્બર, 1825


મૃત્યુ: 30 જૂન, 1917

**દાદાભાઈ કહેતા હતા, "હું ધર્મ અને જાતિથી પર એક ભારતીય છું." તેઓ કહેતા હતા કે, "જ્યારે એક શબ્દથી કામ ચાલી જતું હોય તો બે શબ્દોનો ઉપયોગ ન કરવો જોઈએ."**

કહેવાય છે કે બાલ ગંગાધર તિલક, ગોપાલકૃષ્ણ ગોખલે અને મહાત્મા ગાંધીએ રાજનીતિનો પ્રથમ પાઠ પ્રખર રાષ્ટ્રવાદી દાદાભાઈ પાસેથી જ શીખ્યો હતો. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સંસ્થાપક સભ્યોમાંના એક હતા, એટલું જ નહીં, બ્રિટિશ સરકારને પડકારનારા અને વિદેશોમાં ભારતનાં હિતોનું સતત રક્ષણ કરનાર મહત્વના નેતા પણ હતા. ભારત માટે સ્વરાજની માગ કરનારા તેઓ પ્રથમ હતા. 1906માં કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં દાદાભાઈ નવરોજીએ સ્વરાજ એટલે કે ભારતનાં રાજને કોંગ્રેસનું લક્ષ્ય જાહેર કર્યુ હતું. એ સમયે આ પ્રકારની પ્રથમ જાહેરાત હતી. અંગ્રેજો ભારતનું શોષણ કરી રહ્યા હતા. બ્રિટિશ શાસન વિરુધ્ધ ભારતીયોને જાગૃત કરવા માટે તેમણે અનેક લેખો લખ્યા, ભાષણ આપ્યા અને ધીરે ધીરે રાજકારણમાં સક્રિય થઈ ગયા. રાજકારણમાં તેમનો પ્રવેશ ભારતીયો માટે ફાયદાકારક સાબિત થયો કારણ કે અહીંથી એક નવા યુગનો પ્રારંભ થયો. દાદાભાઈ નવરોજીને વિશ્વભરમાં જાતિવાદ અને સામ્રાજ્યવાદના વિરોધી તરીકે પણ ઓળખવામાં આવતા હતા. 4 સપ્ટેમ્બર, 1825નાં રોજ ગરીબ પારસી પરિવારમાં જન્મેલા નવરોજી નાની ઉંમરથી જ પ્રગતિશીલ વિચારો ધરાવતા હતા. તેઓ કન્યા કેળવણીના હિમાયતી હતા અને 1840નાં દાયકામાં તેમણે મુંબઈમાં છોકરીઓ માટે શાળા શરૂ કરાવી હતી. આ કારણસર તેમને રૂઢિચુસ્ત પુરુષોના વિરોધનો સામનો પણ કરવો પડ્યો. પણ તેઓ જરાય ડગ્યા નહીં. પાંચ વર્ષની અંદર જ આ શાળા છોકરીઓથી ભરાઈ જતાં તેમનું મનોબળ મજબૂત થયું. તેઓ જાતિય સમાનતાના હિમાયતી હતા અને મહિલાઓ તથા પુરુષો માટે સમાન કાયદાઓનું સમર્થન કર્યું હતું. નવરોજીનું કહેવું હતું, "એક દિવસ એવો આવશે કે જ્યારે ભારતીયોને સમજાશે કે મહિલાઓને તેમના અધિકારો, સુવિધાઓ અને કર્તવ્યોનું પાલન કરવાનો એટલો જ અધિકાર છે જેટલો પુરુષોને છે." આઝાદીના છ દાયકા કરતાં પણ લાંબા સમય બાદ 'બેટી બચાવો, બેટી પઢાઓ' જેવી પહેલ નવરોજીએ એ વખતે કહેલી વાતને સાચી સાબિત કરે છે. કામકાજના સ્થળે મહિલાઓની સલામતી અને બરાબરીની વાત હોય કે તેમની વિરુધ્ધ ગુના કરનારાઓ માટે કડક કાયદો બનાવવાની વાત હોય, મહિલાઓને પ્રથમ વાર સમાન અધિકારો મળ્યા છે, જેની વાત નવરોજી એ સમયે કરતા હતા. સ્વતંત્રતા સંગ્રામમાં દાદાભાઈ નવરોજીનું મહત્વ 1894માં મહાત્મા ગાંધીએ તેમને લખેલા પત્ર પરથી સમજાય છે, જેમાં તેમણે લખ્યું હતું, "હિન્દુસ્તાની તમારી તરફ એ રીતે જોઈ રહ્યા છે, જે રીતે બાળકો પોતાના પિતા તરફ જોતા હોય. અહીં તમારા પ્રત્યે લોકોની લાગણી કંઈક આવી છે." કૃતજ્ઞ રાષ્ટ્ર આજે પણ તેમને શ્રધ્ધાપૂર્વક યાદ કરે છે.

**દાદાભાઈ કન્યા કેળવણીના હિમાયતી હતા અને 1840નાં દાયકામાં તેમણે મુંબઈમાં કન્યાઓ માટે શાળા શરૂ કરાવી હતી. આ કારણસર તેમને રૂઢિચુસ્ત પુરુષોના વિરોધનો સામનો પણ કરવો પડ્યો**

# ગોવિંદ વલ્લભ પંતઃ એક સમર્પિત દેશભક્ત અને આઝાદીના લડવૈયા



ગોવિંદ વલ્લભ પંત

જન્મઃ 10 સપ્ટેમ્બર, 1887

મૃત્યુઃ 7 માર્ચ, 1961

**તેઓ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે એક મિટિંગમાં આવેલા ચા-નાસ્તામાંથી માત્ર ચાનું બિલ જ પાસ કર્યું અને નાસ્તાના પૈસા પોતાના ખિસ્સામાંથી આપ્યા અને અધિકારીઓને કહ્યું કે સરકારી બેઠકોમાં માત્ર ચાનો જ નિયમ છે. સરકારી ખજાનામાંથી હું જનતાના પૈસા નિયમ વિરુધ્ધ ન ખર્ચ કરવા દઉં.**

ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં એવા અનેક લડવૈયા હતા જેઓ સતત દેશની આઝાદી માટે સંઘર્ષરત રહ્યા અને લોકોના દિલોમાં ક્રાંતિની મશાલ પણ પ્રજ્વલિત કરતા રહ્યા. આઝાદીની લડાઈના આવા જ એક સિપાહી હતા ભારત રત્ન ગોવિંદ વલ્લભ પંત. તેમનો જન્મ 10 સપ્ટેમ્બર, 1887નાં રોજ આજના ઉત્તરાખંડના અલ્મોડામાં થયો હતો. તેમણે મુરી કોલેજ, અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી બીએ (એલએલબી)ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. અભ્યાસ દરમિયાન ઉત્તમ દેખાવ બદલ તેમને લમ્સડેન ચંદ્રકથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. પછીથી કાકોરી કેસમાં વકીલ તરીકે તેમને ઓળખ અને પ્રતિષ્ઠા બંને મળ્યા. તેઓ દેશના અગ્રણી સ્વતંત્રતા સેનાની હતા એટલું જ નહીં, તેમનું માનવીય પાસું પણ મજબૂત હતું. તેઓ 18 વર્ષનાં હતા ત્યારે ગોપાલકૃષ્ણ ગોખલે અને મદનમોહન માલવિયને પોતાના આદર્શ માનીને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સત્રોમાં સ્વયંસેવક તરીકે સેવા આપવાનું શરૂ કર્યું. ડિસેમ્બર 1921માં તેઓ કોંગ્રેસમાં જોડાયા અને અસહકારની ચળવળમાં જોડાઈ ગયા. મહાત્મા ગાંધીના કાર્યોથી પ્રેરાઈને મીઠાના સત્યાગ્રહનું આયોજન કરવા બદલ 1930માં તેમને કેદ કરવામાં આવ્યા. એમ માનવામાં આવે છે કે બીજા વિશ્વયુધ્ધ દરમિયાન પંતે મહાત્મા ગાંધી અને સુભાષચંદ્ર બોઝના જૂથો વચ્ચે સમાધાન કરાવવાનો પ્રયાસ કર્યો હતો. ગાંધીજી અને તેમના સમર્થક ઇચ્છતા હતા કે યુધ્ધ દરમિયાન બ્રિટિશ શાસનને સમર્થન કરવું જોઈએ, જ્યારે સુભાષચંદ્ર જૂથનું એવું માનવું હતું કે યુધ્ધિની સ્થિતિનો લાભ ઉઠાવીને કોઈ પણ રીતે બ્રિટિશ રાજને ખતમ કરવુ જોઈએ. 'ભારત છોડો' પ્રસ્તાવ પર હસ્તાક્ષર કરવાને કારણે 1942માં તેમની ધરપકડ કરવામાં આવી અને માર્ચ 1945 સુધીના ત્રણ વર્ષ કોંગ્રેસ કાર્યસમિતિના સભ્યો સાથે અહમદનગર કિલ્લામાં વીતાવવા પડ્યા. અંતે, ખરાબ તબિયતના આધારે તેઓ જેલમાંથી બહાર આવવામાં સફળ રહ્યા. પંડિત ગોવિંદ વલ્લભ પંત સંયુક્ત પ્રાંતના પ્રધાન (1937થી 1939 સુધી), ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી (1946થી 1954 સુધી) અને કેન્દ્રીય ગૃહમંત્રી (1955થી 1961 સુધી) હતા. 1957માં લોકસેવા બદલ તેમને દેશના સર્વોચ્ચ સન્માન ભારત રત્નથી નવાજવામાં આવ્યા. આ ઉપરાંત, તેઓ રાજ્યસભાના સભ્ય પણ રહ્યા. આઝાદી મળ્યા બાદ તેઓ ઉત્તરપ્રદેશના પ્રથમ મુખ્યમંત્રી બન્યા. મહાન દેશભક્ત, કુશળ વહીવટકાર, પ્રખર વક્તા, તર્કશાસ્ત્રી ડો. પંતે જમીનદાર પ્રથાની નાબૂદી, વન સંરક્ષણ, મહિલા અધિકારો, આર્થિક સ્થિરતા અને નબળાં વર્ગોની આજીવિકા જેવા કાર્યોમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી બન્યા પછી તેમણે ભારતીય નાગરિકોનાં લોકશાહી અધિકારો અને સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રીત કર્યું. તેમણે હિન્દીને રાષ્ટ્ર ભાષા બનાવવાને પણ સમર્થન કર્યું હતું.

**તેઓ 18 વર્ષનાં હતા ત્યારે ગોપાલકૃષ્ણ ગોખલે અને મદનમોહન માલવિયને પોતાના આદર્શ માનીને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સત્રોમાં સ્વયંસેવક તરીકે સેવા કરવાનું શરૂ કર્યું**

# ટી કે માધવનઃ જેમના આંદોલનને કારણે કેરળમાં અસ્પૃશ્યતા નાબૂદ થઈ



ટી કે માધવન
જન્મઃ 2 સપ્ટેમ્બર, 1885
મૃત્યુઃ 27 એપ્રિલ, 1930

**આઝાદીનો સંઘર્ષ માત્ર એક રાજકીય આંદોલન નહોતું, તે રાષ્ટ્રીય પુનરુત્થાન અને સામાજિક-સાંસ્કૃતિક જાગૃતિ માટેનું આહવાન પણ હતું. કેરળના વાયકોમમાં અસ્પૃશ્યતા વિરુધ્ધના આવા જ એક આંદોલનના નાયક હતા માધવન**

ટી કે માધવન ભારતીય સમાજ સુધારક, પત્રકાર, ક્રાંતિકારી અને સ્વતંત્રતાસેનાની હોવાની સાથે સાથે પાક્કા ગાંધીવાદી હતા જેમણે અહિંસા દ્વારા અસ્પૃશ્યતા સામેન લડાઈનું નેતૃત્વ કર્યું અને વાયકોમ (કેરળ) સત્યાગ્રહને સફળ પણ બનાવ્યો. તેમનો જન્મ 2 સપ્ટેમ્બર, 1885નાં રોજ કેરળના કાર્તિકપલ્લીમાં એક સાધનસંપન્ન પરિવારમાં થયો હતો. લોકો પ્રેમથી તેમને ટી કે કહીને બોલાવતા હતા. તેમના પિતાનું નામ કેસવન ચન્નાર અને માતાનું નામ ઉમ્મીની અમ્મા હતું. આઝાદીનો સંઘર્ષ માત્ર એક રાજકીય આંદોલન નહોતું, પણ તે રાષ્ટ્રીય પુનરુત્થાન અને સામાજિક-સાંસ્કૃતિક જાગૃતિ માટેનું આહવાન પણ હતું. અસ્પૃશ્યતાની કુપ્રથા સામે તેમણે વાયકોમ સત્યાગ્રહ (1924-25)નું નેતૃત્વ કર્યું. આ આંદોલન દરમિયાન કેરળના તિરુનેલવેલીમાં મહાત્મા ગાંધી સાથે તેમની મુલાકાત થઈ.

તેમણે આ લડાઈમાં ગાંધીજીની મદદ માગી અને તેમને વાયકોમ આવવા માટે મનાવી લીધા. વાયકોમ સત્યાગ્રહ કેરળના પછાત વર્ગના લોકોનો સંઘર્ષ હતો. તેઓ દક્ષિણ કેરળના એક નાના મંદિરના રસ્તા પર ચાલવાના અધિકાર માગતા હતા. કહેવાય છે કે ટી કે માધવનના આગ્રહને કારણે જ ગાંધીજી આ મુદ્દાને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના એજન્ડમાં સામેલ કરવા સંમત થયા અને તેને પોતાનું સમર્થન આપ્યું. વાયકોમ સત્યાગ્રહમાં ભાગ લેવાને કારણે 1924માં તેમની ધરપકડ કરવામાં આવી. એટલું જ નહીં, માધવનની સાથે બીજાં અનેક સત્યાગ્રહીઓની પણ ધરપકડ કરવામાં આવતા સત્યાગ્રહના સમર્થનમાં સમગ્ર દેશમાંથી સ્વયંસેવકો વાયકોમ આવવા લાગ્યા. દેશભરમાં આ આંદોલનની ચર્ચા થવા લાગી અને પોતાનું સમર્થન આપવા માંડ્યા. આખરે માર્ચ, 1925માં ગાંધીજીના નેતૃત્વમાં ત્રાવણકોરની મહારાણી અને આંદોલનકારીઓ વચ્ચે મંદિરમાં પ્રવેશ મુદ્દે સમજૂતિ થઈ. માધવન કુશળ નેતૃત્વકર્તાની સાથે સાથે સારા વક્તા અને લેખક પણ હતા, જેઓ અસરકારક રીતે પોતાની વાત મૂકવા માટે જાણીતા હતા. તેમણે 'દેશાભિમાન' નામનું એક અખબાર પણ શરૂ કર્યું હતું, જેમાં તેઓ લખતા પણ હતા જેથી લોકો સુધી પોતાની વાત પહોંચાડી શકાય અને તેમને જાગૃત કરી શકાય. તેમણે 1925માં કાનપુરમાં યોજાયેલા કોંગ્રેસ સંમેલનમાં પણ ભાગ લીધો હતો. ચેટ્ટીકુલંગારામાં તેમના માનમાં એક સ્મારક બનાવવામાં આવ્યું છે. 1964માં નાંગિયાર્કુલંગરામાં તેમનાં નામે એક કોલેજ પણ શરૂ કરવામાં આવી હતી. ●

**માધવન એક કુશળ નેતૃત્વકર્તાની સાથે સાથે સારા વક્તા અને લેખક પણ હતા, જેઓ પોતાની વાતને અસરકારક રીતે રજૂ કરવા માટે જાણીતા હતા.**


# કોવિડ રસીકરણ

## મજબૂત થઈ રહેલું સુરક્ષા ચક્ર

**વૈશ્વિક મહામારી કોવિડ-19થી બચવા માટેનો એક જ અસરકારક ઉપાય છે- રસીકરણ. એટલાં માટે જ ભારત સરકાર રસીકરણ પર ખાસ ભાર મૂકી રહી છે અને કોવિડ વિરુધ્ધ 'ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટ'ની સાથે સાથે વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન ચલાવી રહ્યું છે. ભારતમાં 25 ઓગસ્ટ સુધી 60 કરોડ લોકોને રસી આપવામાં આવી છે અને દેશ રસીકરણમાં દરરોજ નવા વિક્રમ સર્જી રહ્યો છે.**

ભારતમાં રસીકરણ કવરેજ 60 કરોડના ઐતિહાસિક સ્તરને પાર થઈ ગયું છે અને સૌથી વધુ લોકોને રસી મૂકવાની બાબતમાં તે વિશ્વમાં પ્રથમ ક્રમે પહોંચી ગયું છે. ભારત પછી અમેરિકાનો ક્રમ આવે છે. એ પછી બ્રાઝિલ, મેક્સિકો, જર્મની, બ્રિટન અને ફ્રાંસનો નંબર આવે છે. ભારતમાં રસીકરણ કાર્યક્રમની શરૂઆત 16 જાન્યુઆરીથી થઈ હતી અને સરકારે પહેલાં જ જાહેરાત કરી દીધી હતી કે આ પ્રક્રિયા તબક્કાવાર રીતે થશે, જેમાં આરોગ્યકર્મીઓ અને ફ્રન્ટલાઇન વર્કર્સને પ્રાથમિકતા આપવામાં આવી હતી. 1 માર્ચથી શરૂ થયેલા બીજા તબક્કામાં 45 વર્ષથી ઉપરની ઉંમરના તમામ નાગરિકોને રસી આપવામાં આવી. એ પછી સરકારે 1 મેથી 18-45 વર્ષની વયજૂથના તમામ લોકોને રસી આપવાની યોજના જાહેર કરી. ત્યારબાદ વડાપ્રધાને 21 જૂનથી 18 વર્ષથી ઉપરની વયના તમામ લોકોને મફતમાં રસી આપવાનું અભિયાન શરૂ કર્યું. આ અભિયાનના પ્રથમ દિવસે જ 86 લાખ લોકોને રસી આપવામાં આવી. ભારતમાં હાલમાં કોવિડનો રિકવરી રેટ 97.48 ટકાએ પહોંચી ગયો છે. એક અનુમાન પ્રમાણે ભારતમાં 18 વર્ષથી ઉપરની વયના લોકોની સંખ્યા 95 કરોડ છે, જેમનું રસીકરણ ચાલી રહ્યું છે. સાથે સાથે, બાળકો માટે રસી બનાવવાનું કામ પણ ઝડપથી ચાલી રહ્યું છે. આશા છે કે બહુ જલ્દી બાળકોનું રસીકરણ પણ શક્ય બનશે. કોવેક્સિન બનાવનારી કંપની ભારત બાયોટેક નેઝલ વેક્સિન પણ બનાવી રહી છે, જે ઈન્જેક્શન દ્વારા આપવામાં આવતી રસી જેટલી જ અસરકારક હોઈ શકે છે. આ રસી નાક વાટે આપવામાં આવશે. કિંમત અને લોકોની પહોંચની રીતે જોઈએ તો ભારતમાં બનેલી રસી વિશ્વના કોઈ પણ દેશ કરતા સારી છે. સરકાર સંપૂર્ણ પ્રતિબધ્ધતા સાથે કોવિડ-19 રસીકરણની

**નવા કેસો અને સક્રિય કેસોમાં થયેલો તીવ્ર ઘટાડો**




**60 કરોડ ડોઝ કોવિડ રસીના અપાઈ ચૂક્યા છે 25 ઓગસ્ટ સુધી**





“

**આપણા વૈજ્ઞાનિકો, ઉદ્યોગસાહસિકોની તાકાતનું એ પરિણામ છે કે ભારતે આજે રસી માટે કોઇ બીજા દેશ પર આધાર નથી રાખવો પડતો. તમે કલ્પના કરો, એક ક્ષણ માટે વિચારો. જો ભારત પાસે પોતાની રસી ન હોત તો શું થાત? પોલિયોની રસી મેળવવામાં આપણાં કેટલા વર્ષો વીતી ગયા હતા.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

ઝડપ વધારી રહી છે અને તેનો વ્યાપ પણ વધી રહ્યો છે. જો કે, કોવિડ-19 વિરુધ્ધની લડાઈ હજુ અધૂરી છે, એટલાં માટે જ સરકાર કોવિડ પ્રોટોકોલનું કડક પાલન કરવાની સાથે સાથે રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન અંતર્ગત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મફતમાં કોવિડનાં ડોઝ ઉપલબ્ધ કરવામાં તેમની મદદ કરી રહી છે. ભારતમાં રસીકરણ અભિયાન સફળતાપૂર્વક ચાલી રહ્યું છે, તો તેનાં માટે આપણા વૈજ્ઞાનિકો, રસી બનાવનારી કંપનીઓ ઉપરાંત કોવિન જેવી ઓનલાઇન વ્યવસ્થા, ડિજિટલ સર્ટિફિકેટ જેવાં પરિબળો જવાબદાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી 15 ઓગસ્ટે કરેલા સંબોધનમાં કોવિડ-19નો ઉલ્લેખ કર્યો અને દેશવાસીઓના સંયમ અને ધીરજની પ્રશંસા કરી.

## વિદેશી નાગરિકો પણ ભારતમાં રસી લઈ શકશે

કોવિડ-19થી સલામતી સુનિશ્ચિત કરવાની ઐતિહાસિક પહેલનાં ભાગ રૂપે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ભારતમાં રહેતા નાગરિકોને કોવિડ-19 રસી આપવા માટે કોવિન પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાની મંજૂરી આપવાનો નિર્ણય કર્યો છે. વિદેશી નાગરિકો કોવિન પોર્ટલ પર રજીસ્ટ્રેશન માટે ઓળખ દસ્તાવેજ તરીકે પોતાના પાસપોર્ટનો ઉપયોગ કરી શકે છે. રજીસ્ટ્રેશન કર્યા બાદ રસી લગાવવા માટે તેમને સ્લોટ આપવામાં આવશે. આ નિર્ણયથી ભારતમાં રહેતા વિદેશી નાગરિકોને સલામતીની ખાતરી થશે. આને કારણે ભારતમાં રહેતા અને રસી ન લગાવી હોય તેવી વ્યક્તિઓ દ્વારા સંક્રમણ ફેલાવાની સંભાવનાઓ પણ ઓછી થશે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં ખાસ કરીને મહાનગરોમાં મોટી સંખ્યામા વિદેશી નાગરિકો રહે છે. આ વિસ્તારોમાં ગીચ વસતિ હોવાથી કોવિડ ફેલાવાની સંભાવના વધુ છે. આ પ્રકારના સંક્રમણની સંભાવનાઓને જોતાં તમામ પાત્ર લોકોએ રસીકરણ કરવું જરૂરી છે.

## સ્વાઇન ફ્લુ કોવિડ નથી

કોવિડ જેવા લક્ષણ, પણ કોવિડ નહીં. આજકાલ આવા અનેક કેસો સામે આવી રહ્યા છે, જેમાં લોકોને તાવ, શ્વાસ લેવામાં તકલીફ, માથું દુઃખવું જેવી તકલીફ થાય છે. પણ તપાસ કરતા ખબર પડે છે કે તેમને કોવિડ નથી. આવા દર્દીઓ સ્વાઇન ફ્લુ એચ1એન1થી પીડિત છે. કોવિડના લક્ષણ ધરાવતા દર્દીઓએ ગભરાવાની જરૂર નથી અને પોતાની તપાસ કરાવી લેવી જોઇએ. તપાસ કરવાથી જ ખબર પડશે કે તેમને કોવિડ છે કે સ્વાઇન ફ્લુ. હકીકતમાં, કોવિડની જેમ જ સ્વાઇન ફ્લુની બિમારી પણ સંક્રમક છે, જે એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં ફેલાય છે. તેથી, આ બિમારીથી બચવા માટે સંક્રમિત લોકોથી દૂર રહેવું જોઇએ અને બચાવ માટે માસ્કનો ઉપયોગ કરવો જોઇએ. સ્વાઇન ફ્લુમાં પણ શક્ય હોય તો કોવિડ પ્રોટોકોલનું પાલન કરીને માસ્ક પહેરવું જોઇએ, જેથી તમે સુરક્ષિત રહી શકો. ●

मिडिया कॉर्नर



**PMO India** @PMOIndia
21वीं सदी का आज का भारत, बड़े लक्ष्य गढ़ने और उन्हें प्राप्त करने का सामर्थ्य रखता है।

आज भारत उन विषयों को भी हल कर रहा है, जिनके सुलझने का दशकों से, सदियों से इंतजार था: PM @narendramodi



**रक्षा मंत्री कार्यालय/ RMO India**
हम भारत को शक्तिशाली भारत बनाना चाहते हैं। ऐसा भारत जो दूसरे पर हमला नहीं करना चाहता लेकिन हर चुनौती का मुँहतोड़ जवाब देने में पूरी तर सक्षम है। आने वाले समय में हम एक और भी मज़बू भारत का निर्माण करेंगे: रक्षा मंत्री श्री @rajnathsingh



**Amit Shah** @AmitShah ·
मोदी जी के नेतृत्व में एक ओर देश विकास की नई ऊंचाइयां छू रहा है तो वहीं गरीब व वंचित वर्ग मुख्यधारा से जुड़कर गर्व की अनुभूति कर रहा है।

आइए आज जब देश आजादी का अमृत महोत्सव मना रहा है तब हम नये भारत की समृद्धि व मोदी जी के आत्मनिर्भर भारत के स्वप्न को पूर्ण करने में भागीदार बने।



**Nitin Gadkari** @nitin_gadkari ·
NH-74 पर हरिद्वार के चंडी घाट में 57.42 करोड़ रुपये की लागत से बनने वाले 1.25 किलोमीटर लं अतिरिक्त पुल का निर्माण कार्य प्रगति पर है।
NH-74 हरिद्वार को मुरादाबाद, लखनऊ और नैनीताल से जोड़ने वाला महत्वपूर्ण राष्ट्रीय राजमार्ग है। #PragatiKaHighway



**Dr. S. Jaishankar** @Dr...
A productive UNSC open debate on Maritime Security. UNSC chaired by an Indian PM for the first time. Two Presidents, one PM, and ten Ministers joined PM @narendramodi on this important occasion.



**Bhupender Yadav** @byadav...
The 127th Constitutional Amendment Bill, 2021 brought in by PM Shri Narendra Modi ji's government will ensure social, economic and political justice for all Indians. This is what Indian Constitution framers had envisaged.



# अगले 25 साल अमृतकाल

लाल किले की प्राचीर से प्रधानमंत्री मोदी ने कहा, सबका साथ-सबका विकास-सबका विश्वास और अब सबका प्रयास

# देश को बेहतर बनाने का यही सही समय

# खिलाड़ियों ने युवा पीढ़ी को प्रेरित किया : मोदी

RNI No. :
DELGUJ/2020/78810
September, 1-15, 2021

New India SAMACHAR Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date August 23, 2021, Pages - 56)

# જ્યારે પૂર્વ સાથે પશ્ચિમનું મિલન થયું....

## શિકાગોમાં ધર્મસંસદમાં કરેલા ભાષણની 128મી વર્ષગાંઠ પર સ્વામી વિવેકાનંદજીને રાષ્ટ્રનાં સાદર નમન.



11 સપ્ટેમ્બર, 1893 માત્ર એક તારીખ નથી, પણ ઈતિહાસના પાના પર અંકિત થયેલું એ પૃષ્ઠ છે જ્યારે શિકાગોની ધર્મસંસદમાં સ્વામી વિવેકાનંદે ભાષણ આપ્યું હતું. એ દિવસે વિશ્વએ પ્રથમ વાર ભારતીયતાના દર્શન કર્યા, ભારતીય સંસ્કૃતિને જાણી. સ્વામી વિવેકાનંદે શિકાગોમાં વિશ્વને વૈદિક દર્શનનું જ્ઞાન આપ્યું અને ભારતનાં સમૃધ્ધ અતીત અને અપાર ક્ષમતાની યાદ અપાવી. તેમણે આપણને ગુમાવેલો વિશ્વાસ, પોતાનું ગર્વ અને મૂળિયાં પાછા અપાવ્યા. તેમણે સમગ્ર વિશ્વ પર પોતાની છાપ છોડી એટલું જ નહીં, દેશના સ્વતંત્રતા આંદોલનને નવી ઊર્જા અને નવો વિશ્વાસ પણ આપ્યો. શિકાગોના એ ઐતિહાસિક ભાષણમાં સ્વામી વિવેકાનંદે કહ્યું હતું, “મને ગર્વ છે કે હું એ ધર્મનો છું, જેણે વિશ્વને સહિષ્ણુતા અને સાર્વભૌમિક સ્વીકૃતિનો પાઠ ભણાવ્યો છે. આપણે માત્ર સાર્વભૌમિક સહિષ્ણુતા પર જ વિશ્વાસ નથી કરતા, આપણે તમામ ધર્મોને સત્યના સ્વરૂપમાં સ્વીકારીએ છીએ.”

> “સ્વામી વિવેકાનંદજીએ દેશનાં લોકોમાં ‘આપણે કરી શકીએ છીએ, આપણે સક્ષમ છીએ’ની ભાવના જન્માવીને જાગૃત કર્યા. આ આત્મવિશ્વાસ છે, આ વિશ્વાસ યુવા સંન્યાસીના લોહીના એક એક ટીપાંમાં હતો. તેમનો મંત્ર હતો, ‘પોતાનામાં વિશ્વાસ કરો, દેશને પ્રેમ કરો.’ સ્વામીજીના આ વિઝન સાથે ભારત સંપૂર્ણ વિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. જો આપણે પોતાનામાં વિશ્વાસ કરીએ તથા આકરી મહેનત કરવાની પ્રતિજ્ઞા લઇએ તો આપણે શું ન કરી શકીએ? સ્વામી વિવેકાનંદની પ્રેરણાથી આપણે એક નવા ભારતનું નિર્માણ કરવાનું છે.”
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by:** **Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from** **Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020